ઘનશ્યામ ચરિત્ર

॥ શ્રીસ્વામિનારાયણો વિજયતે ॥

પ્રમુખસ્વામી મહારાજ દ્વારા પ્રેરિત
સત્સંગ શિક્ષણ શ્રેણીનું પાઠ્યપુસ્તક : ૮

ઘનશ્યામ ચરિત્ર

લેખક

પ્રૉ. રમેશ એમ. દવે

પ્રકાશક

સ્વામિનારાયણ અક્ષરપીઠ

શાહીબાગ રોડ, અમદાવાદ - ૩૮૦ ૦૦૪

GHANSHYAM CHARITRA (Gujarati Edition)
(Childhood stories of Bhagwan Swaminarayan)

By Ramesh M. Dave

A textbook for examination prescribed under the curriculum set by B.A.P.S. Swaminarayan Sanstha.

Inspirer: HDH Pramukh Swami Maharaj

Presented by:
B.A.P.S. SWAMINARAYAN SANSTHA
Shahibaug, Amdavad - 380 004. India.

Publishers:
SWAMINARAYAN AKSHARPITH
Shahibaug, Amdavad - 380 004. India.

27th Edition:
November 2018. Copies: 20,000 (Total Gujarati Copies: 3,26,000)

ISBN: 978-81-7526-577-6

રજૂકર્તા : બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા
શાહીબાગ, અમદાવાદ - ૩૮૦ ૦૦૪.

પ્રેરણામૂર્તિ : પ્રગટ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ

સત્તાવીસમી આવૃત્તિ : નવેમ્બર ૨૦૧૮

પ્રત : ૨૦,૦૦૦ (કુલ ગુજરાતી પ્રત : ૩,૨૬,૦૦૦)

કિંમત : રૂ. ૨૦-૦૦ (સ્વામિનારાયણ અક્ષરપીઠના સૌજન્યથી
મૂળ કિંમત રૂ. ૩૦-૦૦માંથી ઘટાડેલી કિંમત)

મુદ્રક અને પ્રકાશક :
સ્વામિનારાયણ અક્ષરપીઠ
શાહીબાગ, અમદાવાદ - ૩૮૦ ૦૦૪

કૃપાકથન

બ્રહ્મસ્વરૂપ સ્વામીશ્રી યોગીજી મહારાજે સ્થાપેલી અને પોષેલી યુવકપ્રવૃત્તિ ઘણા વેગથી વિસ્તાર પામતી જાય છે. આ યુવકપ્રવૃત્તિમાં જોડાતા યુવકોની આકાંક્ષાઓ અને જ્ઞાનપિપાસાને સંતોષવા અને તેમને ભગવાન સ્વામિનારાયણે સ્થાપેલ અક્ષરપુરુષોત્તમના સિદ્ધાંત અભિમુખ કરવા બી.એ.પી.એસ. એટલે કે બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થાએ અભ્યાસક્રમ નિયત કરેલ છે તેની ક્રમબદ્ધ પુસ્તિકાઓના પ્રકાશનની યોજના સ્વામિનારાયણ અક્ષરપીઠે ઘડી છે.

આ પુસ્તિકાઓ દ્વારા પાઠશાળા ધોરણે સત્સંગનાં બાળકો તથા યુવકોને વ્યવસ્થિત એકધારું અને શુદ્ધ જ્ઞાન સરળ ભાષામાં આપવાનું વિચાર્યું છે. ભગવાન સ્વામિનારાયણે સ્થાપેલ આદર્શોના પાલન અને પ્રચાર માટે બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજે સ્થાપેલ આ સંસ્થા, આ પ્રવૃત્તિ દ્વારા એ આદર્શોનો, સંપ્રદાયની એ ભવ્ય પ્રણાલીનો અને તે દ્વારા મહાન હિંદુ ધર્મની સંસ્કૃતિનો પ્રચાર કરશે.

સ્વામિનારાયણ ભગવાનનો એ દિવ્ય સંદેશ જગતને ખૂણે ખૂણે પહોંચાડવાની આ પ્રવૃત્તિની નેમ છે. જુદી જુદી ભાષાઓમાં આ પુસ્તિકાઓનું પ્રકાશન થાય તે માટે યોજના ઘડી છે. આશા છે કે સંપ્રદાયના અને સંપ્રદાયેતર સૌ ધર્મપ્રેમી મુમુક્ષુઓ આ પ્રવૃત્તિને આવકારશે અને તેમાં તન, મન અને ધનથી સંપૂર્ણ સહયોગ આપશે.

બાળકો તથા યુવકોને પ્રોત્સાહિત કરવા આ પુસ્તિકાઓને આધારે પરીક્ષાઓ લઈ તેમને પ્રમાણપત્રો આપવામાં આવશે. આ પુસ્તિકા તૈયાર કરવામાં પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામી, રમેશભાઈ દવે તથા કિશોરભાઈ દવે તથા જેમણે સહકાર આપ્યો છે તે સૌને રૂડા આશીર્વાદ છે.

– શાસ્ત્રી નારાયણસ્વરૂપદાસ(પ્રમુખસ્વામી મહારાજ)ના
ઘણા જ હેતપૂર્વક
જય શ્રી સ્વામિનારાયણ.

નિવેદન

આપણા ઈષ્ટદેવ પરબ્રહ્મ પુરુષોત્તમ શ્રી સહજાનંદ સ્વામીનું દિવ્ય જીવન-ચરિત્ર સંપ્રદાયના અનેક ગ્રંથોમાં છવાયેલું છે. તેનું સંકલન કરી ત્રણ ભાગમાં વહેંચ્યું છે : 'ઘનશ્યામ ચરિત્ર', 'નીલકંઠ ચરિત્ર', 'સહજાનંદ ચરિત્ર'. આ પ્રથમ ભાગમાં પ્રાગટ્યથી લઈ ગૃહત્યાગ સુધીનાં ચરિત્રો છે. બાલ્યાવસ્થામાં પ્રભુનું લાડકું નામ 'ઘનશ્યામ' હતું, તેથી આ પ્રથમ ભાગને 'ઘનશ્યામ ચરિત્ર' નામ આપ્યું છે.

'ઘનશ્યામ ચરિત્ર' હવેથી આપને બહુરંગી ચિત્રો સહિત માણવા મળશે. પ્રસ્તુત નવસંસ્કરણ આબાલવૃદ્ધ સૌ કોઈને ગમશે.

ભગવાન સ્વામિનારાયણના બાલ્ય-જીવનનો આ અલ્પ પરિચયમાત્ર છે. રોચક શૈલીમાં આલેખાયેલ બાળ ઘનશ્યામનાં ચરિત્રોમાં મનને ગૂંચવી દઈએ. પ્રત્યેક ક્રિયામાં ઊપસતી એમની લોકોત્તર પ્રતિભાનું દર્શન કરીએ.

સત્સંગ શિક્ષણ પરીક્ષાના અભ્યાસક્રમના એક ભાગ રૂપે સત્સંગ પ્રારંભ માટેની આ પુસ્તિકા છે.

સ્વામીશ્રીજી તથા બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ તથા પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજને રાજી કરવા સત્સંગી બાળકો, યુવાનો તથા જિજ્ઞાસુઓ આ અભ્યાસક્રમ તૈયાર કરી, સત્સંગની પરીક્ષાઓમાં ઉચ્ચ પ્રમાણપત્રો મેળવે એ જ અભ્યર્થના !

– સંપાદક મંડળ



અમે સૌ સ્વામીના બાળક, મરીશું સ્વામીને માટે,
અમે સૌ શ્રીજીતણા યુવક, લડીશું શ્રીજીને માટે.

નથી ડરતા નથી કરતા, અમારા જાનની પરવા,
અમારે ડર નથી કોઈનો, અમે જન્મ્યા છીએ મરવા.

અમે આ યજ્ઞ આરંભ્યો, બલિદાનો અમે દઈશું,
અમારા અક્ષરપુરુષોત્તમ, ગુણાતીત ગાનને ગાઈશું.

અમે સૌ શ્રીજીતણા પુત્રો, અક્ષરે વાસ અમારો છે,
સ્વધર્મી ભસ્મ ચોળી તો, અમારે ક્ષોભ શાનો છે.

જુઓ સૌ મોતીના સ્વામી, ન રાખી કાંઈ તે ખામી,
પ્રગટ પુરુષોત્તમ પામી, મળ્યા ગુણાતીત સ્વામી.

ક્રમિકા

૧. ઘનશ્યામનો જન્મ ૧
૨. બાળપ્રભુનું પરાક્રમ ૩
૩. રામદયાળને દર્શન ૫
૪. પ્રભુનું નામ પાડ્યું....................... ૬
૫. પુત્રની પરીક્ષા........................... ૭
૬. ઘનશ્યામે કાન વીંધાવ્યા. ૮
૭. લક્ષ્મીજીને વરદાન ૧૦
૮. સિદ્ધિઓ પ્રભુની સેવામાં ૧૧
૯. ખીચડીને બદલે દૂધપાક............ ૧૩
૧૦. વાળંદને ચમત્કાર.................... ૧૫
૧૧. કાલિદત્ત મરણને શરણ ૧૬
૧૨. ટાઢે પાણીએ બળિયા ગયા......... ૧૮
૧૩. માછલીઓ સજીવન કરી........... ૧૯
૧૪. ચકલાંઓને સમાધિ.................. ૨૧
૧૫. વાંદરાને સમાધિ..................... ૨૩
૧૬. વાંદરાઓને મેથીપાક ચખાડ્યો.... ૨૪
૧૭. રામદત્તને કેરી ચખાડી ૨૫
૧૮. મુમુક્ષુ કઈ દિશામાં છે ?........... ૨૮
૧૯. એક સાથે અનેક મંદિરે દર્શન ૨૯
૨૦. ભૂતિયો કૂવો.......................... ૩૦
૨૧. મલ્લોનો પરાજય..................... ૩૨
૨૨. કંદોઈને પરચો ૩૫
૨૩. ખાંપા તળાવડી....................... ૩૭
૨૪. સોળ ચિહ્નો ૪૦
૨૫. ઘનશ્યામે હિંસા બંધ કરાવી....... ૪૩
૨૬. મહાવતની રક્ષા કરી................ ૪૫
૨૭. નવી બત્રીસી ૪૭
૨૮. બાળમિત્રોને જમાડ્યા ૪૮
૨૯. હજારોને જમાડ્યા અને અભિમાન તોડ્યું........ ૫૦
૩૦. લક્ષ્મીબાઈને ચમત્કાર ૫૩
૩૧. એકાદશીનો મહિમા ૫૬
૩૨. ઘનશ્યામને જનોઈ આપી ૫૭
૩૩. રામચંદ્રરૂપે દર્શન..................... ૫૯
૩૪. પથ્થર ઉપર પાણીમાં મુસાફરી ૬૧
૩૫. માસીને પરચો........................ ૬૨
૩૬. બધી રસોઈ જમી ગયા............. ૬૪
૩૭. ગૌરી ગાયની શોધમાં ૬૬
૩૮. પાણી ઉપર ચાલ્યા ૬૭
૩૯. ચોર ચોંટી ગયા...................... ૬૯
૪૦. બે સ્વરૂપે દર્શન....................... ૭૧
૪૧. આંધળાને દેખતો કર્યો.............. ૭૩
૪૨. નિત્યક્રમ............................... ૭૫
૪૩. કાશીમાં વિશિષ્ટાદ્વૈત મતનું સ્થાપન.................. ૭૬
૪૪. ભક્તિમાતા અને ધર્મપિતાનો દેહોત્સર્ગ ૭૮
૪૫. ઘનશ્યામનો ગૃહત્યાગ.............. ૭૯
૪૬. સરયૂને તીરે ૮૩
૪૭. ભાભીનો વિલાપ ૮૩

ઘનશ્યામ ચરિત્ર



૧. ઘનશ્યામનો જન્મ

અયોધ્યા પાસે નાનકડું છપૈયા નામનું રળિયામણું ગામ છે. ગામની ફરતે ઘટાદાર વડ, પીપળા, આંબા, આંબલી, જમરૂખ, દાડમનાં વૃક્ષો છે. ગામની ચારે બાજુ જાંબુનાં વન છે. ત્યાં આખો દિવસ પંખીઓનો કિલકિલાટ, કોયલ, મેના, દેવચકલી, પોપટ અને મોરના મીઠા ટહુકા સંભળાય. નાની શેરીઓ, મંદિરો અને મેડીઓથી ગામ આખું શોભે.

સંવત ૧૮૩૭ના ચૈત્ર સુદ નવમીનો દિવસ (સોમવાર, તા. ૩-૪-૧૭૮૧) અને રાતના દસ વાગ્યાનો સમય છે. બસ, તે જ વખતે ધર્મદેવના ઘરની બહાર બાળકો આનંદથી નાચે છે. કેટલીય સ્ત્રીઓ ગીતો ગાતી ગાતી, થાળીમાં કંકુ, ગુલાલ, ફૂલની માળા અને રેશમી વસ્ત્રો લઈને હસતી હસતી ધર્મદેવને ઘેર જાય છે. આજે તો તેમના ઘરની આસપાસ ખૂબ ભીડ થઈ છે. બહાર યજ્ઞશાળામાં બ્રાહ્મણો મંત્રો બોલે છે. ધર્મદેવ ઊભાં ઊભાં બ્રાહ્મણોને, ગરીબોને અને સાધુ-સંતોને ઘરેણાં, વસ્ત્રો અને ગાયો દાનમાં આપી રહ્યા છે. ઘરની આસપાસ દીવાની દીપમાળા ચારેકોર ઝળહળે છે. નોબત અને શરણાઈઓ વાગી રહી છે.



આટલો બધો આનંદ રાતે શા માટે ? આજે તો ધર્મદેવ-ભક્તિમાતાને ત્યાં પુત્રનો જન્મ થયો છે. ભગવાન શ્રી પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણે પોતે જ ભક્તિમાતાને ત્યાં જન્મ લીધો છે; આજે તો ભગવાન બાળક બનીને જન્મ્યા છે.

બાળકના શરીરમાંથી તેજ નીકળ્યું. તેજથી આખું ઘર ભરાઈ ગયું.



પ્રકાશ જોઈને બધાં આશ્ચર્યચકિત થઈ ગયાં.

દેવો વિમાનમાં બેસીને ધર્મદેવના પુત્રનાં દર્શન કરવા આવ્યા. દેવોએ આકાશમાંથી ફૂલો અને ચંદનનો વરસાદ વરસાવ્યો. ચારેકોર જય જયનાદ થઈ ગયો !

૨. બાળપ્રભુનું પરાક્રમ

કાલિદત્ત નામનો એક રાક્ષસ હતો. તે પાપીઓનો સરદાર હતો. તેને ખબર પડી કે ધર્મદેવને ઘેર પ્રભુ પ્રગટ્યા છે તેથી તે એકદમ આકુળ-વ્યાકુળ થઈ ગયો.

એક દિવસ વહેલી સવારે તેણે બધી કૃત્યાઓને હુકમ કર્યો : ‘જાઓ, ધર્મદેવને ઘેર જઈ બાળપ્રભુને મારી નાખો.’

કૃત્યાઓ એટલે રાક્ષસીઓ. હુકમ થયો એટલે બધી જ કૃત્યાઓ છપૈયા ગામમાં આવી અને ધર્મદેવનું ઘર શોધવા લાગી.

કૃત્યાઓ બધી કાળી કાળી મેશ, લાલઘૂમ આંખો, મોટા મોટા અણીદાર દાંત, કદરૂપાં મોઢાં અને બિહામણો અવાજ. કૃત્યાઓ દોડતી ધર્મદેવના ઘર પાસે આવી. તેમણે હળવેથી અંદર જોયું તો ભક્તિમાતા બાળપ્રભુને દૂધ પાતાં હતાં. કૃત્યાઓ ધીમે પગલે અંદર આવી અને તરત જ બાળપ્રભુને ઉપાડીને આંબાના વન તરફ દોડવા લાગી.

આંબાના વનમાં પવનપુત્ર હનુમાનજી રહે. તેમણે કૃત્યાઓને બાળ-પ્રભુને લઈને દોડી જતી જોઈ. તરત જ કૂદકા મારતા તેઓ કૃત્યાઓ પાસે પહોંચી ગયા. મોટી કૃત્યાના હાથમાંથી બાળપ્રભુને લઈ લીધા. પછી ?

પછી તો તેમણે બધી કૃત્યાઓને પકડી. બધાના ચોટલા પોતાના પૂંછડા સાથે બાંધ્યા અને પૂંછડું જોરજોરથી જમીન સાથે પછાડવા માંડ્યું. વળી, કેટલીકને તો માથાના વાળ ખેંચીને મારી, કેટલીકને હવામાં અધ્ધર ફેરવીને પછાડી.

બધીએ ચીસાચીસ અને રોકકળ કરી મૂકી. દરેકનાં હાડકાં ખોખરાં થઈ ગયાં. બધી કૃત્યાઓએ રોતાં રોતાં માફી માગી : ‘અમને છોડી મૂકો. હવે અમે છપૈયામાં ફરી નહીં આવીએ.’

બહુ આજીજી કરી ત્યારે હનુમાનજીએ તેમને છોડી, પછી તેમની

પાછળ દોડ્યા. બધી કૃત્યાઓ મૂઠી વાળીને દૂર ભાગી ગઈ.

બાળપ્રભુને લઈને હનુમાનજી દોડતાં દોડતાં ગામમાં પાછા આવ્યા. ભક્તિમાતાને બાળપ્રભુ પાછા આપ્યા, પગે લાગ્યા અને કહ્યું : 'મા ! તમારો આ બાળક તો ભગવાન છે અને હું તેમનો સેવક છું. જ્યારે મારી જરૂર હોય ત્યારે સેવા કરવા મને બોલાવજો, હું તમારી સેવામાં હાજર થઈ જઈશ.'

હનુમાનજી અદૃશ્ય થઈ ગયા. ભક્તિમાતાએ પ્રભુને ગોદમાં લીધા ને છાતીસરસા ચાંપીને વહાલ કરવા લાગ્યાં.

ભાગી ગયેલી કૃત્યાઓએ કાલિદત્તને બધી વાત કહી. કૃત્યાઓ કહે : 'હવે અમે છપૈયા બાળપ્રભુને લેવા નહીં જઈએ. બાળપ્રભુના હનુમાનજી નામના સેવક છે. તેમણે તો અમને મારી મારીને અધમૂઈ કરી નાખી.'

આ સાંભળી કાલિદત્ત વધુ ક્રોધે ભરાયો. તેણે કોટરા નામની સૌથી મોટી કૃત્યાને બાળપ્રભુને મારી નાખવા મોકલી.

કોટરા તો પ્રભુના ઘરની સામે આવીને ઊભી રહી. પ્રભુ એકલા પડે તેની રાહ જોવા લાગી. પ્રભુ તો બધુંય જાણે, એટલે પ્રભુએ વાંકી નજરે કોટરા સામું જોયું અને તરત જ કોટરા બળવા લાગી.

'બળું છું, મરું છું', એવી મોટી ચીસો પાડતી, પગ તરફડાવતી કોટરા





ત્યાં ને ત્યાં જ મરી ગઈ. મોટા પહાડ જેવી કોટરાને પ્રભુએ જરાક વારમાં જ ધામમાં પહોંચાડી દીધી.

કોટરાને જોઈને બીજાં બાળકો તો ડરી ગયાં. લોકો નવાઈ પામી ગયાં. ધર્મદેવ અને ભક્તિમાતા પણ ગભરાઈ ગયાં. બાળપ્રભુને અંદરના ઓરડામાં લઈ ગયાં અને પોઢાડી દીધા.

૩. રામદયાળને દર્શન

દિવસો જતા ગયા અને પ્રભુનાં પરાક્રમો પણ વધતાં ગયાં. એમ કરતાં કરતાં પ્રભુ અઢી માસના થયા.

એક દિવસ ભક્તિમાતાને કામ હતું, તેથી ઉતાવળે ઉતાવળે પ્રભુને પારણામાં પોઢાડીને રસોડામાં ગયાં. ભક્તિમાતા ગયાં કે તરત જ પ્રભુ પારણામાં બેઠા થઈ ગયા. પોતાની ચૂસણી દૂર પડી હતી, એટલે પારણામાંથી નીચે ઊતર્યા, ઘૂંટણભર ચાલતા જઈને ચૂસણી હાથમાં લીધી અને પાછા



પારણામાં આવી બેસી ગયા.

આ દૃશ્ય ધર્મદેવના મિત્ર રામદયાળે જોયું. તેમણે પૂછ્યું : 'ધર્મદેવ ! તમારા પુત્રની ઉંમર કેટલી ?'


ત્યારે ધર્મદેવે કહ્યું : 'હજુ તો ફક્ત અઢી માસના જ થયા છે.'

આ સાંભળી રામદયાળને થયું કે 'ખરેખર ! આ તો ઈશ્વર જ હોવા જોઈએ. નહીં તો આટલી નાની ઉંમરમાં ચતુરાઈ કેમ આવે ?' એમ વિચાર કરીને રામદયાળ પ્રભુના પારણા પાસે ગયા. પ્રભુની સામે જોયું. પછી તો પ્રભુના શરીરમાંથી તેજનાં કિરણો નીકળવા લાગ્યાં. આખો ઓરડો તેજથી ભરાઈ ગયો. રામદયાળ તો આશ્ચર્યચકિત થઈ ગયા. તેમને ચોક્કસ ખાતરી થઈ કે આ બાળક ભગવાન જ છે.

૪. પ્રભુનું નામ પાડ્યું

પ્રભુ દિવસે દિવસે મોટા થતા ગયા. હવે તો ત્રણ માસના થઈ ગયા. તેવામાં માર્કંડેય મુનિ ધર્મદેવને ઘેર પધાર્યા. ધર્મદેવે ઊભા થઈને તેમનો સત્કાર કર્યો. બેસવા માટે સુંદર આસન આપ્યું અને તેમની પૂજા કરી.

પછી ધર્મદેવે કહ્યું : 'તમે બહુ પ્રખ્યાત અને વિદ્વાન જ્યોતિષી છો, તો



તમે મારા પુત્રનું નામ પાડી આપો અને ભવિષ્ય ભાખો.'

માર્કંડેય મુનિ ટીપણું ખોલી આંગળીના વેઢા ગણવા લાગ્યા. થોડી વાર પછી હસતાં હસતાં બોલ્યા : 'તમારા પુત્રનો કર્ક રાશિમાં જન્મ છે તેથી તેમનું નામ 'હરિ' પડશે. વળી, શરીરનો રંગ શ્યામ છે તેથી 'કૃષ્ણ' એ નામથી પણ ઓળખાશે. આ બન્ને નામ ભેગાં કરીએ તો 'હરિકૃષ્ણ' એવું નામ થાય. લોકો એમને 'ઘનશ્યામ' કહીને પણ બોલાવશે. તમારા પુત્રમાં તપ, ત્યાગ, યોગ, ધર્મ, નીતિ, સત્ય, વિવેક બધા જ ગુણો છે તેથી લોકોમાં 'નીલકંઠ' નામથી જાણીતા થશે. તમારો આ પુત્ર પૃથ્વી પર ધર્મનું સ્થાપન કરશે. તમારાં અને લોકોનાં દુઃખોનો નાશ કરશે. દેશમાં ચારેકોર તેમની કીર્તિ ફેલાશે. લોકોને સમાધિ કરાવશે, તેમનો ઉદ્ધાર કરશે. ભગવાનનું ભજન કરાવી સૌને સુખી કરશે.'

આ સાંભળી ધર્મદેવ ખૂબ રાજી થઈ ગયા. તેમણે માર્કંડેય મુનિને સારાં સારાં વસ્ત્રો-આભૂષણો, ગાયો અને સોનામહોરો દક્ષિણામાં આપી વિદાય કર્યા.

૫. પુત્રની પરીક્ષા

એક વખત ધર્મદેવને પુત્રની પરીક્ષા લેવાનું મન થયું. તેમણે ભક્તિ-માતા પાસે બાજોઠ મંગાવ્યો. બાજોઠ પર રેશમી વસ્ત્ર પાથર્યું. પછી તે બાજોઠ



પર એક સોનામહોર, એક પુસ્તક અને એક નાની તલવાર મૂકી. આ ત્રણ વસ્તુઓ મૂકીને જોવા લાગ્યા કે પ્રભુ કઈ વસ્તુ ઉપાડે છે ?

તરત જ પારણામાંથી ઊતરીને પ્રભુ બાજોઠ પાસે આવ્યા અને પુસ્તક હાથમાં ઉપાડી લીધું.

આ જોઈને ધર્મપિતા અને ભક્તિમાતાને ખાતરી થઈ કે ચોક્કસ આ પુત્ર ભણીગણીને વિદ્વાન થશે.

૬. ઘનશ્યામે કાન વીંધાવ્યા

ઘનશ્યામ હવે સાત માસના થયા. ભક્તિમાતાને થયું કે હવે ઘનશ્યામના કાન વીંધાવી લઈએ.

બીજે દિવસે સવારે ભક્તિમાતા ઘનશ્યામને લઈને ઘરની બહાર આવ્યાં. ઘરની સામે જ આંબલીનું ઝાડ હતું. ભક્તિમાતા તેની સામે ઓસરી પર જઈને બેઠાં.

કાન વીંધનારો સોય લઈને ઘનશ્યામની પાસે આવ્યો. હળવેથી ઘનશ્યામનો કાન પકડવા હાથ લાંબો કર્યો. ત્યાં તો ઘનશ્યામના આખા શરીરમાંથી તેજ નીકળવા માંડ્યું. કાન વીંધનારાની આંખો તેજથી અંજાઈ ગઈ. જ્યાં જુએ ત્યાં તેજ દેખાય. તેણે એકદમ ડરીને ચીસ પાડી.

તરત જ ઘનશ્યામે બધું તેજ પોતાના શરીરમાં પાછું સમાવી દીધું અને માતાના ખોળામાંથી અદૃશ્ય થઈ ગયા. માતાએ જોયું તો ઘનશ્યામ આંબલીની ડાળી પર બેઠા હતા.

તે જોઈ ભક્તિમાતાએ રામપ્રતાપભાઈને બૂમ પાડી બોલાવ્યા અને કહ્યું: ‘આ જુઓ ઘનશ્યામ આંબલીના ઝાડ પર બેઠા છે, તો તમે ઝાડ પર ચડીને તેમને ઉતારો.’

રામપ્રતાપભાઈ આંબલીના ઝાડ પર ચડ્યા અને જોયું તો ઘનશ્યામ નીચે ભક્તિમાતા પાસે બેઠા હતા, તેથી રામપ્રતાપભાઈ નીચે ઊતર્યા. માતા પાસે આવીને જોયું તો ઘનશ્યામ માતા પાસે બેઠેલા દેખાયા અને ઉપર જોયું તો આંબલીના ઝાડ પર પણ બેઠેલા દેખાયા.

આ પ્રમાણે ઘણા વખત સુધી રામપ્રતાપભાઈ અને સૌને ઘનશ્યામનાં બે સ્વરૂપે દર્શન થયાં. કાન વીંધનારો તો આ જોઈ ગભરાઈ ગયો !

ત્યાં તો ઘનશ્યામે પોતાનું બીજું સ્વરૂપ આંબલીની ડાળી પરથી અદૃશ્ય કરી દીધું અને બોલ્યા : ‘મને ગોળ ખાવા આપો તો કાન વીંધાવીશ.’

એ સાંભળી ભક્તિમાતાએ કહ્યું : ‘જો ડાહ્યા થઈને કાન વીંધાવવા બેસશો તો ગોળ ખાવા મળશે.’ એમ કહીને ઘરમાંથી ગોળ મંગાવીને ઘનશ્યામને



આપ્યો. એટલે ઘનશ્યામ ભક્તિમાતાના ખોળામાં બેસી ગયા અને ગોળ ખાતાં ખાતાં કાન વીંધાવ્યા.

૭. લક્ષ્મીજીને વરદાન

ભક્તિમાતા હવે ઘનશ્યામને ચાલતાં શીખવતાં હતાં. એક દિવસે સવારે ભક્તિમાતા ઘનશ્યામને આંગળી પકડીને ચલાવતાં ચલાવતાં બહાર ચોકમાં લઈ આવ્યાં. થોડુંક ચાલ્યા પછી ઘનશ્યામ ચોકમાં જ બેસી ગયા.

એવામાં લક્ષ્મીજી સખીઓ સાથે આકાશમાર્ગે નીકળ્યાં. લક્ષ્મીજીએ પોતાની એક સખીને કહ્યું : ‘તું ચકલી બનીને ઘનશ્યામના ઘરના દરવાજા પાસે બેસજે અને ઘનશ્યામ તને પકડવા આવે ત્યારે એક જગ્યાએથી ઊઠીને બીજી જગ્યાએ બેસજે. એવી રીતે ઘનશ્યામને ખૂબ દોડાવજે, પણ પકડાતી નહીં.’

લક્ષ્મીજી આકાશમાંથી અદૃશ્ય રીતે ઘનશ્યામની લીલા જોવા લાગ્યાં.

થોડી વારમાં ફર્ર્ર્ર્ કરતી એક ચકલી આવી અને દરવાજા પાસે બેઠી. તરત જ ઘનશ્યામે હાથ લાંબો કરીને ચકલીને મુઠ્ઠીમાં પકડી લીધી. ચકલીએ પાંખો ફફડાવી પણ ઘનશ્યામના હાથમાંથી છૂટી શકી નહીં. તેથી ચકલીએ ચીં... ચીં... ચીં... ચીસો પાડવા માંડી.

આ જોઈ ભક્તિમાતાને થયું કે જો ચકલી ઘનશ્યામને ચાંચ મારશે, તો લોહી નીકળશે. એમ ધારીને ભક્તિમાતાએ ચકલીને ઘનશ્યામના હાથમાંથી લઈને નીચે મૂકી કે તરત જ ચકલીમાંથી એક સુંદર સ્ત્રી ઊભી થઈ ગઈ.

સ્ત્રીએ હાથ જોડીને ઘનશ્યામને કહ્યું : ‘હું લક્ષ્મીજીની સખી છું. મને લક્ષ્મીજીએ ચકલીનું રૂપ લઈને તમારી પાસે આવવાનું કહ્યું હતું. મારી ચાંચ તમારી હથેળીમાં વાગી હશે. માટે મને માફ કરો.’

આ સાંભળી ઘનશ્યામે તેને આશીર્વાદ આપ્યા.

એટલામાં લક્ષ્મીજી પણ પધાર્યાં. બે હાથ જોડીને તેમણે નમન કર્યું. પછી ધીમેથી લક્ષ્મીજીએ વિનંતી કરી : ‘મને તમારી સેવાનો લાભ આપો.’

લક્ષ્મીજીની વિનંતી સાંભળીને ઘનશ્યામે વચન આપ્યું કે ‘હું જ્યારે કાઠિયાવાડ આવું, ત્યારે તમે પણ કાઠિયાવાડ આવજો. હું તમારી ઇચ્છા પૂર્ણ કરીશ.’



આ સાંભળી લક્ષ્મીજી ખૂબ રાજી થયાં. ઘનશ્યામના આશીર્વાદ લઈને તેઓ હસતાં હસતાં અદૃશ્ય થઈ ગયાં.

૮. સિદ્ધિઓ પ્રભુની સેવામાં

પ્રભુને એક મામી હતાં. તેમનું નામ લક્ષ્મીબાઈ. એક દિવસ સવારે તેમણે ભક્તિમાતાને પૂછ્યું : 'આજે શું રસોઈ કરું ?'

ત્યારે ભક્તિમાતા કહે : ‘રસોઈની ઉતાવળ નથી. માટે નિરાંતે શીરો બનાવજો.’

આ સાંભળી લક્ષ્મીબાઈ અંદર રસોડામાં ગયાં અને ધીમે ધીમે રસોઈ બનાવવા માંડ્યાં.

રસોઈ તૈયાર થતાં બહુ વાર લાગી, તેથી ભક્તિમાતાને ખૂબ ભૂખ લાગી. બાળપ્રભુને ખબર કે માતાને ભૂખ લાગી છે. તરત જ તેમણે મનમાં ને મનમાં આઠ સિદ્ધિઓને ભોજન લાવવા આજ્ઞા કરી. પળવારમાં આઠેય સિદ્ધિઓ આકાશમાંથી ઊતરી આવી. દરેક સિદ્ધિ રૂપરૂપનો અંબાર. જાણે સ્વર્ગની અપ્સરા જ જોઈ લો. દરેકનાં સુંદર, રંગબેરંગી, ઝીણાં વસ્ત્રો અને



દરેકના હાથમાં થાળ. થાળમાં બત્રીસ પકવાન.

પોતાના ઘરમાં એકીસાથે આઠ રૂપાળી સ્ત્રીઓને જોઈને ભક્તિમાતા આભાં બની ગયાં. સ્ત્રીઓએ કહ્યું : 'માતાજી ! અમે સિદ્ધિઓ છીએ. તમને ભૂખ લાગી છે, તેથી બાળપ્રભુએ અમને આજ્ઞા કરી કે ભોજન લઈને આવો. અમે આ થાળમાં અનેક જાતનાં પકવાન લાવ્યાં છીએ. તે આપ આરોગો.'

આ પ્રમાણે સિદ્ધિઓએ કહ્યું છતાં પણ ભક્તિમાતા અચકાતાં હતાં. આ જોઈને પ્રભુ પારણામાંથી નીચે ઊતર્યા અને એક થાળમાંથી થોડુંક જમ્યા. પછી માતાને કહ્યું : 'તમે પણ જમો.' તે જોઈ માતા પણ જમ્યાં.

જમી રહ્યાં ત્યાં તો રસોડામાંથી લક્ષ્મીબાઈ ગરમાગરમ શીરો લઈને આવ્યાં, પણ બહાર આવીને જુએ તો આઠ સિદ્ધિઓ અને પકવાનના થાળ ! મામી તો તદ્દન નવાઈ જ પામી ગયાં !

તે વખતે સિદ્ધિઓ કહેવા લાગી : 'માતાજી ! અમે તમારા માટે રોજ થાળ લાવીશું.'

ત્યારે પ્રભુએ કહ્યું : 'રોજ લાવતાં નહીં, જ્યારે મામી રસોઈ બનાવતાં વાર લગાડે ત્યારે જરૂર લાવજો.'

પછી દરેક સિદ્ધિ પ્રભુને પગે લાગીને આકાશમાં અદૃશ્ય થઈ ગઈ.

૯. ખીચડીને બદલે દૂધપાક

એક વાર બપોરે ઘનશ્યામ ભૂખ્યા થયા. તેમણે ભક્તિમાતા પાસે ખાવાનું માગ્યું. માતાએ ઘનશ્યામને ટાઢી ખીચડી ખાવા આપી અને કહ્યું : 'તમે ધીમે ધીમે ખીચડી ખાવાની શરૂ કરો. હું હમણાં દૂધ લઈને આવું.' એમ કહી ભક્તિમાતા ગૌશાળામાં ગયાં.

ગૌશાળામાં એક ગાય હતી. તેનું નામ ગોમતી. વહેલી સવારે અને સાંજે એમ બે વખત તે દૂધ આપે. ભક્તિમાતા ગાયને દોહવા લાગ્યાં પણ આંચળમાંથી દૂધ નીકળે નહીં. એવામાં ઘનશ્યામ ગૌશાળામાં આવ્યા. તેમને જોઈને માતાએ કહ્યું : 'હજી દૂધને ઘણી વાર છે, માટે છાનામાના એક ઠેકાણે બેસો.'

પરંતુ ગોમતી ગાયને ઘનશ્યામ પર બહુ વહાલ. જો ઘનશ્યામને દૂધ પીવું હોય તો ગાય ગમે ત્યારે દૂધ આપે. ઘનશ્યામે તો પવાલું લઈને ગોમતી



ગાયના આંચળ નીચે ધર્યું. તરત જ આંચળમાંથી દૂધની ધાર નીકળવા લાગી. ઘડીક વારમાં પવાલું ભરાઈ ગયું.

આ જોઈ ભક્તિમાતા આશ્ચર્યચકિત થઈ ગયાં. તેઓ ઉતાવળે અંદર જઈને દોણી લઈ આવ્યાં. દોણી આંચળ નીચે મૂકી તો તે પણ ઘડીકમાં ભરાઈ ગઈ, પણ દૂધની ધાર બંધ થઈ નહીં. એટલે ફરીથી ભક્તિમાતા અંદર ગયાં. મોટી દોણી લઈ આવ્યાં. મોટી દોણી પણ ઝડપથી ભરાવા લાગી. તે જોઈને ભક્તિમાતાને થયું કે જો દૂધ બંધ નહીં થાય તો ઘરનાં બધાં વાસણો ભરાઈ જશે.

આ જોઈ ઘનશ્યામે કહ્યું : 'માતા ! ગભરાશો નહીં. હવે અંદર વાસણ લેવા નહીં જવું પડે. આ તો અમારી ઇચ્છાથી દૂધની ધારા નીકળતી હતી, માટે હવે બંધ થઈ જશે.'

છતાં ભક્તિમાતાને થયું કે દૂધની ધાર બંધ નહીં થાય તો? એમ સમજીને ફરી વાસણ લેવા રસોડામાં ગયાં. વાસણ લઈ આવીને જોયું તો દૂધ નીકળતું બંધ થઈ ગયું હતું.

ભક્તિમાતા તો આ ચમત્કાર જોઈ નવાઈ પામી ગયાં. તેઓ ઘનશ્યામ પર ખૂબ પ્રસન્ન થયાં. તેમને થયું : 'આટલું બધું દૂધ છે માટે લાવ દૂધપાક કરું.' એમ નક્કી કરીને ઘનશ્યામને કહ્યું : 'હવે તમે ટાઢી ખીચડી ન ખાશો. હું હમણાં જ દૂધપાક-પૂરીની રસોઈ બનાવું છું.' એટલું કહીને તેમણે થોડી વારમાં જ દૂધપાક-પૂરીની રસોઈ બનાવી અને ઘનશ્યામને પ્રેમથી જમાડ્યા.

૧૦. વાળંદને ચમત્કાર

ઘનશ્યામને ત્રીજું વર્ષ બેઠું. ધર્મપિતાએ વિચાર કર્યો કે હવે ઘનશ્યામના વાળ ઉતરાવીએ. બીજે દિવસે સવારે સારું મુહૂર્ત જોઈને તેમણે અમઈ નામના વાળંદને બોલાવ્યો. અમઈ તેનો થેલો લઈને આવ્યો.

ભક્તિમાતા ઘનશ્યામને ખોળામાં લઈને પૂર્વ દિશા તરફ બેઠાં. અમઈ અસ્ત્રો કાઢીને ઘનશ્યામના વાળ ઉતારવા લાગ્યો. અડધી હજામત થઈ ત્યાં તો ઘનશ્યામ અદૃશ્ય થઈ ગયા. ઘનશ્યામ સૌને ભક્તિમાતાના ખોળામાં બેઠેલા દેખાય પણ અમઈ વાળંદને ન દેખાય. આથી, વાળંદ ગભરાઈ ગયો. અસ્ત્રો હાથમાં સ્થિર રહી ગયો.



આ જોઈને ભક્તિમાતા બોલ્યાં : ‘આમ બેસી શું રહ્યો છે ? હજામત પૂરી કર.’

અમઈએ ધ્રૂજતે હાથે જવાબ આપ્યો : ‘શું કરું માતાજી ? મને ઘનશ્યામ દેખાતા જ નથી, તો હજામત કેવી રીતે પૂરી કરું ?’

આ સાંભળી ભક્તિમાતાએ ઘનશ્યામને કાનમાં કહ્યું : ‘અડધી હજામત કરેલું મોઢું સારું ન લાગે. માટે હજામત પૂરી કરાવી લો. અમઈને દર્શન આપો.’ ત્યારે ઘનશ્યામે ફરીથી અમઈ સામે દૃષ્ટિ કરી, એટલે અમઈને ઘનશ્યામ દેખાયા.

અમઈએ હજામત પૂરી કરી. તેને થયું કે નક્કી આ બાળક ભગવાન જ છે. તેથી તે ઘનશ્યામને પગે લાગીને આશીર્વાદ લઈને ચાલ્યો ગયો.

પછી ઘનશ્યામે નારાયણ સરોવરમાં સ્નાન કર્યું. ધર્મપિતાએ બ્રાહ્મણોને દાન આપ્યું. સૌને પતાસાં વહેચ્યાં અને બ્રાહ્મણોને જમાડવાની તૈયારીમાં પડી ગયા.

૧૧. કાલિદત્ત મરણને શરણ

ધર્મપિતા અને ભક્તિમાતા કામમાં હતાં તેથી તેઓ ઘનશ્યામને ભૂલી ગયાં. બાળમિત્રો દોડતાં દોડતાં ઘનશ્યામ પાસે આવ્યા.

નાચતાં-કૂદતાં બધા બાળમિત્રો ઘનશ્યામ સાથે નારાયણ સરોવરથી પૂર્વ દિશામાં આવેલી આંબાવાડીમાં ગયા. ત્યાં જઈ બધા બાળકો આંબલી-પીપળી રમવા લાગ્યા.

એટલામાં કાલિદત્ત રાક્ષસ ત્યાં આવ્યો. તેને થયું આજે બધા બાળકોને ઉપાડી જઈશ અને ઘનશ્યામને મારી નાખીશ. કાલિદત્તે ઘનશ્યામને પકડવા હાથ લાંબો કર્યો. ઘનશ્યામ સમજી ગયા. ઘનશ્યામે તેની સામે દૃષ્ટિ કરી એટલે તે બળવા લાગ્યો. આથી કાલિદત્ત બહુ ગુસ્સે થયો. તેણે પોતાની જાદુઈ વિદ્યાથી ભયંકર વાવાઝોડું અને વરસાદ શરૂ કર્યાં. ચારેકોર અંધારું થઈ ગયું.

ખૂબ ઠંડીથી અને વરસાદથી બધા બાળકો ધ્રૂજવા લાગ્યા. કાલિદત્તે મોટી મોટી ચીસો પાડવા માંડી. બધા બાળકો એક મોટા વડના ઝાડની બખોલમાં સંતાઈ ગયા.

ઘનશ્યામ થોડે દૂર એક આંબાના ઝાડ નીચે જઈને બેઠા. બૂમો પાડતો પાડતો કાલિદત્ત ઘનશ્યામને શોધવા લાગ્યો. તેણે જોયું કે ઘનશ્યામ આંબાના ઝાડ નીચે બેઠા છે, અને ઘડીકમાં ઘનશ્યામ ઝાડ પર બેઠેલા દેખાયા. એટલે તેણે પોતાનું શરીર આકાશ સુધી ઊંચું કર્યું અને જોરથી આંબાના ઝાડ પર



પડતું મૂક્યું. કડડડ... ભૂસ કરતી કેટલીક ડાળીઓ ભાંગી પડી.

ઘનશ્યામ ઝાડ નીચે કચડાઈ ગયા હશે તેમ માનીને તે જોરથી હસવા લાગ્યો. તેણે હાથ લાંબો કરીને બધી તૂટેલી ડાળીઓ ઊંચી કરવા માંડી, પરંતુ પરંતુ ઘનશ્યામ તો એમ ને એમ જ બેઠા હતા. તૂટેલી ડાળીઓ તો જાણે તેમનું છત્ર બની ગઈ હતી.

આ જોઈ કાલિદત્ત વધુ ક્રોધે ભરાયો. ઘનશ્યામને પકડવા તેણે બે હાથ લંબાવ્યા. આ જોઈ ઘનશ્યામે કાલિદત્ત સામે કરડી નજર કરી. જોતજોતાંમાં કાલિદત્ત વૃક્ષો સાથે અથડાઈ અથડાઈને મરી ગયો.

વાવાઝોડું અને વરસાદ પણ ઘનશ્યામે શાંત કરી દીધાં. થોડી વારમાં ચારેકોર અજવાળું થઈ ગયું. બાળમિત્રો બખોલમાંથી બહાર આવીને ઘનશ્યામને શોધવા લાગ્યા.

ભક્તિમાતાને ઘનશ્યામ યાદ આવ્યા. ધર્મપિતાને સાથે લઈને ભક્તિ-માતા શોધતાં શોધતાં આંબાના ઝાડ પાસે આવ્યાં. ભક્તિમાતાએ ઘનશ્યામને તેડી લીધા અને છાતીસરસા ચાંપી દીધા. ઘનશ્યામ મળ્યા એટલે સૌ બાળકો આનંદમાં આવી ગયા. બધા રાજી થઈને ઘેર પાછા ગયા.

૧૨. ટાઢે પાણીએ બળિયા ગયા

હવે ગ્રીષ્મ ઋતુ આવી. ગ્રીષ્મ ઋતુમાં તાપ બહુ પડે. ગરમી બહુ થાય.

આવી સખત ગરમીમાં ઘનશ્યામને તાવ આવ્યો. તેથી ઘનશ્યામ જમ્યા નહીં.

આ વાતની ખબર પડી એટલે ચંદામાસી ખબર કાઢવા આવ્યાં. તેમણે ઘનશ્યામના શરીરે હાથ ફેરવ્યો. જોયું તો બળિયા નીકળ્યા હતા અને તાવ આવ્યો હતો. તેથી ચંદામાસી બોલ્યાં : ‘ઘનશ્યામને બળિયા નીકળ્યા છે, માટે અંદર ઓરડામાં સુવાડી દો.’

ભક્તિમાતાએ ઘનશ્યામને પથારીમાં સુવાડ્યા અને ભગવાનનું ભજન કરવા લાગ્યાં.

એટલામાં ઘનશ્યામનાં મામી લક્ષ્મીબાઈ ત્યાં આવ્યાં. તેમણે ઘનશ્યામના શરીરે તાવ અને બળિયા જોઈને કહ્યું : ‘વીસ દિવસ સુધી ઘરની બહાર જવા દેતાં નહીં. નાહવા-ધોવા દેતાં નહીં. શરીરે પાણી પણ અડાડશો નહીં.’



આ સાંભળી ઘનશ્યામે કહ્યું : 'નાહ્યા-ધોયા વગર કેમ ચાલે ? આપણે તો બ્રાહ્મણ છીએ, માટે રોજ નાહવું જ જોઈએ. તમે ઠંડું પાણી લઈ આવો. હું ઠંડા પાણીથી નાહીશ એટલે બળિયા મટી જશે અને તાવ પણ ઊતરી જશે.'

ભક્તિમાતાને ઘનશ્યામના વચનમાં વિશ્વાસ આવ્યો. તેઓ ઘનશ્યામને કૂવાને કાંઠે લઈ ગયાં, ઠંડું પાણી સિંચીને ઘનશ્યામને નવરાવવા લાગ્યાં. થોડાક ઘડા પાણીથી નવરાવ્યા પછી જોયું તો બળિયા મટી ગયા હતા અને તાવ પણ ઊતરી ગયો હતો. ફક્ત શીળીના ઝાંખા ડાઘા રહ્યા હતા.

ઘનશ્યામની આ લીલા જોઈને ચંદામાસી તથા લક્ષ્મીબાઈને થયું કે નક્કી આ બાળક ભગવાન જ છે. તેઓ ઘનશ્યામને પ્રણામ કરીને હસતાં હસતાં પોતાને ઘેર પાછાં ગયાં.

૧૩. માછલીઓ સજીવન કરી

છપૈયામાં એક દિવસ ઘનશ્યામે વેણી, માધવ અને પ્રાગને બોલાવીને કહ્યું : 'ચાલો, આપણે મીન સરોવરે નાહવા જઈએ.'

નાહવાની વાત આવી એટલે સૌ તૈયાર. ચારેય બાળમિત્રો મીન સરોવરે ગયા. સરોવરને કિનારે એક વડનું વૃક્ષ. ત્યાં સૌ કપડાં કાઢવા લાગ્યા.



તેવામાં ઘનશ્યામની નજર એક માછીમાર પર પડી. એક કાળો અને કદાવર માછીમાર ઊભો ઊભો માછલીઓ પકડે અને ટોપલામાં ભરે. ઘનશ્યામની નજર માછલીના ઢગલા પર પડી. આટલી બધી મરેલી માછલીઓ જોઈને તેમને દયા આવી. તેમણે સંકલ્પ કર્યો કે બધી માછલીઓ જીવતી થઈ જાય; અને પળવારમાં જ બધી માછલીઓ જીવતી થઈ ગઈ. કૂદી કૂદીને બધી જ માછલીઓ પાણીમાં પાછી ચાલી ગઈ.

આ જોઈ માછીમાર ખૂબ ગુસ્સે થયો. ઘનશ્યામને મારવા દોડ્યો. ઘનશ્યામે વિચાર કર્યો કે અભિમાનીનું અભિમાન તોડવું જોઈએ. હિંસા કરે તેને શિક્ષા કરવી જોઈએ. તેથી ઘનશ્યામ યમરાજાનું રૂપ લઈને માછીમાર પાસે આવ્યા.

યમરાજા એટલે અતિશય વિકરાળ, મહાભયાનક રૂપ, મોટી મોટી મૂછ અને મોટા મોટા દાંત, લાલઘૂમ આંખો અને લાંબી લાંબી જીભ. અઢાર હાથ અને દરેક હાથમાં તલવાર, ભાલા, ત્રિશૂળ જેવાં જુદાં જુદાં હથિયાર.

અચાનક યમરાજાને સામે જોઈને માછીમાર તો ડરી ગયો. હાથ-પગ ધ્રૂજવા લાગ્યા. પરસેવો છૂટવા લાગ્યો. યમરાજાએ માછીમારને યમપુરી અને નરકનાં દુઃખો દેખાડ્યાં. દૂતો આગળ મેથીપાક ખવડાવ્યો. માર ખાઈ ખાઈને હાડકાં ખોખરાં થઈ ગયાં. 'બચાવો, છોડાવો'ની બૂમો પાડવા લાગ્યો.

છેવટે તેને પોતાની ભૂલ સમજાઈ. તેણે ઘનશ્યામની માફી માગી : 'મારાં હાડકાં ભાંગી ગયાં. યમપુરી અને નરક યાદ કરું છું ત્યાં જ મને બીક લાગે છે. હાથ-પગ ધ્રૂજે છે. માટે મારી ભૂલ થઈ. મને માફ કરો. હવેથી માછલાં મારવાનો ધંધો નહીં કરું. આપ તો ભગવાન છો, મારાં પાપ દૂર કરો.' એમ કહી તે ઘનશ્યામને પગે લાગ્યો. ઘનશ્યામે તેને આશીર્વાદ આપી રવાના કર્યો.

ઘનશ્યામ અને બાળમિત્રો સરોવરમાં નાહીને ઘેર પાછા ફર્યા.

૧૪. ચકલાંઓને સમાધિ

છપૈયાની બાજુમાં આવેલા તરગામની પાદરમાં ધર્મદેવનું ખેતર હતું. એક વખત ધર્મદેવ કહે : 'ઘનશ્યામ ! આપણા ખેતરમાં ડાંગર પાકીને તૈયાર થઈ છે. ચકલાં આપણો પાક બગાડી જાય છે. વળી, આજે અમે બાજુના ગામે

જવાના છીએ, માટે તમે ખેતર સાચવવા જજો.'

ઘનશ્યામ કહે : 'ભલે.'

ભક્તિમાતાએ ઘનશ્યામને જમાડ્યા, માથે ટોપી પહેરાવી, પગમાં મખમલની મોજડીઓ પહેરાવી, હાથમાં એક મોટી સોટી આપી અને ખેતર સંભાળવા મોકલ્યા.

ઘનશ્યામ તો સોટીથી રમતાં રમતાં ઘડીકમાં ખેતરે પહોંચી ગયા. એક જાંબુડીના ઝાડ પર ચડીને જોયું તો હજારો ચકલાં ખેતર પર ઊડે. કેટલાંક ઝાડ પર તો કેટલાંક ડાળ પર, કેટલાંક ઠૂંડાં પર તો કેટલાંક જમીન પર બેઠેલાં. ઘનશ્યામને થયું કે ચકલાંને મરાય તો નહીં. હવે શું કરવું?

તરત જ તેમને વિચાર આવ્યો. તેમણે જોરથી સાદ પાડ્યો. ત્યાં તો ? બધાં ચકલાંઓને સમાધિ થઈ. કેટલાંક ચકલાં ટપોટપ નીચે પડવા લાગ્યાં. કેટલાંક ઝાડ પર તો કેટલાંક જમીન પર, કેટલાંક ડાળ પર તો કેટલાંક ઠૂંડાં પર – એમ બધાં જ ચકલાં સ્થિર થઈ ગયાં.

ચકલાંઓને સમાધિ થઈ એટલે ઘનશ્યામ તો બાજુમાં માધવરામ શુક્લનું ખેતર હતું ત્યાં ચાલ્યા ગયા. ત્યાં જઈને પોતાના બાળમિત્રો રઘુવીર અને બકૂસરામ સાથે રમવા લાગ્યા.

રમતાં રમતાં સાંજ પડી. ધર્મદેવ અને રામપ્રતાપભાઈ ખેતરે ઘનશ્યામને લેવા આવ્યા. જોયું તો ઘનશ્યામ ન મળે. શોધતાં શોધતાં બાજુના ખેતરમાં રમતા દીઠા.

ધર્મદેવે તેમને બોલાવ્યા અને કહ્યું : 'તમને શું કહ્યું હતું ? તમને તો ખેતર સાચવવા મોકલ્યા હતા ને !'

ઘનશ્યામ કહે : 'ચાલો, આપણે જોઈએ.'

પોતાના ખેતરની અંદર જઈને જોયું તો કેટલાંક ચકલાં જમીન પર પડેલાં, કેટલાંક ઝાડ પર સ્થિર, કેટલાંકનાં મોઢાંમાં દાણો પણ જેમનો તેમ.

ધર્મદેવને આશ્ચર્ય થયું ! આટલાં બધાં ચકલાં આપણા ખેતરમાં મરી તો નહીં ગયાં હોય ને ! ધર્મદેવ અને રામપ્રતાપભાઈ તો આ જોઈ નવાઈ પામી ગયા.

ઘનશ્યામે ફરીથી સાદ પાડ્યો. ફરરર... કરતાં બધાં ચકલાં ઊડી ગયાં.

તેમને મનમાં થયું કે ઘનશ્યામ તો સર્વોપરી ભગવાન છે, જરૂર આ



તેમનું જ કામ છે. બધાંનાં નાડી-પ્રાણ તેમના જ હાથમાં છે. એમ વિચારતાં વિચારતાં ઘનશ્યામને લઈ તેઓ ઘેર ગયા.

૧૫. વાંદરાને સમાધિ

છપૈયામાં અસુરોનો ત્રાસ વધી ગયો. તેથી ધર્મપિતાએ અયોધ્યા જવા વિચાર કર્યો. શણગારેલ ગાડામાં ઘરનું બધું રાચરચીલું લઈને ધર્મપિતા સહ-કુટુંબ અયોધ્યા જવા નીકળ્યા.

ગાડું સરયૂ નદીને કિનારે આવ્યું. બધી ચીજવસ્તુઓ હોડીમાં ગોઠવીને સૌ હોડીમાં બેસીને સરયૂને સામે કાંઠે અયોધ્યા પહોંચ્યા. બરહટ્ટા શેરીમાં સુંદર મજાનું ઘર લઈને તેમાં વસવાટ કર્યો.[૧]

સાંજે ઘનશ્યામ ધર્મપિતાની બાજુમાં જમવા બેઠા. ભક્તિમાતા પીરસતાં હતાં. તે વખતે સામેના ઝાડ પરથી એક વાંદરાએ ઘનશ્યામને જમતા જોયા. હૂપ... હૂપ... હૂપ... કૂદતો વાંદરો ઓશરીમાં આવ્યો. એક ઝડપ મારીને વીસેક જેટલી રોટલીઓ ઉપાડી લીધી. છલાંગ મારતો પાછો વાંદરો ઝાડ પર પહોંચી ગયો. ડાળ પર બેસીને રોટલીને બટકું ભરવા ગયો ત્યાં તો ઘનશ્યામે

---

૧. અયોધ્યા સ્થાયી થયા બાદ ઘનશ્યામ પ્રસંગોપાત છપૈયા જતા. એટલે હવેથી જ્યારે જ્યારે છપૈયાની લીલા આવે ત્યારે ઘનશ્યામ અયોધ્યાથી છપૈયા ગયા છે એમ સમજવું.



તેની સામે દૃષ્ટિ કરી અને તરત જ વાંદરાને સમાધિ થઈ. રોટલીઓ હાથમાં સ્થિર રહી ગઈ. ત્રણ દિવસ સુધી વાંદરો સમાધિમાં સ્થિર રહ્યો.

ત્રણ દિવસ પછી સમાધિમાંથી જાગ્યો ત્યારે વાંદરો કૂદતો કૂદતો ઘરમાં ઘનશ્યામ પાસે આવ્યો. હાથ જોડીને ઘનશ્યામના પગ પાસે બેસી ગયો. ઘનશ્યામે તેને આશીર્વાદ આપ્યા અને થોડું ખાવાનું આપ્યું. આશીર્વાદ લઈને, ઘનશ્યામે આપેલી પ્રસાદી ખાઈને વાંદરો ઝાડ પર પાછો ચાલ્યો ગયો.

૧૬. વાંદરાઓને મેથીપાક ચખાડ્યો

એક વાર ઘનશ્યામ થાળીમાં પૂરી અને દહીં લઈને ઓશરીમાં જમવા બેઠા. તેવામાં એક તોફાની વાંદરો છલાંગ મારતો આવ્યો. ઘનશ્યામના હાથમાંથી પૂરી ખૂંચવીને કૂદતો કૂદતો આંબલીની ડાળે જઈને બેઠો. ઘનશ્યામે આંબલીની ડાળ સુધી હાથ લાંબો કર્યો અને વાંદરાને ગરદન પકડીને નીચે પછાડ્યો. એટલે વાંદરાએ ચિચિયારી પાડી.

તેની ચિચિયારી સાંભળીને વીસેક વાંદરાઓ દોડી આવ્યા. બધા વાંદરાઓએ કિકિયારી અને કૂદાકૂદ કરી મૂકી અને ઘનશ્યામને મારવાનો વિચાર કર્યો. ધીમે ધીમે ચારે બાજુથી વાંદરાઓએ ઘનશ્યામને ઘેરી લીધા.



ધર્મપિતાએ આ જોયું. તેમને થયું કે આ વાંદરાઓ ઘનશ્યામને મારી નાખશે. તેથી તેઓ ઘરમાં લાકડી લેવા ગયા.

એટલી વારમાં તો ઘનશ્યામે જેટલા વાંદરા હતા એટલાં પોતાનાં સ્વરૂપ કર્યાં. દરેક વાંદરાની પાછળ ઘનશ્યામનું એક એક સ્વરૂપ તેમને પકડવા દોડ્યું. ઘનશ્યામનાં આટલાં બધાં સ્વરૂપને જોઈને વાંદરાઓ ગભરાયા, પણ ઘનશ્યામે તો કો'કને કાન પકડીને ફગાવ્યો, તો કો'કને ઝાલીને ફગાવ્યો, કો'કને પૂંછડેથી પકડીને ફેંક્યો, તો કો'કને બોચીથી ઝાલીને ફેંક્યો. બીજા કેટલાક દૂર રહેલા વાંદરાઓ તો બીકના માર્યા ચિચિયારીઓ પાડતાં દૂર નાસી ગયા.

પછી ઘનશ્યામે પોતાનાં બીજાં સ્વરૂપો અદશ્ય કરી દીધાં.

થોડી વારમાં ધર્મપિતા લાકડી લઈને બહાર આવ્યા. તેમણે જોયું તો બધા વાંદરાઓ નાસી ગયા હતા. ધર્મપિતા તો ઘનશ્યામનો આવો ચમત્કાર જોઈને આનંદમાં આવી ગયા. તેમને થયું કે નક્કી આ બાળક ભગવાન જ છે.

૧૭. રામદત્તને કેરી ચખાડી

એક દિવસ ઘનશ્યામે બાળમિત્રોને કહ્યું : 'ચાલો, આપણે સરોવરમાં નાહવા જઈએ.'

બધા બાળકો તૈયાર થયા. બાળમિત્રો પાછળ અને ઘનશ્યામ આગળ. એમ સરોવર તરફ ચાલ્યા. બધા બાળકો સરોવરમાં કૂદી પડ્યા. પાણીમાં ખૂબ રમ્યા, ખૂબ નાહ્યા, તેથી સૌ ભૂખ્યા થયા.

ઘનશ્યામ બાળમિત્રોને લઈને ત્યાંથી આંબાવાડીમાં ગયા. આંબાવાડીમાં રસ્તા પાસે એક મોટું આંબાનું ઝાડ. ઝાડ પર ઘણી પાકી કેરીઓ. ઘનશ્યામ ઝાડ પર ચડ્યા. બીજા બધા બાળકો નીચે ઊભા રહ્યા. પાકી કેરીઓ તોડીને ઘનશ્યામ નીચે નાખે, વેણી, માધવ અને પ્રાગ ફાળિયામાં કેરીઓ ભેગી કરે. બીજા બાળકો આંબાની ચોકી કરે.

એવામાં બ્રાહ્મણોનું એક ટોળું ત્યાંથી નીકળ્યું. ટોળાનો આગેવાન રામદત્ત. રામદત્ત શરીરે તગડો અને ઊંચો. રામદત્તે પોતાની સાથેના બ્રાહ્મણોને કહ્યું : 'તમે સૌ આ બધી કેરીઓ ઉપાડવા માંડો.'

આ સાંભળી વેણી બોલ્યો : 'આ કેરીઓ અમે પાડી છે. તમારે જોઈએ તો તમે તમારી મેળે કેરીઓ તોડી લો.'

આ સાંભળી રામદત્ત ગુસ્સે થયો. મોટા ડોળા કાઢીને બાળકોને ડરાવવા લાગ્યો. તેણે કેરીઓ છીનવી લેવા હાથ લાંબો કર્યો.

ઘનશ્યામ બેઠાં બેઠાં આ બધું જુએ. રામદત્તનો આવો અન્યાય જોઈ ઘનશ્યામ છેક નીચેની ડાળી પર આવીને નીચા નમ્યા. રામદત્ત કેરીઓ લેવા વાંકો વળવા ગયો ત્યાં તો... ઘનશ્યામે તેના ખભા પર દોરી અને લોટો હતાં તે લઈ લીધાં. ઘડીક વારમાં તો ઘનશ્યામ દોરી-લોટો લઈ ઝાડ પર ઊંચે પહોંચી ગયા.

રામદત્તના ગુસ્સાનો પાર ન રહ્યો. તે ઘનશ્યામને નીચે ફગાવી દેવા ઝાડ પર ચડ્યો. ઘનશ્યામ તેને એક ડાળ પરથી બીજી ડાળ પર દોડાવે પણ પકડાય જ નહીં.

રામદત્ત મૂંઝાયો. તેણે નીચે ઊભેલા બધા બ્રાહ્મણોને કહ્યું : 'તમે બધા ઝાડ પર ચડી જાઓ. આપણે ઘનશ્યામને પકડી પાડીએ.'

એક પછી એક બધા બ્રાહ્મણો ઝાડ પર ચડી ગયા. દરેક જણ એક એક ડાળી પર ગોઠવાઈ ગયા. ઘનશ્યામ છેક ઉપરની ડાળી પર ચડી ગયા. તેમને પકડવા રામદત્ત હવે છેક ઉપરની ડાળી પર ચડવા લાગ્યો. છેક ઉપર ચડ્યા ત્યાં તો ઘનશ્યામ અદશ્ય !

સૌએ જોયું તો ઘનશ્યામ નીચે ઊભાં ઊભાં દોરી, લોટો બતાવીને રામદત્તને ખીજવતા હતા. ઘનશ્યામે બાળકોને કહ્યું : ‘એકેય બ્રાહ્મણને નીચે ઊતરવા દેશો નહીં. ચાલો આપણે તેમને કાંકરા મારવા લાગીએ.’

ટપોટપ સૌ બાળકો કાંકરા મારવા મંડી પડ્યા. બ્રાહ્મણો થાક્યા, તેમને પોતાની ભૂલ સમજાઈ. તેમને થયું કે આ બાળક નક્કી ભગવાન છે, નહીં તો નીચે પહોંચે શી રીતે ? બ્રાહ્મણોએ ખૂબ વિનંતી કરી ત્યારે ઘનશ્યામે તેમને નીચે ઊતરવા દીધા.



નીચે ઊતરીને બધા બ્રાહ્મણોએ ઘનશ્યામની માફી માગી. ઘનશ્યામે દોરી, લોટો પાછાં આપ્યાં. બ્રાહ્મણો ઘનશ્યામને પગે લાગીને પોતાને રસ્તે પડ્યા.

૧૮. મુમુક્ષુ કઈ દિશામાં છે ?

છપૈયા ગામની બહાર પીપળાનું ઝાડ. ઘનશ્યામને એ ઝાડ બહુ ગમે. ઘણી વાર બાળમિત્રો સાથે રમવાનું છોડી દઈને પીપળાના ઝાડ પર ચડી જાય. કેટલીક વાર સુધી પશ્ચિમ દિશા તરફ જોતાં ઝાડ પર બેસી રહે.

બધા બાળમિત્રોને ઘનશ્યામની આ લીલા સમજાય નહીં. એક દિવસ આ જ પ્રમાણે ઘનશ્યામ રમત વિસારે પાડીને પીપળાના ઝાડ પર ચડી ગયા. એક ઊંચી ડાળી પર જઈને બેઠા. ગંભીર ચહેરે પશ્ચિમ દિશા તરફ જોવા લાગ્યા.

વેણીની નજર ઘનશ્યામ તરફ પડી. સાંજ ઢળવા આવી હતી. ઘનશ્યામ



ઘર ભણી જવા માટે ઝાડ પરથી નીચે ઊતર્યા. તરત વેણીએ પાસે જઈને ઘનશ્યામના ખભા પર હાથ મૂક્યા અને હળવેકથી પૂછ્યું : 'ઘનશ્યામ ! તમે આ ઝાડ પર ઊંચે ચડીને પશ્ચિમ દિશા તરફ શું જોયા કરો છો ?'

ઘનશ્યામ કહે : 'હું તો મુમુક્ષુઓ કઈ દિશામાં છે તે જોઉં છું. આપણા ગામથી હજારો ગાઉ દૂર પશ્ચિમમાં ગુજરાત, કાઠિયાવાડ દેશ છે ત્યાં શ્રીકૃષ્ણની દ્વારકા છે. તે દેશમાં ભગવાનને મળવા માટે તલસી રહેલા કેટલાય મુમુક્ષુઓ રહે છે. મારે એક દિવસ અહીંથી ત્યાં જ જવું છે. હિમાલયનાં પવિત્ર સ્થળો અને ભારતનાં તીર્થો જોવાં છે, પણ રહેવું તો કાઠિયાવાડમાં જ છે. ત્યાંના ભક્તો મને પુકારે છે.'

વેણીને તો આ બધી વાતમાં કંઈ સમજ પડી નહીં. તે તો ઘનશ્યામનો હાથ પકડીને ઘર તરફ ચાલવા લાગ્યો.

૧૯. એક સાથે અનેક મંદિરે દર્શન

એક દિવસ ઘનશ્યામ બપોરે જમવા આવ્યા નહીં. ભક્તિમાતાએ રામપ્રતાપભાઈને કહ્યું : 'ઘનશ્યામને બોલાવી આવો.'

રામપ્રતાપભાઈ તો ઘનશ્યામને ગોતવા સીધા હનુમાન ગઢીએ પહોંચ્યા.



અહીં રામકથા ચાલતી હતી. ઘનશ્યામ એકાગ્રતાથી કથા સાંભળે. રામ-પ્રતાપભાઈએ એમને ઘરે આવવા કહ્યું.

'હમણાં આવું,' એમ કહી ઘનશ્યામે રામપ્રતાપભાઈને જવા કહ્યું.

રસ્તામાં મંદિરો ઘણાં આવે. તેથી એક મંદિરમાં રામપ્રતાપભાઈ સહેજ દર્શન કરવા ગયા, તો અહીં પણ તેમણે ઘનશ્યામને રામકથામાં બેઠેલા જોયા. તેમને આશ્ચર્ય થયું.

ફરી પાછા હનુમાન ગઢીએ ગયા તો ત્યાં પણ ઘનશ્યામને બેઠેલા દીઠા. તેથી તેમને વધુ આશ્ચર્ય થયું. રસ્તામાં બીજાં મંદિરોમાં પણ કુતૂહલતાથી જોતાં ગયા. દરેક જગ્યાએ તેમને ઘનશ્યામ દેખાયા.

રામપ્રતાપભાઈના આશ્ચર્ય અને આનંદનો પાર ન રહ્યો.

ઘેર આવીને આ ચમત્કારની વાત રામપ્રતાપભાઈએ ધર્મપિતા તથા ભક્તિમાતાને કહી. આ સાંભળી સૌ આશ્ચર્યમાં ડૂબી ગયાં.

એટલામાં તો ઘનશ્યામ ઘરે આવી પહોંચ્યા. હાથ-પગ ધોઈને ધર્મપિતા તથા ભાઈઓ સાથે જમવા બેઠા. ભક્તિમાતાએ ઘનશ્યામને પ્રેમથી જમાડ્યા.

૨૦. ભૂતિયો કૂવો

અયોધ્યામાં એક નવાબ આવ્યો. નવાબ જે ગામમાં જાય તે ગામના લોકોને ખૂબ રંજાડે. બાળકો ઉપાડી જાય, લોકોને લૂંટી જાય. ધર્મપિતાને ચિંતા થઈ, તેથી ઘરનાં સહુને લઈને થોડા દિવસ માટે તીનવા ગામે ચાલ્યા ગયા.

તીનવામાં પ્રથિત પાંડે રહે. તેમની પત્નીનું નામ વચનાબાઈ. ધર્મપિતા તેમને ત્યાં ઊતર્યા. વચનાબાઈ ઘનશ્યામને રોજ સારી સારી રસોઈ જમાડે. ભક્તિમાતા વચનાબાઈને કામકાજમાં મદદ કરે. પાણી પણ ભક્તિમાતા જ ભરે. સાંજ પડી એટલે વચનાબાઈએ ભક્તિમાતાને કહ્યું : 'તમારે સૂરજ આથમે પછી કૂવે પાણી ભરવા ન જવું, કૂવામાં હજારો ભૂત રહે છે, તે તમને હેરાન કરશે. માટે ભૂતિયા કૂવે સાંજે ન જવું.'

એક દિવસ સાંજે ઘરમાં પાણી ખૂટ્યું. સૂરજ આથમી ગયો હતો. ભક્તિમાતાને ખ્યાલ રહ્યો નહીં. ભૂલમાં તેઓ ઘડો લઈને કૂવે પાણી ભરવા ગયાં. દોરડું બાંધીને ઘડો કૂવામાં નાખ્યો. ઘડો પાણીને અડે તે પહેલાં જ ભૂતે ઘડો પકડી લીધો. ભક્તિમાતાએ દોરડું ખેંચ્યું, પણ ઘડો ઉપર આવે જ નહીં.

તેમણે કૂવામાં ડોકિયું કર્યું તો હજારો ભૂત ! ભક્તિમાતા તો એકદમ ડરી ગયાં. ઉતાવળે પગલે ઘરે આવ્યાં. પરસેવે રેબઝેબ થઈ ગયાં.

ભક્તિમાતા ઘરમાં આવ્યાં એટલે ઘનશ્યામે પૂછ્યું : ‘શું થયું માતાજી ? આજે ઉતાવળે કેમ આવ્યાં ? ઘડો ને દોરડું ક્યાં મૂકી આવ્યાં ?’

ભક્તિમાતાએ તેમને બધી વાત કરી.

બીજે દિવસે સવારે ઘનશ્યામ કૂવામાં કૂદકો મારવા ગયા. ગામના માણસો ભેગા થઈ ગયા. લોકો બોલ્યા : ‘ઘનશ્યામ ! અંદર પડશો નહીં. ભૂત તમને મારી ખાશે.’ પણ ઘનશ્યામે તો કોઈનું સાંભળ્યું નહીં. તેમણે તો માર્યો જોસથી ભૂસકો.

જેવા ઘનશ્યામ કૂવામાં પડ્યા કે તરત જ બધાં ભૂત ઝબકીને જાગી ગયાં. તેમણે ઘનશ્યામને પકડવા હાથ લંબાવ્યા. ત્યાં તો ઘનશ્યામના શરીરમાંથી તેજ નીકળવા લાગ્યું. તે તેજથી બધાં ભૂત બળવા લાગ્યાં.

બધાં ભૂતે આજીજી કરી : ‘હે ભગવાન ! અમને બચાવો.’

ઘનશ્યામે તેમને પૂછ્યું : ‘તમે બધાં અહીં ક્યાંથી ?’

એક ભૂતે જવાબ આપ્યો : ‘ઘણાં વર્ષો પહેલાં અમે બધાં ખરાબ



સ્વભાવવાળા માણસો હતા. અમે માંસ ખાતા, દારૂ પીતા, જુગાર રમતા, જૂઠું બોલતા. અમારે બધાને બાદશાહ સાથે ઝઘડો થયો. મોટી લડાઈ થઈ. અમે બધા આ જગ્યાએ મરાયા, પરંતુ અમે ખૂબ પાપી હતા તેથી ભૂત થઈને આ કૂવામાં રહ્યા છીએ. ઘનશ્યામ ! તમે તો ભગવાન છો. માટે અમારાં પાપનો નાશ કરો. અમારી ભૂલો માફ કરો. અમારો ઉદ્ધાર કરો.'

ભૂતોની વિનંતી સાંભળી ઘનશ્યામે તેમનાં પાપ માફ કર્યાં. તેમનો મોક્ષ કર્યો અને બદરિકાશ્રમમાં મોકલ્યાં. ત્યારથી કૂવામાં એકેય ભૂત નહીં. લોકો ગમે ત્યારે પાણી ભરવા જાય. બધાં ઘનશ્યામનાં વખાણ કરે અને પગે લાગે.

૨૧. મલ્લોનો પરાજય

અયોધ્યામાં રોજ સાંજે ઘનશ્યામ કેસરીસંગ અને બીજા બાળમિત્રો સાથે રામઘાટ પર કુસ્તીના દાવ રમે.

એક દિવસ સવારે ઘનશ્યામ કેસરીસંગ સાથે મલ્લકુસ્તી કરતા હતા. તેવામાં નેપાળનો મહાબલી નામનો મલ્લ ત્યાં આવ્યો. મહાબલી શરીરે તગડો અને ઊંચો પહેલવાન. મહાબલીએ કેટલાક પહેલવાનોને હરાવ્યા હતા. ઘનશ્યામને કુસ્તીના દાવ રમતા જોઈ મહાબલી હસવા લાગ્યો. તેથી ઘનશ્યામે દસ હજાર હાથી જેટલું બળ પોતાનામાં બતાવીને મહાબલીને હરાવ્યો.

આ વાતની અયોધ્યામાં અને આજુબાજુનાં ગામોમાં ખબર પડી. ઘનશ્યામ ચારે દિશામાં પ્રખ્યાત થઈ ગયા.

આ વાત અયોધ્યાના મલ્લ માનસંગ, દિલ્લીસંગ અને ભીમસંગના કાને પહોંચી. તેમણે અયોધ્યાના રાજા રાયદર્શનસિંહને કહ્યું : 'અમો ઘનશ્યામ સાથે મલ્લયુદ્ધ કરીને તેને હરાવી દઈશું.'

રાયદર્શને સલાહ આપી : 'ઘનશ્યામ બાળક જેવા લાગે છે પરંતુ તે સાક્ષાત્ ભગવાન છે. ભગવાનને કોઈ હરાવી ન શકે. તેમની સાથે યુદ્ધમાં તમે નહીં જીતો, માટે આવી હઠ મૂકી દો.'

આ સાંભળી ત્રણે મલ્લ પોતાની બડાઈ મારવા લાગ્યા. તેમણે રાજાને કહ્યું : 'તમારી નજર સામે જ ઘનશ્યામને જમીન પર પછાડીએ નહીં તો જો જો. અમારી કુસ્તી જોઈને, અમારી જીત જોઈને અમને બક્ષિસ આપજો.'

રાજાએ કહ્યું : 'ભલે જાઓ, કરો તૈયારી. હું પણ કુસ્તી જોવા આવું છું.

બહુ મોટાઈ બતાવો છો પણ હારીને નાક ન કપાવતા.'

ત્રણે મલ્લ અભિમાનથી બોલ્યા : 'ઘનશ્યામ શા હિસાબમાં ? તેને મચ્છરની જેમ ફગાવી દઈશું.'

થોડી વાર પછી આખા અયોધ્યા શહેરની શેરીઓમાં ઢંઢેરો પિટાવ્યો : 'નામદાર રાજાના હુકમથી આજે સાંજે બરહટ્ટા શેરીમાં ધર્મપિતાના ઘર પાસે આંબલીવાળા કૂવા પાસેના મેદાનમાં ભીમસંગ, દિલ્લીસંગ અને માનસંગ એ ત્રણે મલ્લો ઘનશ્યામ સાથે મલ્લયુદ્ધ કરશે. નામદાર રાજા રાયદર્શનસિંહ પણ કુસ્તી જોવા પધારશે. માટે સૌ ગ્રામજનોએ હાજર થઈ જવું.'

રાજાના નોકરો આવીને આંબલીવાળા કૂવાનું મેદાન સાફ કરવા લાગ્યા. બીજા નોકરો મંડપ તૈયાર કરવા લાગ્યા. જોતજોતાંમાં તૈયારી થઈ ગઈ. રાજા તથા દરબારો માટે ગાદી-તકિયાવાળી બેઠક ગોઠવાઈ ગઈ. ધજા-પતાકાં બંધાઈ ગયાં.

આ બાજુ ધર્મપિતાને ચિંતા થવા લાગી : 'મોટા મલ્લો મારા નાનકડા ઘનશ્યામને મારી નાખશે તો ? આજે તો મારા પુત્રની પરીક્ષા કરવા રાજા પણ આવવાના છે. હવે શું થશે ?'

ધર્મપિતાને ચિંતાતુર જોઈને ઘનશ્યામે કહ્યું : 'પિતાજી ! તમે બીશો નહીં. જરા પણ ચિંતા કરશો નહીં. ભગવાન પોતાની લાજ રાખશે.' એમ કહીને ભગવાને પોતાનું રૂપ એકદમ મોટા મલ્લ જેવું વિરાટ કરી બતાવ્યું. થોડી વાર પછી એ સ્વરૂપ પોતાનામાં પાછું સમાવી દીધું. આ જોઈ ધર્મપિતા અને ભક્તિમાતાની ચિંતા દૂર થઈ ગઈ.

સાંજ પડી. રાજા આવશે, ઘનશ્યામ આજે મલ્લોનું અભિમાન તોડશે, એ જોવા હજારો લોકોની ઠઠ જામી. મંડપ ખીચોખીચ ભરાઈ ગયો.

થોડી વાર થઈ ને છડીદારે છડી પોકારી. નામદાર રાજા અને દરબારીઓ પધાર્યા. ધર્મપિતા અને રામપ્રતાપભાઈ પણ ઘનશ્યામને લઈને પધાર્યા.

ઘનશ્યામને જોઈને સૌથી મોટા ભીમસંગે પગ પર હાથ પછાડીને મોટો અવાજ કર્યો અને પછી ગર્જ્યો : 'અહીં વચ્ચે અખાડામાં આવ. આજે તને અમારું જોર બતાવી દઈએ.'

ઘનશ્યામ હસતાં હસતાં તેની પાસે ગયા. ભીમસંગે મોટી સાંકળ


ઉપાડી. પોતાના જમણા પગમાં સાંકળ બાંધીને વચ્ચોવચ સ્થિર ઊભો રહ્યો. પછી આખી સભાને કહે : ‘મારા જમણા પગમાં સો હાથી જેટલું બળ છે. મારા પગે બાંધેલી આ સાંકળ ખેંચીને જો મને ઘનશ્યામ પાડી દેશે અથવા મારો જમણો પગ ખસેડી દેશે તો જ હું તેને બળિયો માનીશ.’

ઘનશ્યામ ધર્મપિતાને પગે લાગ્યા. પછી હળવેકથી નીચે નમીને સાંકળ ડાબે હાથે ઊંચી કરી... અને... એક જ ઝાટકે ભીમસંગને ખેંચીને દૂર ફગાવ્યો. સાંકળના બે ટુકડા થઈ ગયા. ભીમસંગ આંબલીના ઝાડ સાથે ભટકાયો. નાકમાંથી અને મોઢામાંથી લોહીની ધારા છૂટવા લાગી.

હાર્યો એટલે ભીમસંગ વધુ ક્રોધે ભરાયો. બીજી સાંકળ હાથમાં લઈને બોલ્યો : ‘ઘનશ્યામ ! તારામાં બહુ તાકાત હોય તો તું પગે સાંકળ બાંધીને સ્થિર ઊભો રહે. પછી જો અમે તને ફેરફુદરડી ફેરવીને ફગાવી દઈશું.’

ઘનશ્યામ કહે : ‘ચાલો, એમ કરીએ.’

ઘનશ્યામે પોતાના ડાબા પગે સાંકળ બાંધી અને સ્થિર થઈ, આંખો મીંચીને ઊભા રહ્યા. પછી તો ભીમસંગે સાંકળ ખેંચી પણ ઘનશ્યામ ખસે જ નહીં. એટલે ત્રણે મલ્લોએ ભેગા મળીને સાંકળ ખેંચવા માંડી પણ ઘનશ્યામ તો ન હાલે કે ન ચાલે. ત્રણે જણાએ વધુ ને વધુ જોર કરવા માંડ્યું. નાકનાં



નસકોરાં ફૂલી ગયાં અને લંગોટાં છૂટી ગયાં, પણ ઘનશ્યામ હલે નહીં. આ જોઈ આખી સભા ખડ ખડ હસે.

ત્રણેના ગુસ્સાનો પાર ન રહ્યો. લાલઘૂમ આંખો કરીને છેલ્લી વાર ખૂબ જોર કર્યું. ત્યાં તો... સાંકળ તૂટી ગઈ અને ત્રણે જણા ધબ્બ દેતાંકને ભોંય પર પડ્યા. હાડકાં ભાંગી ગયાં. ઊભા પણ થવાયું નહીં. છતાં ઘનશ્યામ તો ત્યાં જ સ્થિર ઊભાં ઊભાં હસતા હતા.

રાજા રાયદર્શનસિંહે ઊભા થઈને ઘનશ્યામની જય બોલાવી. પોતાનાં વસ્ત્રો અને આભૂષણો ઘનશ્યામને ભેટ આપ્યાં. પતાસાં વહેંચાવ્યાં. રાજાએ ત્રણે મલ્લોને ઘનશ્યામની માફી માગવાનો હુકમ કર્યો. તેથી ત્રણે મલ્લોએ ઘનશ્યામની માફી માગીને કહ્યું : 'હવેથી અમે અમારી તાકાતનું અભિમાન નહીં કરીએ. તમે તો પ્રભુ છો, માટે અમારી ભૂલ માફ કરો.'

ઘનશ્યામે ત્રણેને આશીર્વાદ આપ્યા. ત્યારબાદ રાજાએ ધર્મપિતા તથા ઘનશ્યામને હાથી પર બેસાડીને વાજતે-ગાજતે ફેરવ્યા. ઘેર ઘેર ઘનશ્યામની જય બોલાવા લાગી. ચારેકોર જય જયકાર થઈ ગયો.

૨૨. કંદોઈને પરચો

સુવાસિની ભાભી એક સવારે રસોઈ કરતાં હતાં. ઘનશ્યામ રસોડામાં આવ્યા ને ભાભીને કહ્યું : 'ભાભી ! ભાભી ! ભૂખ બહુ લાગી છે. માટે જલદી ખાવાનું આપો.'

ભાભીએ કહ્યું : 'રસોઈને હવે થોડી જ વાર છે, પણ બહુ ભૂખ લાગી હોય તો ચણા કે સુખડી આપું !'

ઘનશ્યામ ન માન્યા. એમણે તો એવી હઠ લીધી કે મારે તો પેંડા જ ખાવા છે. ભાભીને ખૂબ આશ્ચર્ય થયું ! ઘનશ્યામનો તો એવો સ્વભાવ હતો કે ભૂખ લાગી હોય તો પણ કોઈ દિવસ કાંઈ ન બોલે ને મિષ્ટ ભોજનમાં તો એમને જરાય રુચિ નહોતી. તે ઘનશ્યામ આજે પેંડા માંગતા હતા ?

લોટ બાંધતાં બાંધતાં ભાભીએ વીંટી બાજુમાં મૂકીને હસીને કહ્યું : 'પેંડા ખાવા હોય તો જાવ પેલા કંદોઈ-મીઠાઈવાળા પાસે. અહીં કંઈ ન મળે.'

ઘનશ્યામ કહે : 'હા હા, હું તો ત્યાં જ જાઉં છું.' એટલું કહીને દોડતાંક તેમણે ભાભીની વીંટી લઈ લીધી.

ભાભી એકદમ ચમક્યાં ને ઘનશ્યામને પકડવા દોડ્યાં. પણ ઘનશ્યામ એમ કંઈ પકડાય ? એક ઓરડામાંથી બીજામાં ને બીજામાંથી ત્રીજા ઓરડામાં ભાભીને ખૂબ દોડાવ્યાં. ભાભીએ મોટાભાઈની બીક બતાવતાં કહ્યું : ‘આમ વીંટીની ચોરી કરીને પેંડા ખાશો તો મોટાભાઈ મારશે.’

ઘનશ્યામે કહ્યું : ‘આમાં વળી ચોરી શાની ? હું તો તમારાં દેખતાં જ લઈ જાઉં છું.’

ભાભીને લાગ્યું કે ઘનશ્યામ તો કોઈ રીતે પકડાશે નહીં. તેથી છેવટે બહારથી ઓરડાનું બારણું બંધ કરી દીધું ને ઘનશ્યામને અંદર પૂરી દીધા. પણ જ્યાં ભાભીએ ફરીને જોયું તો ઘનશ્યામ તો બહાર ચોકમાં ઊભાં ઊભાં વીંટી બતાવતાં હસતા હતા ! આ શું ? હમણાં તો અંદર પૂરી દીધા હતા ને બહાર ક્યાંથી આવ્યા ? સુવાસિની ભાભી મૂંઝાયાં.

ઘનશ્યામ તો વીંટી બતાવીને દોડતાં ઘરની બહાર નીકળી ગયા ને સીધા કંદોઈની દુકાને પહોંચ્યા. કંદોઈને વીંટી બતાવીને કહ્યું : ‘મને બધી જ મીઠાઈઓ આપો તો આ વીંટી આપું.’

કંદોઈને સોનાની વીંટીનો લોભ જાગ્યો. તેણે બધી જ મીઠાઈઓ ટોપલામાં ભરી આપી. ઘનશ્યામ તો તે બધું જ લઈને મિત્રો સાથે વાડીએ ઉજાણી કરવા નીકળી ગયા.

થોડી વારે ધર્મપિતા અને રામપ્રતાપભાઈ આવ્યા. તેમણે ઘનશ્યામની આ બધી વાત સાંભળી. તેથી એકદમ ગુસ્સે થઈ ગયા. એટલામાં ઘનશ્યામ પણ દોડતાં દોડતાં આવ્યા ને સીધા ભક્તિમાતાના ખોળામાં જઈને બેસી ગયા.


રામપ્રતાપભાઈએ લાલપીળા થતાં ઘનશ્યામને પૂછ્યું : ‘વીંટી ક્યાં ગઈ, ઘનશ્યામ ?’

ઘનશ્યામે કહ્યું : ‘મને વીંટીની કાંઈ ખબર નથી.’

એટલે એક તમાચો ગાલ પર પડ્યો. ઘનશ્યામ તો રડવા લાગ્યા. સુવાસિની ભાભી એકદમ દોડ્યાં ને ઘનશ્યામને તેડી લીધા. ભક્તિમાતા પણ વચ્ચે પડ્યાં. છેવટે બધાં કંદોઈની દુકાને ગયાં. ઘનશ્યામ પણ સાથે ગયા.

ધર્મપિતાએ તથા રામપ્રતાપભાઈએ કંદોઈને પૂછ્યું : ‘આ ઘનશ્યામ તમને વીંટી આપી ગયા છે ?’

કંદોઈએ કહ્યું : ‘મારી દુકાનની બધી જ મીઠાઈ મેં તેને આ વીંટીના



બદલામાં આપી દીધી છે. અંદર જુઓ, બધું જ ખાલી છે.'

ઘનશ્યામે રડતાં રડતાં કહ્યું : 'ના, ના, એ તો જૂઠું બોલે છે. મેં તેની મીઠાઈ લીધી જ નથી. ચાલો તેની દુકાનમાં.' એમ કહી ધર્મપિતા અને રામપ્રતાપભાઈનો હાથ ઝાલીને ઘનશ્યામ તેમને દુકાનમાં લઈ ગયા.

દુકાનમાં જઈ ઘનશ્યામે કહ્યું : 'જુઓ, મીઠાઈ તો બધી અહીં જ છે, આ બધા ટોપલા ભરેલા છે.'

બધાંએ જોયું તો મીઠાઈ બધી ટોપલામાં અકબંધ હતી. કંદોઈને તો આ જોઈને ખૂબ આશ્ચર્ય થયું ! તેણે બે હાથ જોડીને ધર્મપિતાને કહ્યું : 'ધર્મદેવ ! આપના આ પુત્ર બહુ મહાન છે.'

પછી સૌ વીંટી લઈને આશ્ચર્ય પામતાં ઘરે આવ્યાં.

૨૩. ખાંપા તળાવડી

એક વાર ઘનશ્યામ રામપ્રતાપભાઈ તથા સુવાસિની ભાભી સાથે તરગામ ગયા. ઘરથી થોડે દૂર નાનકડું વન. ત્યાં એક સુંદર તળાવડી.



તળાવડીની આજુબાજુ લીલુંછમ ઘાસ અને સારાં સારાં ફૂલછોડ. બધા ગોવાળો ગાયો લઈને ત્યાં ગાયો ચરાવવા જાય. ઘનશ્યામ પણ રોજ સાંજે ત્યાં રમવા જાય. ઝાડ પર આંબલી-પીપળી રમે. કેવડો, ગુલાબ, મોગરો વગેરે ફૂલ ચૂંટે. બધા બાળસખા ભેગા થઈને ફૂલની માળા બનાવે અને ઘનશ્યામને પહેરાવે.

એક દિવસ સાંજે ઘનશ્યામ તળાવડી પાસે ઊભા હતા. ગાયો લઈને ગોવાળો ઘર ભણી પાછા જતા હતા. ઘનશ્યામે ઘેરો સાદ પાડીને ગાયોને બોલાવી. તરત જ બધી ગાયો દોડતી દોડતી ઘનશ્યામને વીંટળાઈને ઊભી રહી ગઈ. ગોવાળે ગાયોને પાછી વાળવા ખૂબ પ્રયત્ન કર્યા પણ ગાયો ઘનશ્યામ પાસેથી ખસે જ નહીં. ઘનશ્યામે થોડી વાર સુધી બધી ગાયોનાં માથાં પર હાથ ફેરવ્યો, પછી કહ્યું : 'હવે જાઓ.' ત્યારે બધી ગાયો ભાંભરતી ઘરે ભાગી ગઈ.

પછી ઘનશ્યામ તળાવડીને કાંઠે આવેલા આંબલીના વૃક્ષ પર ચડ્યા. થોડી વાર રમ્યા. પછી ઝાડ પરથી નીચે ઊતરતાં પગ લપસ્યો. ઘનશ્યામ તળાવડીને કાંઠે નીચે પડ્યા. જમણા પગની સાથળમાં ખાંપો વાગ્યો. લોહીની ધાર વહેવા લાગી. બધા બાળસખા ગભરાઈ ગયા. સુખનંદન રામપ્રતાપને બોલાવવા દોડ્યો.

તેટલામાં તો આકાશમાંથી ઈંદ્ર, ચંદ્ર, બ્રહ્મા, વિષ્ણુ વગેરે દેવો આવ્યા. ઈંદ્રદેવે તરત આકાશવાણી કરી દેવોના વૈદ્ય અશ્વિનીકુમારને બોલાવ્યા. આકાશમાંથી અશ્વિનીકુમારે આવીને દવા લગાડી પાટો બાંધી આપ્યો. પછી સર્વે દેવો ઘનશ્યામને પગે લાગીને આકાશમાં અદૃશ્ય થઈ ગયા.

ત્યાં તો સુખનંદનની સાથે રામપ્રતાપ આવ્યા. જોયું તો ઘનશ્યામની સાથળ પર પાટો બાંધેલો. તેમણે પૂછ્યું : 'કોણે દવા કરી ? આ પાટો કોણે બાંધ્યો ?'

ત્યારે વેણીએ કહ્યું : 'દેવોના વૈદ્ય અશ્વિનીકુમાર આકાશમાંથી આવીને દવા લગાડી ગયા છે. પાટો પણ એમણે જ બાંધ્યો છે.'

રામપ્રતાપ તો અત્યંત રાજી થઈ ગયા. આનંદમાં ઘનશ્યામને ખભે તેડીને ઘેર લઈ ગયા.

સુવાસિની ભાભી ચિંતાતુર હૃદયે ઘનશ્યામની રાહ જોતાં હતાં. ઘનશ્યામને જોયા કે તરત જ છાતી સાથે ચાંપી દીધા. પછી પૂછ્યું : 'ક્યાં વાગ્યું ?'

'મને કાંઈ વાગ્યું જ નથી.' એમ કહી ઘનશ્યામે પાટો ખોલીને બતાવ્યો.

સુવાસિની ભાભીએ જોયું તો કાંઈ દેખાય નહીં. ફક્ત ખાંપાનો ઘા દેખાયો. સુવાસિની ભાભીના આનંદનો પાર ન રહ્યો.

આ પ્રસંગ બન્યો ત્યારથી એ તળાવડીનું નામ 'ખાંપા તળાવડી' પડી ગયું.

૨૪. સોળ ચિહ્નો

ધર્મદેવ અને ભક્તિમાતા ત્રણે પુત્રોને લઈને તીર્થ કરવા નીકળ્યાં. વસંતાબાઈ અને ચંદામાસી પણ સાથે જ.

રસ્તામાં ગુંડા ગામ આવ્યું. ગામમાં નાનકડું મંદિર. મંદિરમાં ઠાકોરજીની નાનકડી મૂર્તિ. સાંજની આરતી વખતે ધર્મપિતા ત્રણે પુત્રોને લઈને મંદિરે દર્શન કરવા ગયા. ઘણણણણ ઘંટ, ટન ટન ટન ઝાલર અને તડ તડા તડ નગારું વાગવા માંડ્યું. ઠાકોરજીની આરતી શરૂ થઈ. પૂજારી આરતી ઉતારે. ઘનશ્યામ મૂર્તિની સામે ઊભા રહીને દર્શન કરે.

તેવામાં ઠાકોરજીની મૂર્તિ સિંહાસન પરથી ઊતરીને ઘનશ્યામ પાસે આવી. પોતાના ગળામાંથી હાર કાઢીને ઘનશ્યામને પહેરાવ્યો. ઠાકોરજી પાછા પોતાના સિંહાસન પર ગોઠવાઈ ગયા. પૂજારીએ જોયું, ધર્મપિતાએ જોયું. દર્શન કરવા આવેલા બધા જ ભક્તોએ આ ચમત્કાર જોયો. ગામ આખામાં આ વાત પ્રસરી ગઈ.

એકને ખબર પડી, બેને ખબર પડી, એમ કરતાં કરતાં વાત રાજા ગુમાનસિંહને કાને પહોંચી. બીજે દિવસે સવારે ઘનશ્યામની પરીક્ષા કરવાનો રાજાએ વિચાર કર્યો. રાજાએ ચાકરને મોકલ્યો. હુકમ કર્યો, ત્રણે પુત્રોને લઈને ધર્મપિતા રાજદરબારમાં સવારે દસ વાગે હાજર થઈ જાય.

સવારે ધર્મપિતા ત્રણે પુત્રોને લઈને રાજા ગુમાનસિંહના દરબારમાં પહોંચી ગયા. ધર્મપિતાને રાજા ગુમાનસિંહે પૂછ્યું : 'બધાને ચમત્કાર બતાવનાર તમારા પુત્ર ઘનશ્યામ કોણ છે ?'

ધર્મપિતાએ ઘનશ્યામને માથે હાથ મૂકીને કહ્યું : 'આ અમારા વચલા પુત્ર છે, તે જ ઘનશ્યામ છે.'

રાજાને મનમાં થયું : 'જો આ ઘનશ્યામ ભગવાન હશે, તો બે વાત સાચી પડશે. શાસ્ત્રમાં લખ્યું છે કે ભગવાનને પડછાયો ન હોય અને બીજી વાત પણ શાસ્ત્રમાં આવે છે કે ભગવાનનાં ચરણમાં સોળ ચિહ્ન હોય. જો



ઘનશ્યામ ભગવાન હશે, તો તરત ખબર પડી જશે. જો નહીં હોય તો જરૂર કાંઈ બનાવટ હશે.'

આમ વિચારીને રાજાએ ધર્મદેવને બહાર ખુલ્લા ચોગાનમાં બોલાવ્યા. સાથે ઘનશ્યામને પણ બોલાવ્યા. પણ...? પણ... રાજા તો આશ્ચર્યચકિત થઈ ગયા, કારણ કે ધર્મદેવનો પડછાયો પડે પણ ઘનશ્યામનો પડે નહીં.

પછી રાજાએ ઘનશ્યામને લાંબા પગ કરીને બેસવા કહ્યું. ઘનશ્યામ આસનિયા પર લાંબા પગ કરીને બેઠા. રાજાના આનંદનો પાર ન રહ્યો. જુએ

તો ઘનશ્યામના જમણા પગમાં અષ્ટકોણ, ઊર્ધ્વરેખા, સ્વસ્તિક, જાંબુ, જવ, વજ્ર, અંકુશ, કેતુ અને પદ્મ એવાં કુલ નવ ચિહ્નો હતાં. ડાબા પગમાં ત્રિકોણ, કળશ, ગોપદ, ધનુષ, મીન, અર્ધચંદ્ર અને વ્યોમ એવાં સાત ચિહ્નો. આ ઉપરાંત, બંને ચરણમાં ઊર્ધ્વરેખા અંગૂઠા અને આંગળી વચ્ચેથી નીકળીને પાની તરફ જાય. રાજાને ખાતરી થઈ કે ઘનશ્યામ તો ભગવાન છે.

રાજા ગુમાનસિંહ અતિશય આનંદમાં આવી ગયા. તેમનાં રાણી કુંવરબાના હરખનો પાર ન રહ્યો. રાજા-રાણીએ ઘનશ્યામનાં ચરણમાં માથું નમાવીને નમસ્કાર કર્યા. પછી દરબારમાં સુંદર પલંગ ઢળાવ્યો, રેશમી તકિયા નંખાવ્યા. તેના પર ધર્મદેવ સાથે ઘનશ્યામને બેસાડ્યા. તેમની ચંદન, કંકુ અને ફૂલોથી પૂજા કરી. ઘનશ્યામની આરતી ઉતારી. પછી ઘનશ્યામને મખમલની સોનાની ભરતવાળી ટોપી તથા સુરવાળ ભેટ આપ્યાં અને માન-પાન સાથે વિદાય કર્યા.

ત્રીજે દિવસે ધર્મદેવ તથા ભક્તિમાતા ત્રણે પુત્રોને લઈને બીજાં તીર્થોની યાત્રાએ નીકળ્યાં. યાત્રા કરતાં કરતાં લખનૌ અને કાનપુર થઈને અયોધ્યા તરફ પાછાં વળ્યાં.

ત્રણે ભાઈઓમાં ઇચ્છારામજી સૌથી નાના. હજી ચાલતાં પણ નહીં શીખેલા, તેથી વસંતાબાઈ ઇચ્છારામને તેડીને ચાલે. ઘનશ્યામ ભક્તિમાતાની આંગળી પકડીને ચાલે.

રસ્તામાં ઘનશ્યામે હઠ લીધી. ભક્તિમાતાને કહ્યું : 'ઇચ્છારામને શા માટે તેડો છો ? મને કેમ નહીં ?'

આ સાંભળી ભક્તિમાતા સમજાવવા લાગ્યાં કે 'ઇચ્છારામ નાના છે. તેનો ભાર સાવ થોડો છે. વળી, ચાલતાં પણ નથી શીખ્યા. તમારો તો ભાર કેટલો લાગે ? તમે તો ચાલવાનું પણ જાણો છો. માટે તમારે તો ચાલવું જ જોઈએ !'

ઘનશ્યામ કહે : 'અમારો ભાર કાંઈ નથી, અમારા પગ થાકી ગયા છે. અમારા કરતાં તો ઇચ્છારામનો ભાર વધારે છે તોય તેને કેમ તેડો છો ?'

એમ કહી ઘનશ્યામે પોતાની શક્તિથી ઇચ્છારામનો ભાર વધારી દીધો. તેથી વસંતાબાઈ ઇચ્છારામને નીચે મૂકીને ભક્તિમાતાને કહેવા લાગ્યાં : 'ઇચ્છારામનો ભાર કેમ આટલો બધો વધી ગયો ? રોજ તો આટલો ભાર નથી લાગતો.'

ભક્તિમાતાએ હસતાં હસતાં જવાબ આપ્યો : ‘આ તો ઘનશ્યામનો પ્રતાપ છે. તેને ચાલવાની ઈચ્છા નથી માટે ઈચ્છારામમાં ભાર મૂક્યો છે. ચંદામાસી તમે ઘનશ્યામને તેડી લો એટલે બધું બરોબર થઈ જશે.’

ચંદામાસીએ ઘનશ્યામને તેડ્યા. જરાય ભાર લાગ્યો નહીં. વસંતાબાઈએ ઈચ્છારામને ફરીથી તેડ્યા તો તેનો પણ ભાર પહેલાં જેટલો જ ઓછો થઈ ગયેલો. નાનકડા ઘનશ્યામની આ યુક્તિ જોઈને ધર્મપિતા અને ભક્તિમાતા હસવા લાગ્યાં.

૨૫. ઘનશ્યામે હિંસા બંધ કરાવી

ધર્મદેવના સાઢુભાઈ બલદીધર હતા. બલદીધર તથા તેમના ભાઈ મોરલીગંગાધર એ બંને રાજાના લશ્કરમાં સિપાઈ તરીકે નોકરી કરે.

એક વખત રાજાનું લશ્કર ફરતું ફરતું બલ્લમપઢરી ગામે આવ્યું. ધર્મદેવે વિચાર કર્યો કે અહીંથી બલ્લમપઢરી ગામ પાસે છે. માટે બલદીધર તથા મોરલીગંગાધરને હું મળી આવું. આમ વિચાર કરીને ઘનશ્યામ તથા રામપ્રતાપને લઈને ધર્મદેવ બલ્લમપઢરી ગામે જવા નીકળ્યા.


બલ્લમપઢરી ગામને પાદર બગીચામાં રાજાનું લશ્કર ઊતર્યું હતું. બગીચાને દરવાજે એક ચોકીદાર બેઠો હતો. ધર્મદેવે ચોકીદારને કહ્યું : ‘મારે બલદીધર તથા મોરલીગંગાધરને મળવું છે. બંને જણા રાજાના સૈન્યમાં સિપાઈ તરીકે કામ કરે છે. માટે અમને તેમની પાસે લઈ જા.’

ચોકીદાર કહે : ‘તમે મારી પાછળ ચાલ્યા આવો. હું તમને તેમની પાસે લઈ જઈશ.’ એમ કહી ચોકીદાર તેમને એક પીપળાના ઝાડ પાસે લઈ ગયો.

પીપળાના ઝાડ પાસે એક મોટો તંબુ બાંધેલો. તે તંબુમાં રાજા તેના કેટલાક સિપાઈઓ સાથે બેસીને ગાય, બકરાં વગેરે પ્રાણીઓની હિંસા કરાવતો હતો.

ધર્મદેવે તંબુની અંદર હિંસા થતી જોઈ તેમનું દિલ દુઃખથી ભરાઈ આવ્યું. ઘનશ્યામે તેમનું દુઃખી મોઢું જોઈ પૂછ્યું : ‘શું છે પિતાજી ?’

ધર્મદેવે તંબુનો દરવાજો બતાવ્યો. ઘનશ્યામે તંબુમાં જોયું તો હિંસા થતી હતી. ઘનશ્યામને નિર્દોષ પ્રાણીઓ પર દયા આવી. તેમણે એક સંકલ્પ કર્યો કે તરત જ રાજાના સૈન્યના બધા જ હાથીઓ તથા ઘોડાઓ પોતાની સાંકળ



તોડીને, ગાંડા થઈને તંબુ તરફ દોડ્યા. કેટલાક હાથીઓ તંબુને સૂંઢથી ઉખેડવા લાગ્યા, તો કેટલાક હાથીઓ તંબુની અંદર દોડી ગયા.

ચારેકોર ઘોડાઓના હણહણાટ અને હાથીઓના ચિત્કારથી ગામ ગાજી ઊઠ્યું. તંબુમાંથી સિપાઈઓ જીવ લઈને આમતેમ નાઠા. રાજા તંબુમાં ઉઘાડે શરીરે બેઠો હતો તે પણ ગાંડા હાથીને જોઈને નાઠો. દોડતાં દોડતાં રાજાની ધોતલી છૂટી ગઈ. જેમ તેમ કરીને ધોતલી હાથથી પકડીને તે પીપળાના ઝાડ નીચે સંતાયો. હાથી પણ તેની પાછળ ઝાડ તરફ દોડ્યો. આ જોઈ રાજા ઝટપટ પીપળાના ઝાડ ઉપર ચડી ગયો. હાથી ત્યાંથી દોડતો દૂર ચાલ્યો ગયો.

હવે ઘનશ્યામે પોતાની શક્તિથી પીપળાના ઝાડમાં પ્રવેશ કરીને આખું ઝાડ હલાવવા માંડ્યું. ઝાડની બધી ડાળીઓ હાલવા માંડી, પાંદડાં ખરી પડવા લાગ્યાં. આથી, રાજા ધ્રૂજવા લાગ્યો. તેણે નીચે જોયું તો તેને આખી પૃથ્વી ધ્રૂજતી દેખાઈ. તેને પોતાના પાપનો પસ્તાવો થવા લાગ્યો. તે જોરજોરથી રડવા લાગ્યો અને ‘ભગવાન બચાવો’, એમ રાડો પાડતો પ્રાર્થના કરવા લાગ્યો. રાજાને થયું કે હમણાં નીચે પછડાઈ જઈશ અને મારા રામ રમી જશે.

જ્યારે રાજા બહુ કરગરવા લાગ્યો, ત્યારે ઘનશ્યામે ઝાડમાં રહીને કહ્યું : ‘તું અને તારું સૈન્ય પાપ કરો છો. તમે નિર્દોષ પ્રાણીઓની હિંસા કરો છો. તેથી હું કોપાયમાન થયો છું. માટે જો તમારે જીવવું હોય તો આજથી

પ્રતિજ્ઞા કરો કે અમે હિંસા નહીં કરીએ. નહીં તો ઘડીકમાં સત્યાનાશ થઈ જશે. તમે જે ભગવાનને પ્રાર્થના કરો છો તે તો આ ઝાડની સામે જ ધર્મદેવની બાજુમાં ઘનશ્યામ રૂપે ઊભા છે. તેમની માફી માગો, તો તમારો છુટકારો થશે.'

આ શબ્દો સાંભળીને રાજા સ્તબ્ધ થઈ ગયો. તેને થયું કે મારે ભગવાનની આજ્ઞા માનવી જોઈએ – એમ વિચારી તેણે પ્રતિજ્ઞા કરી કે 'હવેથી કોઈ દિવસ પોતે નિર્દોષ પ્રાણીઓની હિંસા નહીં કરે અને પોતાના સૈન્યમાં પણ નહીં થવા દે.'

તેણે મનોમન ભગવાનને પ્રાર્થના કરી : 'હે ભગવાન ! હું સોગંદ ખાઈને કહું છું કે હવે કદી હિંસા કરીશ નહીં. હિંસા થવા પણ નહીં દઉં.'

રાજાની આ પ્રાર્થના સાંભળીને ઘનશ્યામને દયા આવી. તેમણે તરત જ પીપળાનું ઝાડ સ્થિર કરી દીધું. બધા હાથી, ઘોડાઓ ચુપચાપ પોતાના સ્થાને ઘાસ ખાવા ચાલ્યા ગયા.

રાજા ધીરેથી ઝાડ પરથી નીચે ઊતર્યો. ધીમે પગલે શરમાતો શરમાતો ઘનશ્યામ પાસે આવીને ઘૂંટણીએ પડીને પગે લાગ્યો અને સ્તુતિ કરવા લાગ્યો : 'હે ઘનશ્યામ ! તમે તો ભગવાન છો. હું તો તમારો સેવક છું. મારી ભૂલો, મારાં પાપ તમે માફ કરો. હું કોઈ દિવસ હિંસા નહીં કરું.'

રાજાના શબ્દો સાંભળીને ઘનશ્યામે તેને આશીર્વાદ આપ્યા. રાજા ઘનશ્યામને તથા ધર્મપિતાને પગે લાગીને તંબુમાં વિસામો લેવા પાછો ગયો.

ધર્મદેવ પણ બલદીધર અને મોરલીગંગાધરને મળીને ઘનશ્યામ તથા રામપ્રતાપને લઈને અયોધ્યા પાછા ગયા.

૨૬. મહાવતની રક્ષા કરી

અયોધ્યામાં એક બળદેવજી નામના ધનાઢ્ય રહેતા હતા. તેમણે એક બળવાન હાથી પાળ્યો હતો. હાથી સાચવવા માટે મહાવત રાખેલો. મહાવત રોજ હાથીના ખોરાકમાંથી ઘીની મીઠાઈઓ ચોરી લે. હાથીને ખાવા દે નહીં.

હાથી રોજ આ જુએ. તેથી એક દિવસ હાથી ગુસ્સે થયો. તે દિવસે બપોરે મહાવત હાથીને સરોવર પર નવરાવવા લઈ ગયો. હાથીને પાણીમાં ઉતારીને નળિયાથી તેનું શરીર ધોવા લાગ્યો. હાથીએ આજે ઘણા દિવસનું



વેર લેવા માટે મહાવતને સૂંઢથી ઉપાડી પછાડવા માટે ઊંચો કર્યો.

કિનારા પર ઊભા રહેલા બધા જ આ દૃશ્ય જોઈ રહ્યા.

તેવામાં ઘનશ્યામને લઈને ધર્મદેવ ત્યાંથી નીકળ્યા. ઘનશ્યામે આ દૃશ્ય જોયું. તેમને મહાવતની દયા આવી. તરત જ બીજે સ્વરૂપે ઘનશ્યામ પાણીમાં ઊતરી હાથી પાસે પહોંચી ગયા. હાથીની સૂંઢમાંથી મહાવતને છોડાવ્યો. હાથીને શાંત કરી દીધો. હળવેકથી પોતે હાથી પર સવાર થઈ ગયા અને પાણીની બહાર લઈ આવ્યા. હાથી પણ ગરીબ ગાય જેવો થઈને ચાલવા લાગ્યો. કિનારા પર ઊભા રહેલા બધાં જ લોકો આ ચમત્કાર જોઈ રહ્યા. ઘનશ્યામને બે સ્વરૂપે જોઈ સૌ નવાઈ પામ્યા.

હાથી પાણીની બહાર આવ્યો એટલે ઘનશ્યામે પોતાનું બીજું સ્વરૂપ અદૃશ્ય કરી દીધું. પછી તો ઘનશ્યામ હાથી પર સવાર થઈને છેક પોતાના આંગણા સુધી આવ્યા. મહાવતે હાથીને બેસવાનો હુકમ કર્યો. હાથી હળવેકથી બેસી ગયો. ઘનશ્યામ હાથી પરથી ઊતરી ગયા.

મહાવત તો ઘનશ્યામને પગે પડી ગયો. મહાવત કહે : ‘હે ઘનશ્યામ ! આજે તમે હાથીનો ક્રોધ દૂર કર્યો ન હોત, મને બચાવ્યો ન હોત, તો હું મરી જાત. આપ ભગવાન છો. હવેથી હું ખોરાકની ચોરી નહીં કરું.’

ઘનશ્યામે તેને આશીર્વાદ આપી વિદાય કર્યો અને ઘનશ્યામ પોતાના ઘરમાં પધાર્યા.

૨૭. નવી બત્રીસી

એક દિવસ ઘનશ્યામ સુવાસિની ભાભીને કહે : 'ભાભી ! આજે મારી દાઢ બહુ દુઃખે છે. દાઢથી રોટલી ચવાતી નથી, માટે શીરો કરી આપો.'

સુવાસિની ભાભી કહે : 'ભલે.'

થોડી વારમાં શીરો બનાવ્યો. પછી સુવાસિની ભાભીએ સૌને જમવા બોલાવ્યા. ધર્મપિતા, રામપ્રતાપભાઈ તથા નાના ઈચ્છારામભાઈને રોટલી પીરસી અને ઘનશ્યામની થાળીમાં શીરો પીરસ્યો. ઘનશ્યામે થોડોક શીરો નાનાભાઈ ઈચ્છારામને આપ્યો. બે કોળિયા શીરો ખાધો. બાકીનો પડતો મૂકી ઘનશ્યામે હાથ ધોઈ નાખ્યા. આ જોઈ સુવાસિની ભાભીએ રસોડાની પાછળના ફળિયામાં ઘનશ્યામને બોલાવ્યા, પછી પૂછ્યું : 'કેમ ભાઈ ! દાઢ બહુ દુઃખે છે ?'

ઘનશ્યામે કહ્યું : 'હા ભાભી ! દાઢ બહુ દુઃખે છે, બહુ હલે છે, માટે જે જે દાઢો હલતી હોય તે બધી ખેંચી કાઢો તો પીડા ઓછી થાય.' એમ કહી ઘનશ્યામે મોઢું ખોલ્યું. પોતાની દૈવી શક્તિથી બધા જ દાંત ઢીલા કરી નાખ્યા.

સુવાસિની ભાભીએ જે દાઢ હલતી હતી તે કાઢવા મોઢામાં હાથ નાખ્યો. ઘડીકમાં એક દાઢ ખેંચી કાઢી. ઘનશ્યામે કહ્યું : 'આ બીજી પણ દુઃખે છે. જુઓ તે હલે છે માટે તે પણ કાઢી નાખો.' એમ કહી એક પછી એક બધાય દાંત ખેંચાવી કાઢ્યા. સુવાસિની ભાભી તો ઘનશ્યામનું બોખું મોઢું જોઈને ગભરાઈ ગયાં. તેમણે ભક્તિમાતાને બૂમ પાડીને બોલાવ્યાં. ઘનશ્યામનું મોં દેખાડીને કહેવા લાગ્યાં : 'ઘનશ્યામે તો દાઢ દુઃખે છે, હલે છે... એમ કહીને બધા દાંત મારી પાસે ખેંચાવી નંખાવ્યા. હવે જમશે કેમ ?'

ભક્તિમાતાએ જોયું તો પાસે જ દાંતની ઢગલી પડેલી. તેઓ પણ ગભરાઈ ગયાં. તેમણે ઘનશ્યામને કહ્યું : 'મોઢું ખોલો તો જોઉં.'

ઘનશ્યામે મોં ખોલ્યું, ભક્તિમાતા અને સુવાસિની ભાભી બન્ને આશ્ચર્યચકિત થઈ ગયાં. ઘનશ્યામના મોઢામાં દાંતની નવી જ બત્રીસી ! તેમના આશ્ચર્યનો પાર ન રહ્યો. ઘનશ્યામે તરત જ જમીન પરથી દાંતની ઢગલી હાથમાં લઈ લીધી. સુવાસિની ભાભીએ મુઠ્ઠી ખોલાવીને જોયું તો ઘનશ્યામના હાથમાં દાંતને બદલે મોતી. ઘનશ્યામે હાથ ઊંચો કરીને મુઠ્ઠી



ખોલી ત્યાં તો ફરરર કરતાં આકાશમાંથી માનસરોવરના રાજહંસો ઊડતા આવ્યા. ઘનશ્યામના હાથમાંથી એક એક મોતી ચાંચમાં લઈને ઊડી ગયા.

આ બાળલીલા જોઈને ભક્તિમાતા તથા સુવાસિની ભાભી ઘનશ્યામને ભગવાન જાણીને વંદન કરવા લાગ્યાં.

૨૮. બાળમિત્રોને જમાડ્યા

છપૈયામાં એક દિવસ ઘનશ્યામ બાળમિત્રોને લઈને મીન સરોવરને કાંઠે રમવા ગયા. રમતાં રમતાં ચાર વાગી ગયા. માધવ, વેણી, પ્રાગ, સુખનંદન... બધા જ ભૂખ્યા થયેલા. બધા ઝટ ઝટ ઘેર જઈ જમવાનો વિચાર કરવા લાગ્યા. ઘનશ્યામને બધાના મનની વાત ખબર પડી ગઈ. ઘનશ્યામે કહ્યું : 'તમને બહુ ભૂખ લાગી છે ?' બધા બોલી ઊઠ્યા : 'હા.'

આ સાંભળી ઘનશ્યામે કહ્યું : 'હું કહું તેમ કરો તો અહીંયાં જ તમને જમાડું.'

બધા બાળમિત્રો બોલ્યા : 'હા, અમે તૈયાર છીએ. તમે જેમ કહો તેમ કરવા તૈયાર છીએ. પણ તમારે અમને જમાડવા પડશે.'

ઘનશ્યામ કહે : 'સાંજે સૂરજ આથમે ત્યાં સુધી મારી સાથે રમવા કબૂલ થાઓ, તો હું બધાને જમાડીશ.'

બધા કહે : 'હા, હા, અમે રમીશું. અમને કબૂલ છે.'

પછી તો ઘનશ્યામે પોતાનો રૂમાલ છોડીને આંબાની ડાળે બાંધ્યો. પછી ઘનશ્યામે કહ્યું : 'થોડી વારમાં જ મીઠાઈ આ રૂમાલમાં આવી જશે. ચાલો, આપણે થોડી વાર મીન સરોવરમાં નાહી આવીએ.' બધા મીન સરોવરે નાહવા ગયા. પાણીમાં ખૂબ રમત કરી. પછી ઘનશ્યામ કહે : 'ચાલો બધા બહાર નીકળો, સાંજ પડી જશે. મોડું થશે તો મોટાભાઈ વઢશે.'

આ સાંભળી બધા બાળકો પાણીમાંથી બહાર નીકળ્યા. બધાએ કપડાં પહેરી લીધાં. વેણીરામ બોલ્યો : 'ઘનશ્યામ ! મીઠાઈ જમાડીશ એમ તમે અમને કહ્યું હતું ને ! લાવો મીઠાઈ, અમને બહુ ભૂખ લાગી છે.'

ઘનશ્યામ કહે : 'ચાલો, આંબાના ઝાડ પર ચઢીએ. ત્યાં મીઠાઈ રાખી છે.'

બધા બાળમિત્રો દોડતાં દોડતાં આંબા પાસે ગયા. એક પછી એક બધા આંબા પર ચઢી ગયા. ઘનશ્યામે પેલી ડાળ પર જઈ રૂમાલમાં હાથ નાખ્યો. રૂમાલમાંથી મીઠાઈ કાઢીને બધાને આપવા માંડી. બધા બાળમિત્રોને થયું કે આ રૂમાલમાં મીઠાઈ કેવી રીતે આવી હશે ? ઘનશ્યામ બધાના મનનો વિચાર જાણી ગયા. તેમણે તરત જ હુકમ કર્યો. જરા વારમાં તો આઠ સ્ત્રીઓ હાથમાં



થાળ લઈને આકાશમાંથી ઊતરી આવી. આ આઠ સ્ત્રીઓ અષ્ટસિદ્ધિઓ હતી. બધી રૂપરૂપનો અંબાર. દરેકના હાથમાં સોનાના થાળમાં બત્રીસ પકવાન. વળી, બીજા હાથમાં સોનાની ઝારીમાં પીવા માટે ઠંડું પાણી.

બધા બાળમિત્રોને નીચે ઉતારી ઘનશ્યામ બધા સાથે ગોળ કુંડાળે બેસી ગયા. આઠેય સિદ્ધિઓ ઘનશ્યામનાં ગીતો ગાતી ગાતી પીરસવા લાગી. બધાએ પેટ ભરીને ખૂબ ખાધું. ઠંડું પાણી પીધું. બધાએ જમી લીધું એટલે દરેક સિદ્ધિ વારાફરતી ઘનશ્યામને પ્રણામ કરીને આકાશમાં અદૃશ્ય થઈ ગઈ.

એટલામાં તો સૂરજ આથમ્યો. બાળમિત્રો આનંદમાં નાચતાં-કૂદતાં ઘનશ્યામ સાથે ઘરે પાછા ગયા.

૨૯. હજારોને જમાડ્યા અને અભિમાન તોડ્યું

એક વખત સંન્યાસીની એક જમાત ફરતી ફરતી છપૈયામાં ખાંપા તળાવડીને કાંઠે આવી. જમાતમાં એક હજાર બાવા, સંન્યાસીઓ. કોઈ જટાવાળા તો કોઈ દાઢીવાળા, કોઈ ચોટીવાળા તો કોઈ તદ્દન મૂંડા, કોઈના હાથમાં ચીપિયા તો કોઈના હાથમાં ભાલા. કોઈની પાસે દંડ તો કોઈની પાસે તલવાર અને કોઈની પાસે કટાર. મોટી જમાત ખાંપા તળાવડીને કાંઠે ઊતરી. નગારાં ગગડ્યાં. શંખો ફૂંકાયા. શરણાઈઓથી આકાશ ભરાઈ ગયું. ઘડીક વારમાં તો રાવટીઓ અને તંબુઓ બાંધીને બાવાઓ ખાંપા તળાવડીએ નાહવા નીકળ્યા.

ઘનશ્યામ પોતાના બાળમિત્રો વેણી, માધવ, પ્રાગ વગેરેને લઈને આ જમાત જોવા નીકળ્યા.

નાહી-ધોઈને પાંચ આગેવાન બાવા છપૈયા ગામમાં જમવા માટેનું સીધું માગવા નીકળ્યા. આટલા બધા બાવાઓને સીધું કેમ આપવું ? એ બીકથી ગામનો ધણી મોતીભાઈ તરવાડી તો બીજે ગામ ચાલ્યો ગયો.

બાવાઓએ ગામમાં આવીને પૂછ્યું : ‘ધર્મદેવ કોણ છે ?’

લોકોએ ધર્મદેવનું ઘર બતાવ્યું. બાવાઓ ધર્મદેવને ઘેર ગયા. ચીપિયા પછાડીને કહે : ‘અમે એક હજાર બાવાઓ છીએ. અમે ખાંપા તળાવડીને કાંઠે ઊતર્યા છીએ, માટે અમને સારું સીધું આપો.’

આ સાંભળી ધર્મદેવે કહ્યું : ‘સાંભળો, મારા ઘરમાં હજાર બાવાઓ જમે

એટલું અનાજ, ઘી વગેરે નથી. કહો તો સોએક માણસ માટેનું સીધું કાઢી આપું. વળી, ઘરમાં અનાજ ખલાસ થવા આવ્યું છે, તો થોડું મારી પાસેથી લો, બાકીનું ગામમાંથી ઉઘરાવી લો.'

બાવાઓ ચીપિયા પછાડી જોરથી ગર્જ્યા : 'અમે કોઈને ઘરે માગવા નહીં જઈએ. આ ગામમાં સૌથી મોટા સજ્જન તમે છો. તમારે આપવું જ પડશે. ખોટું બોલશો નહીં, લાવો સીધું હમણાં ને હમણાં જ.'

ધર્મદેવ તો આ શબ્દ સાંભળી ચિંતામાં ડૂબી ગયા. હવે શું કરવું એની મૂંઝવણમાં પડ્યા. ઘનશ્યામને ખબર પડી કે પિતાજી ચિંતામાં પડ્યા છે. તરત જ તેઓ ઘેર આવ્યા અને પિતાજીને પૂછ્યું : 'શું છે પિતાજી ? તમે ચિંતાતુર શા માટે જણાઓ છો ?'

ધર્મપિતાએ તેમને સઘળી વાત સમજાવી. પિતાજીની વાત સાંભળી ઘનશ્યામ કહે : 'તમે ગભરાશો નહીં, આપણી કોઠીમાંથી દાણા કાઢવા માંડો. ખૂટશે નહીં.' એમ કહી તેમણે સુવાસિની ભાભી પાસે સીધું કઢાવ્યું.

ભાભી તો અનાજ, લોટ, ગોળ, ઘી, બધું કાઢતાં જ જાય, ખૂટે જ નહીં. જોતજોતાંમાં સીધાના ઢગલા તૈયાર કરી નાખ્યા. બાવાઓ રાજી રાજી થઈ



ગયા અને ધર્મદેવની પ્રશંસા કરવા લાગ્યા. હજાર માણસોને થઈ રહે તેનાથી પણ વધારે સીધું અને ઘી મળ્યું એટલે આશીર્વાદ આપીને ચાલતા થયા.

ધર્મદેવને થયું કે 'આટલું બધું અનાજ આવ્યું ક્યાંથી ? હવે તો એક દાણો પણ ઘરમાં નહીં હોય.' એમ ધારીને કોઠીઓમાં જોયું તો બધી કોઠીઓ જેમની તેમ ભરેલી, કાંઈ જ ઓછું થયેલું નહીં. તેમને થયું કે આ નક્કી ઘનશ્યામનો ચમત્કાર છે.

સાંજે ઘનશ્યામ ધર્મદેવ સાથે ખાંપા તળાવડીને કાંઠે બાવાઓના તંબુ જોવા નીકળ્યા. ફરતાં ફરતાં એક નાનકડી રાવટી પાસે આવ્યા. રાવટીમાં એક બાવો વાઘના ચામડા પર બેઠેલો. બહુ ક્રોધી. બહુ અભિમાની. તે બાવો ધર્મદેવ સાથે ચર્ચા કરવા લાગ્યો. ચર્ચામાં પોતે હાર્યો એટલે ગાળો બોલવા લાગ્યો.

ઘનશ્યામને થયું : આ બાવાને પાઠ શીખવવો જોઈએ. ઘનશ્યામે કહ્યું : 'પિતાજી ! મારે આ બાવો બેઠો છે એ વાઘનું ચામડું જોઈએ છે.'

આ સાંભળી પેલો બાવો ગર્જ્યો : 'ક્યા બોલતા હૈ છોકરા ?'

ધર્મદેવે કહ્યું : 'અમારા ઘનશ્યામને આ વાઘનું ચામડું જોઈએ છે.'

પેલો બાવો ગર્વથી બોલ્યો : 'તુમ ક્યા લેગા ? ઈસકા તો તીનસો રૂપિયા પડેગા.'

આ સાંભળી ઘનશ્યામને થયું : 'ત્યાગી બાવાને અભિમાન ન કરાય, ક્રોધ ન કરાય, પૈસા ન રખાય, માટે આને સીધો કરવો પડશે.'

એમ ધારી તેમણે સંકલ્પ કર્યો કે તરત જ એ વાઘના ચામડામાંથી સાચો વાઘ બની ગયો અને પેલા બાવાને ખાવા દોડ્યો. પેલો બાવો તો 'મરી ગયો... બાપ રે, મરી ગયો... ભાગો... ભાગો... વાઘ આવ્યો રે...વાઘ.' બોલતો નાસવા લાગ્યો.

આ સાંભળી પાસે ઊભેલા બધા જ બાવાઓ ચારેકોર નાસવા લાગ્યા. પોતાનાં હથિયાર, કમંડળ, પાવડી બધું ભૂલીને સૌ ભાગવા જ લાગ્યા. ચારેકોર શોરબકોર થઈ ગયો. ઘનશ્યામે વાઘને પોતાની પાસે બોલાવ્યો અને શાંત પાડ્યો. પછી બધા બાવાઓને બૂમ પાડીને બોલાવ્યા. બધાને કહ્યું : 'ડરશો નહીં, કોઈને વાઘ મારશે નહીં. આ તો અભિમાની બાવાનું અભિમાન તોડવા અમે વાઘ ઉત્પન્ન કર્યો છે.'

ઘનશ્યામના શબ્દો સાંભળીને બધા બાવાઓ બીતાં બીતાં પાસે આવ્યા.

પેલો અભિમાની બાવો તો હજી ધ્રૂજતો હતો. બધાએ ઘનશ્યામને પગે પડી માફી માગી અને કહ્યું : 'અમારી ભૂલ થઈ છે. તમે ભગવાન છો. અમે તમારું અને તમારા પિતાશ્રીનું અપમાન કર્યું, માટે અમને માફ કરો.'

આ સાંભળી ઘનશ્યામે સૌ પર દયા કરી બધાને માફ કર્યા. પછી વાઘને હુકમ કર્યો એટલે વાઘ પણ છલાંગ મારતો જંગલમાં અદૃશ્ય થઈ ગયો.

પછી થોડી વારમાં ધર્મપિતા ઘનશ્યામને લઈ ગામમાં પાછા પધાર્યા અને બાવાઓની જમાત પણ પોતાના તંબુઓ ઉખેડી, પોટલાં લઈ અયોધ્યા જવા ચાલી નીકળી.

૩૦. લક્ષ્મીબાઈને ચમત્કાર

છપૈયામાં ઘનશ્યામ ઘણી વાર બાળમિત્રોને લઈને પડોશીઓને ઘેર જાય. છાનામાના ઘરમાં દાખલ થઈને શીકામાંથી માટલી ઉતારે. માટલીમાંથી જે કાંઈ દૂધ, દહીં કે માખણ મળે તેની ઉજાણી કરી જાય. એક દિવસ ઘનશ્યામ વેણીરામની સાથે તેના ઘેર ગયા. વેણીરામની માતાનું નામ લક્ષ્મીબાઈ. લક્ષ્મીબાઈ ઘરની બહાર દાણા વીણે. ઘનશ્યામ અને વેણીરામ તો રમતાં રમતાં ઘરમાં પહોંચી ગયા. પછી થોડી વારે છાનામાના રસોડામાં પહોંચી ગયા. શીકામાંથી માખણની હાંડલી ઉતારી, સાકર ભેળવીને ખાવા લાગ્યા.

એવામાં અચાનક લક્ષ્મીબાઈ રસોડામાં આવ્યાં. જોયું તો બંને જણા લહેરથી માખણ જમે. લક્ષ્મીબાઈને જોઈને ઘનશ્યામ અને વેણી બંને બારીમાંથી કૂદકો મારીને પરસાળમાં થઈને ભાગી ગયા.

લક્ષ્મીબાઈ ધૂંઆપૂંઆ થતી ભક્તિમાતાને ઘેર ગઈ ને ભક્તિમાતાને કહે : 'માતાજી ! તમારો ઘનશ્યામ રોજ આવીને ચોરી કરે છે. ઘરમાં છાનોમાનો દાખલ થઈને ઘી, દૂધ, દહીં, માખણ વગેરે ખાઈ જાય છે. વળી, મારા છોકરા વેણીને પણ ચોરી કરીને ખાતાં શીખવે છે. આજે મેં મારી નજરે જોયું છે. તમે ઘનશ્યામને કેમ ઠપકો નથી આપતાં ?'

ભક્તિમાતા બોલ્યાં : 'મારો ઘનશ્યામ ક્યારેય ચોરી કરે નહીં. એ તો હંમેશાં મારા કહ્યામાં જ રહે છે. તમારો વેણી ઘણી વાર મારે ઘેર આવીને છાનોમાનો ખાઈ જાય છે. ઘણી વાર ચીજો પણ લઈ જાય છે. તોય અમે ફરિયાદ નથી કરતાં. તમે તો ચોર કોટવાલને દંડે તેમ ઘનશ્યામ માટે ફરિયાદ

કરવા આવ્યાં છો. મને તમારી વાત સાચી નથી લાગતી. તમે જો ઘનશ્યામને ચોરી કરતાં જુઓ, તો પકડીને હાથ-પગ બાંધી દેજો. પછી મને બોલાવીને બતાવશો તો હું સાચું માનીશ.'

'ભલે, ભલે. હું કાંઈ ખોટું નથી કહેતી. હવે તો ઘનશ્યામ આવે એટલે હાથપગ બાંધીને તમને બતાવું. આખા ગામને બતાવું કે તમારો ઘનશ્યામ ચોર છે કે શાહુકાર.' એમ કહેતી કહેતી લક્ષ્મીબાઈ પોતાને ઘેર ગઈ.

આ સાંભળી ઘનશ્યામને થયું કે આ લક્ષ્મીબાઈને પાઠ શીખવવો પડશે.

થોડા દિવસ પછી એક બપોરે ઘનશ્યામ વેણીરામને લઈને પાછલે દરવાજેથી એના ઘરમાં દાખલ થયા. જોયું તો લક્ષ્મીબાઈ સૂતાં હતાં એટલે સીધા રસોડામાં ગયા. દહીંની માટલી લઈને બંને જણ દહીં જમી ગયા.

રસોડામાં ખખડાટ થયો એટલે લક્ષ્મીબાઈ જાગી ગયાં. તેમને થયું : રસોડામાં બિલ્લી આવી હશે. એમ માની રસોડામાં ગયાં, પણ ત્યાં તો ઘનશ્યામ અને વેણીરામના મોઢા પર દહીં ચોંટેલું જોયું અને દહીંની માટલી ખાલી દીઠી.

લક્ષ્મીબાઈ તરત પકડવા દોડી. પોતાના પુત્ર વેણીરામને દોડી જવા દીધો પણ ઘનશ્યામને પકડી લીધા. 'આજે ઠીક લાગમાં આવ્યા છો. આજે તો પૂરી ફજેતી કરું. ગામ આખામાં વાત ફેલાવી દઉં કે દહીંનો ચોર પકડાયો છે.' એમ કહી લક્ષ્મીબાઈએ ઘનશ્યામને હાથે, પગે દોરડું બાંધી દીધું.

પછી લક્ષ્મીબાઈ 'ચોર બાંધ્યો છે, આવો જોવા !' એમ બૂમો પાડતી ભક્તિમાતાની પાસે ગઈ ને ભક્તિમાતાને કહે : 'આજે તો ચોરને પકડીને બાંધ્યો છે. રોજ આવીને ચોરી કરીને ખાય છે. ચાલો બતાવું, તમારો ઘનશ્યામ કેવો ડાહ્યો છે.' એમ કહી ભક્તિમાતા તથા આજુબાજુનાં સૌને લઈને પોતાના ઘર તરફ લક્ષ્મીબાઈ ચાલી.

લક્ષ્મીબાઈ ચાડી ખાવા ગઈ હતી એટલે ઘનશ્યામે પોતાના ઐશ્વર્યથી વેણીરામને ત્યાં બાંધી દીધા અને પોતે છૂટા થઈને બીજે રસ્તે ઘેર પહોંચી ગયા. કોઈને આ ચમત્કારની ખબર હતી નહીં.

થોડી વારમાં લક્ષ્મીબાઈ બધાંને લઈ પોતાને ઘેર આવી. રસોડાનો દરવાજો ખોલીને સૌને કહે : 'જુઓ, આ ચોર, ઘનશ્યામને.'

ભક્તિમાતાએ જોયું તો વેણીરામ. ગામનાં સૌ આ દૃશ્ય જોઈ હસવા



લાગ્યાં. બધાં કહે : 'આ બાઈ કેવી મૂરખ છે. પોતાના જ પુત્ર વેણીરામને દોરડે બાંધીને આપણને દેખાડે છે.'

આ સાંભળી લક્ષ્મીબાઈએ પાછાં ફરીને ફરીથી જોયું તો ઘનશ્યામને બદલે વેણીરામ દોરીથી બાંધેલા દેખાયા. તે તો એકદમ ભોંઠી પડી ગઈ.

એવામાં ઘનશ્યામ પોતાના ઘેરથી હાથમાં ગોળ ખાતાં ખાતાં લક્ષ્મીબાઈને ઘેર આવ્યા અને ભક્તિમાતાને કહ્યું : 'શું છે માતાજી ?'

ભક્તિમાતા ઘનશ્યામને સોડમાં લઈને હસવા લાગ્યાં. હસતાં હસતાં સૌ પોતપોતાને ઘેર ગયાં.

લક્ષ્મીબાઈ તો આ દૃશ્ય જોઈને આશ્ચર્ય પામી ગઈ હતી. તેને થયું : 'પકડ્યા હતા તો ઘનશ્યામને. બાંધ્યા હતા પણ ઘનશ્યામને. આવું બને જ નહીં. નક્કી ઘનશ્યામ ચમત્કારિક બાળક છે. ઘનશ્યામ ભગવાન હોવા જોઈએ, તો જ આવું બને.' એમ મનમાં વિચારતી વેણીરામને છોડીને, ભક્તિમાતાને ઘેર ગઈ. પોતાની ભૂલ માટે ભક્તિમાતાની માફી માગી, ઘનશ્યામને ભગવાન જાણી પ્રણામ કરીને પછી ઘેર ગઈ.

૩૧. એકાદશીનો મહિમા

એકાદશીનો દિવસ હતો. ઘનશ્યામ વહેલા ઊઠીને, નાહીધોઈ, પૂજા-પાઠ કરીને મંદિરમાં દર્શન કરવા ચાલ્યા. અયોધ્યામાં હનુમાન ગઢીએ ઘનશ્યામ દર્શન કરવા ગયા. મંદિરનો મહંત બાવો મોહનદાસ બેઠો બેઠો 'રામચરિત'ની કથા કરે. કથામાં એકાદશીનું વર્ણન આવ્યું : 'એક એકાદશી કરીએ તો હજાર અશ્વમેધ યજ્ઞ જેટલું પુણ્ય મળે.'

આ સાંભળી ઘનશ્યામે બાવાને પૂછ્યું : 'મહંતજી ! ઘણા લોકો એકાદશી નથી કરતા, તેનું કારણ શું હશે ?'

મોહનદાસ કહે : 'પ્રભુએ આ દુર્લભ મનુષ્ય દેહ આપ્યો છે. આવા દુર્લભ દેહને એકાદશી કરીને શા માટે કષ્ટ આપવું જોઈએ ! આ દેહ કાંઈ દુઃખ ભોગવવા નથી આપ્યો. જ્યારથી જગન્નાથપુરીમાં એકાદશીને ઊંચી બાંધી છે, ત્યારથી લોકો એકાદશી નથી કરતા. લોકો સમજે છે કે ભૂખ્યા રહેવું તે આત્માને કષ્ટ દેવા બરોબર છે. માટે ખાઈ-પીને દેહનું જતન કરવું. એકાદશી તો કોણ કરે ? જેને ખાવા અન્ન-જળ ન મળતું હોય તે જ કરે. માટે છોકરા ! આ વાત સમજી રાખજે, ઉપવાસ કરીને દેહને કષ્ટ ન આપતો.'

ઘનશ્યામને થયું : આ બાવો ખોટો ઉપદેશ કરે છે. લોકોને અવળે માર્ગે ચઢાવે છે. તે માટે એને સાચી શિખામણ દેવી જોઈએ.

ઘનશ્યામે કહ્યું : 'બાવાજી ! આવી ખોટી વાત ન કરશો. શાસ્ત્ર-વિરુદ્ધ વાત કરવાથી પાપ લાગે. એકાદશીનો તો બહુ મહિમા છે, માટે હોંશે હોંશે એકાદશીનું વ્રત કરવું જોઈએ.'

બાવો તાડૂક્યો : 'છોકરા ! મને ઉપદેશ આપે છે ? શરમાતો નથી ?'

ત્યાં તો ઘનશ્યામે બાવા સામી દૃષ્ટિ કરી. બાવાને તરત જ સમાધિ થઈ. સમાધિમાં બાવો યમપુરીમાં ગયો. યમપુરીમાં યમના દૂતો બાવાને મારવા લાગ્યા. યમના દૂતો કહે : 'કોઈ દિવસ એકાદશી કરી નથી. ખાઈ-પીને મસ્ત થયો છે. લોકોને અવળો ઉપદેશ દીધો છે. માટે આજે તને નહીં છોડીએ.' એમ કહી યમદૂતો બાવાને મારવા અને પછાડવા લાગ્યા.

અહીં મંદિરમાં બાવાનો દેહ આસન પર પડ્યો પડ્યો ઊછળે અને બૂમો મારે : 'બચાવો, બચાવો, મને યમદૂતો મારે છે. એકાદશી નહોતો કરતો તેથી

મને પરેશાન કરે છે.' માર ખાઈ ખાઈને બાવાનાં હાડકાં ખોખરાં થઈ ગયાં.

થોડી વારે સમાધિ ઊતરી. બાવો સમાધિમાંથી જાગ્યો કે તરત જ ઘનશ્યામનાં ચરણમાં પડી ગયો.

બાવો મોહનદાસ સભાને સંબોધીને બોલ્યો : 'સાંભળો સભાજનો ! આ ઘનશ્યામ કાંઈ છોકરો નથી. ઘનશ્યામ તો સર્વાવતારી પ્રભુ છે. મેં તેમને ગણકાર્યા નહીં, મેં સાચું સમજાવ્યું નહીં, તેથી મને યમપુરીમાં માર પડ્યો. મારાં હાડકાં ને પાંસળાં દુઃખે છે. મેં આટલાં વર્ષો સુધી એકાદશી નથી કરી તો મારે યમપુરીમાં માર ખાવો પડ્યો. માટે આજથી હું આ ઘનશ્યામ આગળ નિયમ લઉં છું કે હું એકાદશી નિયમિત કરીશ. લોકોને એકાદશી કરવાનો ઉપદેશ આપીશ. તમે સૌ સભાજનો પણ આજથી એકાદશી કરવાનું શરૂ કરી દો.' આટલું કહી બાવાએ ઘનશ્યામને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા. પોતાની ગાદી પર બેસાડી ઘનશ્યામનું પૂજન કર્યું અને માફી માગી.

સૌ સભાજનો પણ ઘનશ્યામને પગે લાગીને, એકાદશી કરવાનો નિશ્ચય કરીને ગયા. ઘનશ્યામ પણ બાવાને આશિષ આપીને ઘરે ગયા.

૩૨. ઘનશ્યામને જનોઈ આપી

ઘનશ્યામને સાત વર્ષ પૂરાં થયાં. ભક્તિમાતાએ વિચાર કર્યો કે ઘનશ્યામને હવે જનોઈ દેવી જોઈએ. એમ વિચારી તેમણે બ્રાહ્મણ હરિકૃષ્ણ ઉપાધ્યાયને બોલાવ્યા. હરિકૃષ્ણ ઉપાધ્યાય આખા ગામના ગોર. બહુ પવિત્ર અને સાદા બ્રાહ્મણ. તે તો તરત પોતાની પોથી લઈ, પાઘડી પહેરી, ખેસ વીંટાળીને ધર્મદેવને ઘેર પહોંચી ગયા.

ધર્મદેવે તેમને આદરથી બોલાવ્યા. બેસવા આસન આપ્યું. પછી કહ્યું : 'મારા પુત્ર ઘનશ્યામને જનોઈ દેવી છે, જનોઈનું મુહૂર્ત સારું જોઈ દ્યો.'

આ સાંભળી હરિકૃષ્ણ ઉપાધ્યાયે ચશ્માં ચઢાવ્યાં, ખેસ સરખો કર્યો અને પછી પોથી ખોલી, આંગળીના વેઢા ગણવા લાગ્યા. ગણતરી પૂરી કરીને ફાગણ સુદ દશમ (સં. ૧૮૪૫) ને સોમવારનું મુહૂર્ત કાઢી આપ્યું.

ધર્મદેવે મુહૂર્ત પ્રમાણે જનોઈની તૈયારીઓ શરૂ કરાવી. ધર્મદેવે દરેક સંબંધીને તથા સાધુ, બ્રાહ્મણોને કંકોતરીઓ લખી. અયોધ્યાની બરહટ્ટા શેરી આખી શણગારી. ઘરને રંગાવ્યું. દીવાલો પર પક્ષી, મૃગ વગેરે ચિત્રો

ચિતરાવ્યાં. ઘરની બહાર લીમડાના વૃક્ષ નીચે મોટો મંડપ બંધાવ્યો. રંગોળીઓ પુરાવી. રંગબેરંગી કાચનું ઝાડ બનાવી વચ્ચે ગોઠવ્યું. એ ઝાડની વચ્ચે એક દીવો મૂક્યો. ઝાડની ફરતા ઝીણા અરીસા લટકાવ્યા. ચારેકોર દીવાની હાંડીઓ અને ઝુમ્મરો લટકાવ્યાં. રંગબેરંગી રેશમી વસ્ત્રો અને આસોપાલવનાં તોરણથી મંડપ શોભવા લાગ્યો. જે કોઈ મંડપ જુએ તે તો મંડપની શોભા જોઈને આશ્ચર્યચકિત થઈ જાય.

ફાગણ સુદ દશમને દિવસે વહેલી સવારથી ધર્મદેવનું ઘર શરણાઈના સૂરોથી ગાજી ઊઠ્યું. સ્ત્રીઓ મંગળ ગીતો ગાવા લાગી. ગોર હરિકૃષ્ણ ઉપાધ્યાય બીજા બ્રાહ્મણોને સાથે રાખીને મંત્રોચ્ચાર કરવા લાગ્યા, યજ્ઞમાં આહુતિઓ આપી અને ઘી, જવ, તલ વગેરે નાખીને અગ્નિ પ્રગટાવ્યો. ગોરે ઘનશ્યામને સંકલ્પ કરાવ્યો. પછી રામબલિ હજામને બોલાવીને ઘનશ્યામનું મુંડન કરાવ્યું. પછી સ્નાન કરાવ્યું ને પીળું પીતાંબર પહેરાવ્યું.

ઘનશ્યામ યજ્ઞમંડપમાં આવ્યા. માતા-પિતાને પગે લાગ્યા, આહુતિ આપી, ત્યાં તો આકાશમાં બ્રહ્મા, વિષ્ણુ, મહેશ અને બીજા દેવો દર્શન કરવા આવ્યા. આકાશમાંથી પુષ્પવૃષ્ટિ કરી. પછી ઘનશ્યામે ગુરુમંત્ર લીધો. ત્યાર-બાદ બ્રહ્મચારીનો વેષ ધારણ કર્યો. મુંજ અને મેખલા ધારણ કર્યા. હાથમાં પલાશનો દંડ અને ભિક્ષાપાત્ર લીધાં. પછી માતા-પિતા પાસે ભિક્ષા માગીને ગોરને આપી દીધી, ત્યાં સુધીમાં તો બપોર થઈ ગઈ. ઘનશ્યામને જનોઈ પહેરાવી અને નમતે પહોરે બટુકનો વેષ ધારીને ઘનશ્યામ બડવો દોડવા ગામના ચોકમાં આવ્યા.

સૌથી આગળ ઘનશ્યામ અને તેમના મામા વશરામભાઈ, પાછળ ધર્મદેવ અને બીજાં સગાં-સંબંધીઓ અને સૌની પાછળ મંગળ ગીતો ગાતી સ્ત્રીઓ. સૌ ચોકમાં ઉત્તર તરફ ઊભાં રહ્યાં. સૌને થયું કે બડવો દોડશે અને મામા ઘનશ્યામને પકડીને લઈ આવશે. પરંતુ ઘનશ્યામે વિચાર કર્યો : 'મારે તો અનંત જીવોનું કલ્યાણ કરવું છે, માટે એવો દોડીશ કે સીધો હિમાલયના વનમાં પહોંચી જઈશ. મામા પકડી શકે જ નહીં. પછી હિમાલયથી નીકળી બધાં સ્થળોએ લોકોનો ઉદ્ધાર કરવા ફરીશ.'

આમ વિચારી ઘનશ્યામ દોડ્યા. મામા વશરામ પાછળ દોડ્યા. મામા ખૂબ દોડ્યા પણ ઘનશ્યામ હાથમાં જ આવે નહીં. પછી મામા થાક્યા.



તેમણે ઘનશ્યામની સ્તુતિ કરી, પ્રાર્થના કરી કહ્યું : 'હે ઘનશ્યામ ! પકડાઈ જાઓ, પાછા વળો, મારી લાજ રાખો. તમે ચાલ્યા જશો તો માતા-પિતાને બહુ દુઃખ થશે.'

આ સાંભળી ઘનશ્યામે વિચાર કર્યો : 'માતા-પિતા નિર્દોષ અને પવિત્ર છે, માટે તેમને મૂકીને ન જવાય.' એમ ધારી પાછા વળ્યા.

વશરામ મામા અતિશય રાજી થઈ ગયા. તેમણે ઘનશ્યામને ખભે ઉપાડીને મંડપમાં આણ્યા. ઘનશ્યામના હાથમાં પાંચ રૂપિયા આપ્યા. ઘનશ્યામે તે રૂપિયા પિતાજીને આપી દીધા. પછી સૌને પગે લાગ્યા અને માતાજી સાથે બેસીને ઘી, ગોળ, ભાત જમ્યા.

ધર્મપિતાએ બ્રાહ્મણો અને સાધુઓને જમાડ્યા તથા વસ્ત્રો અને દક્ષિણા આપીને વિદાય આપી. ગામમાં દરેકને ઘેર મીઠાઈનાં પીરસણાં મોકલ્યાં.

સર્વત્ર ઘનશ્યામનો અને ધર્મપિતાનો જય જયકાર થઈ ગયો.

૩૩. રામચંદ્રરૂપે દર્શન

એક દિવસ છપૈયામાં ઘનશ્યામ તેમના બાળમિત્રોને લઈને બપોરે મીન સરોવરે નાહવા ગયા. બધા જ બાળકો પાણીમાં તરવા પડ્યા. ઘનશ્યામે કહ્યું :

‘ચાલો, આપણે સૌ પાણીમાં પકડદાવની રમત રમીએ.’

સૌ બાળકો વારાફરતી એકબીજાને પકડવા જાય. ઘનશ્યામને કોઈ પકડી ન શકે. ઘનશ્યામ બહુ ઝડપથી તરે. પાણીમાં ઊંડે સુધી ડૂબકીઓ મારે. ડૂબકી મારીને ક્યાંય દૂર નીકળે. થોડી વાર આ પ્રમાણે રમત કરીને ઘનશ્યામ ઊંડાં પાણીમાં તળિયે જઈને બેસી ગયા. ઉપર આવ્યા જ નહીં. બાળમિત્રો સૌ ચિંતામાં પડી ગયા. તેમને થયું : ‘ઘનશ્યામ ક્યાં ગયા ? ડૂબી ગયા હશે ? કે મગર ઘનશ્યામને ખાઈ ગયો ?’

તે વખતે ત્યાં કિનારા પર એક મંછા નામનો ધોબી કપડાં ધોતો હતો. બધા બાળમિત્રોએ ધોબીને વાત કરી : ‘અમારા ઘનશ્યામ મળતા નથી. પાણીમાંથી બહાર જ આવ્યા નથી. કાં તો તેઓ ડૂબી ગયા છે અથવા તેમને મગર ખાઈ ગયો હશે. તમે અમને પાણીમાંથી ઘનશ્યામને શોધી આપો ને !’

ધોબીએ પાણીમાં પડી ઊંડે સુધી ડૂબકીઓ મારી, ખૂબ તપાસ કરી, તળાવમાં ચારેકોર ફરી વળ્યો પણ ઘનશ્યામ મળ્યા નહીં. આખરે થાકીને ધોબીએ બાળકોને કહ્યું : ‘તમે ઘનશ્યામના પિતાશ્રીને ગામમાંથી બોલાવી લાવો અને બધી વાત કરો.’

આ સાંભળી એક બાળક દોડતો દોડતો ધર્મપિતા પાસે ગયો અને બધી



વાત કરી. ધર્મપિતા તો ઉદાસ થઈ ગયા. ધર્મપિતા અને ભક્તિમાતા, રામપ્રતાપ, વશરામ અને ગામના બીજા લોકોને લઈને મીન સરોવરને કાંઠે આવ્યાં. તેઓ બધાં સરોવરને કાંઠે ઊભાં રહી શું કરવું તેની ચિંતા કરવા લાગ્યાં.

પાણીમાં ઊંડે બેઠેલા ઘનશ્યામને થયું : માતા-પિતા ચિંતા કરે છે માટે હવે મારે પાણી ઉપર આવવું જોઈએ. એમ વિચારી તેઓ પાણી ઉપર આવ્યા.

ઘનશ્યામને પાણી ઉપર આવેલા જોઈ, ધર્મપિતા, ભક્તિમાતા વગેરે સૌ આનંદમાં આવી ગયાં. પછી તો ઘનશ્યામ પાણી ઉપર અધ્ધર ચાલીને કાંઠે આવ્યા. તે વખતે સૌને ઘનશ્યામમાં રામચંદ્ર ભગવાનનાં દર્શન થયાં. સૌ ગ્રામજનો આશ્ચર્યચકિત થઈ ગયાં.

ઘનશ્યામે આવીને માતા-પિતાને પ્રણામ કર્યા અને કહ્યું : 'ચિંતા શા માટે કરતાં હતાં ? હું તો મારું કામ કરવા ઊંડા જળમાં નીચે બેઠો હતો.'

આ સાંભળી ભક્તિમાતા ઘનશ્યામને ભેટી પડ્યાં અને સૌ ગામ તરફ પાછાં ચાલ્યાં.

૩૪. પથ્થર ઉપર પાણીમાં મુસાફરી

થોડા વખત પછી ચૈત્ર માસ આવ્યો. રામપ્રતાપ, ઈચ્છારામ, સુવાસિની ભાભી, ભક્તિમાતા, ઘનશ્યામ અને બીજાં ગ્રામજનોને લઈને ધર્મપિતા અયોધ્યા જવા નીકળ્યા. અયોધ્યા જતાં રસ્તામાં સરયૂ નદી આવે. નદીનો પટ મોટો અને પાણી ઊંડું. અયોધ્યા જવા માટે સૌએ વહાણમાં બેસીને સામે કિનારે પહોંચવું પડે. વહાણ એક જ. વારાફરતી સૌને સામે કિનારે લઈ જાય. આથી, કિનારા પર મોટી ભીડ થયેલી.

ઘનશ્યામે ખલાસીને કહ્યું : 'અમારા માટે અમારું જુદું વહાણ જોઈએ છે. અમે સૌની ભેગાં નહીં બેસીએ. તું અમને વહાણ જુદું ભાડે કરી આપ.'

આ સાંભળી ખલાસી કહે : 'જુદું વહાણ કરવું હોય તો સવાયા પૈસા પડશે. આપવા તૈયાર છો ?'

ઘનશ્યામ કહે : 'સવાયા પૈસા નહીં મળે. એમ ને એમ આવવું હોય તો ચાલ.' એટલું કહી ઘનશ્યામે ધર્મપિતાને કહ્યું : 'તમે સૌ મારી પાછળ પાછળ અહીં ચાલ્યા આવો.'

ઘનશ્યામ સૌને લઈને થોડે દૂર કિનારે પાણીમાં મોટા પથ્થરો પડ્યા હતા



ત્યાં ગયા. માતા, પિતા, સુવાસિની ભાભી, ઈચ્છારામ અને બીજાં છપૈયાનાં ગ્રામજનોને પથ્થરની એક મોટી પાટ ઉપર બેસાડ્યાં. પછી પોતે પણ રામપ્રતાપભાઈ સાથે પથ્થરની નાની છીપર ઉપર બેઠા. પછી જમણા હાથથી બંને પથ્થરને સ્પર્શ કર્યો કે તરત જ બંને પથ્થર હોડીની માફક પાણી ઉપર તરવા લાગ્યા.

દૂર કિનારે ઊભેલાં બધાં લોકો તથા ખલાસી આ દૃશ્ય જોઈ રહ્યાં. સૌને થયું કે આ નાનકડો બાળક તો ભગવાન રામચંદ્ર જ લાગે છે ! બધાં ઘનશ્યામને નમન કરતાં ઊભાં રહ્યાં.

થોડી જ વારમાં બંને પથ્થરની પાટો સામા કાંઠે પહોંચી ગઈ. સૌ સામા કાંઠે ઊતરી ગયાં અને ધર્મપિતા સાથે અયોધ્યા તરફ ચાલવા લાગ્યાં.

૩૫. માસીને પરચો

એક દિવસ છપૈયામાં ભક્તિમાતાના ઘેર તેમનાં બહેન વસંતાબાઈ અને ચંદનબાઈ રહેવા આવ્યાં. વસંતાબાઈ તેમના પુત્ર માણેકધરને સાથે લાવ્યાં હતાં અને ચંદનબાઈ તેમના પુત્ર બસ્તીને સાથે લાવ્યાં હતાં. તેમણે આવીને ભક્તિમાતાને પૂછ્યું : ‘ઘનશ્યામ ઘરમાં નથી ?’

ભક્તિમાતાએ કહ્યું : 'ફીરોજપુર ગયા છે. હમણાં આવશે.'

ત્યાં તો સાંજ પડી એટલે ઘનશ્યામ અને ઈચ્છારામ, ધર્મપિતા સાથે ઘેર આવ્યા. બન્ને માસીઓએ ઘનશ્યામ અને ઈચ્છારામને પતાસાં આપ્યાં. તે દિવસે સાંજે જમીને સૌ સૂઈ ગયાં.

બીજે દિવસે વહેલી સવારે ચંદનમાસી અને વસંતામાસી ઘંટી ઉપર લોટ દળવા બેઠાં. ચંદનમાસીને થયું : પ્રભાતનો સમય છે માટે પ્રભાતિયું ગાઈએ. એમ વિચારી દળતાં દળતાં તેમણે તુલસીદાસનું પ્રભાતિયું ગાવાનું શરૂ કર્યું. ચંદનમાસીએ પહેલી લીટી ગાઈ : 'ઊઠો લાલ પ્રભાત ભયા હૈ...'

આ સાંભળી બાજુમાં પલંગ પર સૂતેલા ઘનશ્યામ બોલ્યા : 'માસીબા ! હું તો અહીં જાગું છું. મને શા માટે ઊઠવાનું કહો છો ? શું કામ છે તમારે ?'

આ સાંભળી બંને માસી બોલ્યાં : 'તમને કોણ બોલાવે છે ? અમે તો ભગવાનને જગાડીએ છીએ.'

આ સાંભળી પથારીમાં પડ્યા પડ્યા ઘનશ્યામે હાથ લાંબો કરી ઘંટી ઉપર દાબ્યો. બંને માસીઓએ ઘંટી ફેરવવા પ્રયત્ન કર્યો પણ ઘંટી ફરી જ નહીં. એટલે ઘનશ્યામ કહે : 'માસી તમે મને જ ઉઠાડતાં હતાં એમ કહો. તમે જે ભગવાનને ઉઠાડો છો તે જ ભગવાને આ ઘંટી પર હાથ મૂક્યો છે.'



આ સાંભળી બંને માસીઓએ ઘંટી પરથી ઘનશ્યામનો હાથ ખસેડવા ઘણા પ્રયત્ન કર્યા પરંતુ હાથ ખસે જ નહીં.

એવામાં ભક્તિમાતા દીવો લઈને ઓરડામાં આવ્યાં એટલે બંને માસીઓએ ફરિયાદ કરી : 'ઘનશ્યામને કહો, ઘંટી પરથી હાથ લઈ લે. અમારાથી તેમનો હાથ નથી ખસતો.'

તેથી ભક્તિમાતાએ કહ્યું : 'ઘનશ્યામ ! હાથ ઉપાડી લો.'

માતાની આજ્ઞા સાંભળી ઘનશ્યામ બોલ્યા : 'મા ! તમે બંને માસીને પૂછી જુઓ કે તેઓ કોને જગાડે છે ?'

ઘનશ્યામની ફરિયાદ સાંભળી વસંતામાસી વચ્ચે જ બોલી ઊઠ્યાં : 'અરે ભાઈ ! તમને જ જગાડીએ છીએ, બસ, હવે દળવા દો.'

આ સાંભળી ઘનશ્યામે કહ્યું : 'જો પહેલેથી જ આમ સાચું કહી દીધું હોત તો આ ઘંટી ઊભી ન રહેત, દળવાનું મોડું થાત નહીં.'

એટલે બંને માસીઓ બોલી : 'તમે જ ભગવાન છો. તમારા ચમત્કારની અમને આજે ખબર પડી. અમે તમારી માફી માગીએ છીએ.' એમ કહી તેઓ ઘનશ્યામને પગે લાગ્યાં.

૩૬. બધી રસોઈ જમી ગયા

અયોધ્યામાં ગયા પછી થોડા દિવસમાં રામનવમીનો ઉત્સવ પાસે આવ્યો. ધર્મપિતાએ પોતાને ઘેર રામનવમીનો ઉત્સવ ધામધૂમથી ઉજવવા માટે કંકોતરીઓ લખાવી. સગાં-સંબંધીને તેડાવ્યાં. આજુબાજુનાં ગામમાંથી ઘણાં સગાં-સંબંધીઓ આઠમને દિવસે આવી ગયાં. સૌએ બીજે દિવસે રામનવમીનો ઉત્સવ કર્યો. આખો દિવસ કથા, કીર્તન અને ભજન કર્યાં.

બીજે દિવસે વહેલી સવારે ભક્તિમાતા અને સુવાસિની ભાભીએ ઊઠીને સૌને પારણાં કરાવવા માટે રસોઈ બનાવી. ઘનશ્યામ પણ ભક્તિમાતા સાથે વહેલા ઊઠી તૈયાર થઈ ગયા. રસોઈ બધી તૈયાર થઈ એટલે થાળ ધરવા ભક્તિમાતાએ બધી જ રસોઈ ઠાકોરજી પાસે મૂકી.

એટલે ઘનશ્યામ કહે : 'મા ! મને ભૂખ લાગી છે.'

આ સાંભળી થાળમાંથી થોડી થોડી દરેક વાનગી કાઢી, એક થાળીમાં પીરસીને ઘનશ્યામને આપી. ઘનશ્યામે થોડી વારમાં થાળી ખાલી કરી નાખી.

પછી ઠાકોરજીના થાળમાંથી જમવા લાગ્યા. તેમાં મૂકેલી બધી રસોઈ ઘનશ્યામ જમી ગયા. પછી બધાં વાસણો પણ ખાલી કરી નાખ્યાં. પછી પાણી પીને રસોડાની બહાર આવ્યા. ત્યાં તો ભક્તિમાતાએ જોયું તો બધી રસોઈ ખલાસ. બધાં વાસણ ખાલી. તેમણે રસોડાની બહાર આવી ધર્મપિતાને કહ્યું : 'દાળ, ચોખા, લોટ, શાક, ઘી, ગોળ બધું જ ફરીથી બજારમાં જઈને લઈ આવો. ઘનશ્યામ આટલા બધા માણસની રસોઈ જમી ગયા છે. બધાં વાસણ ખાલી કરી નાખ્યાં. માટે ફરીથી રસોઈ બનાવવી પડશે. માટે જલદીથી બધી વસ્તુઓ લઈ આવો, નહીં તો મહેમાનોને શું જમાડીશું ?'

આ સાંભળી ઘનશ્યામ બોલ્યા : 'રસોઈ તો બધી એમ ને એમ પડી છે. મેં જરાય ઓછી કરી નથી. ચાલો, હું તમને બતાવું.'

એટલે ભક્તિમાતા કહે : 'હમણાં જ મેં અને સુવાસિનીએ અંદર જઈને જોયું છે. બધાં જ વાસણો તમે ખાલી કરી નાખ્યાં છે.'

ઘનશ્યામ કહે : 'ના, ના. ચાલો તો ખરાં.' એમ કહી હાથ ખેંચીને ભક્તિમાતાને રસોડામાં લઈ ગયા.

ત્યાં તો ચમત્કાર ! ભક્તિમાતાએ જોયું તો બધાં જ વાસણો પહેલાંની



જેમ જ આખાં ભરેલાં.

ભક્તિમાતા તો ઘનશ્યામનો આ ચમત્કાર જોઈને તેને ભેટી પડ્યાં અને વહાલ કરવાં લાગ્યાં. ધર્મપિતા પણ અતિશય રાજી થઈ ગયા.

સૌ મહેમાનોને પંક્તિમાં બેસાડીને જમાડ્યા. પછી સૌને વિદાય આપી.

૩૭. ગૌરી ગાયની શોધમાં

ધર્મદેવને ત્યાં ઘણી ગાયો. એકનું નામ ગોમતી. ઘનશ્યામને ગોમતી બહુ વહાલી. ગોમતીને બે વાછરડી. એકનું નામ ગૌરી અને બીજીનું નામ કપિલા.

રોજ સવારે ગોવાળ ધર્મદેવની ગાયો ચરાવવા લઈ જાય. દિવસ આખો ચરાવી, સાંજે પાછી લઈ આવે. એક દિવસ સાંજે બધી ગાયોને લઈને ગોવાળ ઘેર આવ્યો. આવીને જોયું તો બધી ગાયો પાછી આવેલી પણ ગૌરી મળે નહીં. ગોવાળ તો ફરી પાછો સીમમાં ગયો. ગોવાળ ચારેકોર ફરી વળ્યો પણ ગૌરી મળે નહીં. તેણે આવીને ધર્મદેવને વાત કરી.

સાંજ પડી ગઈ હતી. ધર્મદેવ તો રામપ્રતાપ અને ઘનશ્યામને લઈને ગૌરી ગાયને શોધવા નીકળ્યા. આજુબાજુનાં કેટલાંક ખેતરો ફરી વળ્યા પણ ગૌરી ક્યાંય મળે નહીં. પછી તો થોડે દૂર એક જંગલ હતું, ત્યાં શોધ શરૂ કરી. હવે તો અંધારું પણ શરૂ થઈ ગયું હતું. પૂનમના ચાંદાનું અજવાળું ચારેકોર પડતું હતું. ત્રણે જણાએ શોધ કરવા માંડી. શોધતાં શોધતાં જંગલમાં ઘણે દૂર નીકળી ગયા છતાંય ગૌરી દેખાઈ નહીં.

પછી ઘનશ્યામે અને રામપ્રતાપભાઈએ ગૌરી ગાયને બોલાવવા સાદ પાડ્યો. તેમનો સાદ સાંભળીને તરત જ દૂર ઝાડીમાંથી ભાંભરતી ભાંભરતી ગૌરી દોડી આવી. ઘનશ્યામે પ્રેમથી તેના માથે હાથ ફેરવ્યો.

હવે ગૌરીને લઈને તે જંગલમાંથી બહાર નીકળવા તેઓ ચાલવા લાગ્યા. થોડું ચાલ્યા ત્યાં તો ધર્મદેવ ઊભા રહી ગયા. એટલે ઘનશ્યામે પૂછ્યું : ‘પિતાજી ! આગળ ચાલીને કેમ ઊભા રહી ગયા ?’

આ સાંભળી ધર્મદેવે આંગળી ચીંધી. ઘનશ્યામે આગળ આવીને જોયું તો રસ્તામાં જ ઝાડ નીચે એક વાઘ સૂતો સૂતો બગાસાં ખાતો હતો. વાઘને માણસની ગંધ આવી એટલે ત્રાડ પાડીને બેઠો થયો. ધર્મદેવ, રામપ્રતાપ અને ગૌરી ગાય તો થરથરી ગયાં. ધર્મદેવને થયું કે આજે તો આપણા ચારેયનું



આવી બન્યું, વાઘ બધાયને ખાઈ જશે. ત્યાં તો ઘનશ્યામ દોડતાં વાઘ પાસે જઈને ઊભા રહ્યા અને તેની સામે દૃષ્ટિ કરી. વાઘ શાંત થઈ ગયો. ઘનશ્યામને પગે લાગી, તેમની પ્રદક્ષિણા કરી, વળી પાછો શાંતિથી સૂઈ ગયો.

પછી ઘનશ્યામે કહ્યું : ‘પિતાજી ! હવે ડરશો નહીં. ગાયને લઈને મારી પાછળ પાછળ ચાલ્યા આવો. વાઘ કાંઈ નહીં કરે. હવે તો એ સૂઈ ગયો છે.’

આ સાંભળીને ધર્મદેવ અને રામપ્રતાપભાઈ ગૌરી ગાયને લઈને હળવે પગલે વાઘ આગળથી નીકળી ગયા. થોડી વારમાં જંગલમાંથી બહાર નીકળી બાજુના ગામમાં પહોંચી ગયા. ત્યાં તેમના સગા ઓઝાને ત્યાં રાત રહી બીજે દિવસે સૌ ગૌરી ગાયને લઈ ઘરે પાછા ગયા. ભક્તિમાતા ગૌરી ગાયને જોઈને અને ઘનશ્યામનો ચમત્કાર સાંભળીને ખૂબ રાજી થઈ ગયાં.

૩૮. પાણી ઉપર ચાલ્યા

છપૈયામાં એક દિવસ બપોરે ઘનશ્યામ નાનાભાઈ ઇચ્છારામને લઈને બાળમિત્રો સાથે સીમમાં જવા નીકળ્યા. સૌ મીન સરોવરમાં નાહ્યા. નાહીને વડના ઝાડ નીચે આમલી-પીપળી રમવા લાગ્યા. રમતાં રમતાં સાંજ થઈ. એવામાં વરસાદ પડવો શરૂ થયો. બધાને થયું : થોડી વારમાં વરસાદ બંધ થઈ જશે, પછી આપણે ઘેર પહોંચી જઈશું.

પણ ત્યાં તો મુશળધાર વરસાદ પડવા લાગ્યો. ચારેકોર અંધારું ઘોર

થઈ ગયું. વીજળીના ગડગડાટ થવા લાગ્યા. નાનાભાઈ ઇચ્છારામ અને તેના જેવા બીજાં બે-ત્રણ બાળકો તો રોવા લાગ્યાં. ચારેબાજુ પૂર આવ્યું. થોડી વારમાં તો ચારેકોર જળબંબાકાર. વેણી, માધવ અને પ્રાગને પણ ચિંતા થઈ કે કેમ ઘરે પહોંચીશું ? ઇચ્છારામે ઘનશ્યામને કહ્યું : 'હવે શું થશે ? આ પાણીમાં ઘરે કેમ જઈશું ? હું તો પાણીમાં ચાલું તો ડૂબી જ જાઉં ને !'

ઘનશ્યામે ઇચ્છારામ અને બીજા બધાને હિંમત આપી કહ્યું : 'તમે કોઈ ગભરાશો નહીં. ચાલો, બધા ઝાડ પરથી નીચે ઊતરી પડો. હું સૌથી આગળ ચાલીશ. ઇચ્છારામ, તું મારી ધોતી પકડીને મારી પાછળ ચાલ. એમ સૌ એક-બીજાની ધોતી પાછળથી પકડી મારી પાછળ ચાલ્યા આવો. આપણે પાણીની ઉપરથી ચાલી જઈશું, વરસાદ પણ આપણા પર નહીં પડે.'

એમ કહી ઘનશ્યામ સૌ પ્રથમ નીચે ઊતર્યા. પાછળ ઇચ્છારામને રાખ્યા. તેની પાછળ વેણી, તેની પાછળ પ્રાગ. એમ સૌ એકબીજાની ધોતી પકડી ઘનશ્યામની પાછળ ચાલ્યા. જ્યાં પાણી આવ્યું, ત્યાં તો બધા બાળકો ઘનશ્યામની સાથે પાણીથી અધ્ધર થઈ ગયા. ઘનશ્યામ પાણીથી ઊંચે, અધ્ધર ચાલે. એક હારમાં બધા ગામ તરફ ચાલ્યા જાય. વરસાદ તેમની બે બાજુ પડે પણ કોઈ બાળકની ઉપર ન પડે.

એમ કરતાં ગામમાં પહોંચ્યા. ધર્મદેવ, ભક્તિમાતા અને બધાં બાળકોનાં



માતા-પિતા તેમના બાળકોની શોધમાં આવેલાં. તેમણે આ દૃશ્ય દૂરથી જોયું. તેઓ સૌ આશ્ચર્યચકિત થઈ ગયાં. તેમને ઘનશ્યામના શરીરમાંથી તેજ નીકળતું દેખાયું. સૌએ ઘનશ્યામને ભગવાન જાણીને દૂરથી નમસ્કાર કર્યા અને પોતાના બાળકોને સુખરૂપ ઘરે આવી ગયા જાણી સૌ રાજી થયાં. ઘનશ્યામને પગે લાગી સૌ પોતપોતાને ઘેર ગયાં.

૩૯. ચોર ચોંટી ગયા

ઘનશ્યામના ઘરથી થોડે દૂર વાડી. એ વાડી ધર્મપિતાની. રામપ્રતાપભાઈ એ વાડીની સંભાળ રાખે. એક વખત ઘનશ્યામ અને રામપ્રતાપભાઈએ સંભાળ રાખી ઝાડ ઉપર ફણસ પકવ્યાં. તેમણે વિચાર કર્યો કે ફણસ પૂરાં પાકી જશે એટલે તોડીને ઘરે લાવીશું અને ધર્મપિતા તથા ભક્તિમાતાને જમાડીશું.

ત્યાં તો એક દિવસ રાત્રે બે ચોર આવ્યા. છીંડું પાડીને વાડીમાં પેઠા. હળવે પગલે દાખલ થઈને ફણસના ઝાડ ઉપર ચડ્યા. તેમણે વિચાર કર્યો કે 'ફણસ બધાં પાકી ગયાં છે. આપણે ફણસ તોડી લઈએ. કોથળામાં ભરીને લઈ જઈશું. કાલે સવારે બજારમાં વેચીને ખૂબ પૈસા કમાઈશું...'

પણ આ શું ? જેવું ફણસ પકડીને તોડવા ગયા કે તરત જ બન્ને ચોરોના હાથ ફણસ સાથે ચોંટી ગયા. ખૂબ પ્રયત્ન કર્યા, ખૂબ ફાંફાં માર્યાં, પણ હાથ ઊખડે જ નહીં. એમ કરતાં વહેલી સવાર થઈ ગઈ.

તેવામાં ધર્મપિતા હાથમાં પાણીનો લોટો લઈ વાડીમાં દાતણ કરવા આવ્યા. ધર્મપિતાને જોઈ બન્ને ચોર પસ્તાવા લાગ્યા. તેમણે મનમાં પ્રાર્થના કરી : 'હવે કોઈ દિવસ ચોરી નહીં કરીએ. પૂછ્યા વગર કોઈ વસ્તુ નહીં લઈએ. માટે હે ભગવાન ! અમને છોડાવો. જો રામપ્રતાપભાઈ આવશે, તો અમારાં હાડકાં ખોખરાં કરી નાખશે. અમને મારી મારીને અધમૂઆ કરી નાખશે. માટે હે ભગવાન ! અમે ફરીથી પ્રાર્થના કરીએ છીએ. અમને બચાવો, અમને છોડાવો.'

ત્યાં તો બંને ચોરોએ દૂરથી જ રામપ્રતાપ અને ઘનશ્યામને આવતા દીઠા. ચોરોના તો મોતિયા જ મરી ગયા.

રામપ્રતાપભાઈએ ચોરોને ઝાડ પર જોયા એટલે લાકડી લઈને મારવા દોડ્યા, પરંતુ ઘનશ્યામે તેમને અટકાવ્યા.



ધર્મપિતાને સાથે લઈ ઘનશ્યામ ફણસના ઝાડ પાસે આવ્યા. ચોરોએ રોતાં રોતાં માફી માગી : ‘હે ધર્મપિતા ! અમારી ભૂલ થઈ. અમે ફણસની ચોરી કરવા તમારી વાડીમાં આવ્યા હતા. અમારા હાથ ફણસ સાથે ચોંટી ગયા છે. માટે અમે ઝાડ પરથી ઊતરી શકતા નથી. અમને છોડાવો, અમારી ભૂલ માફ કરો. અમે ફરીથી ક્યારેય ચોરી નહીં કરીએ.’

ચોરની આજીજી સાંભળી ઘનશ્યામે તેમના પર દૃષ્ટિ કરી. તેમના હાથ છૂટી ગયા. બંને ચોરો નીચે ઊતર્યા. ધર્મપિતા, રામપ્રતાપ અને ઘનશ્યામને પગે લાગ્યા. ફરીથી માફી માગી.

ઘનશ્યામે તેમને કહ્યું : 'હવે ક્યારેય ચોરી કરતા નહીં. ચોરી કરવી એ મહાપાપ છે.' એમ કહી, બે પાકાં ફણસ તોડીને બંને ચોરોને એક એક ફણસ આપ્યું. આશીર્વાદ આપી બંનેને વિદાય કર્યા.

૪૦. બે સ્વરૂપે દર્શન

દિવાળીના દિવસો આવ્યા. ધર્મપિતા અને ભક્તિમાતાએ ધનતેરસના દિવસથી અન્નકૂટના ઉત્સવની તૈયારી શરૂ કરી દીધી. ઘરમાં ઠાકોરજીને ધરાવવા માટે જુદા જુદા થાળ તૈયાર કરવા લાગ્યાં. લાડુ, જલેબી, મેસૂર, મોહનથાળ, સાટા, બરફી, પેંડા વગેરે મીઠાઈઓ થાળ ભરી ભરીને બનાવી. સેવ, ચેવડો, ફાફડા, મઠિયાં, ચોળાફળી એવાં કેટલાંય ફરસાણ બનાવ્યાં.

દિવાળીને દિવસે વહેલી સવારથી ભક્તિમાતા, સુવાસિની ભાભી અને ગામની બીજી સ્ત્રીઓ ધર્મપિતાને ઘેર આવીને રસોઈ કરવા લાગી.

ભક્તિમાતાએ દૂધપાક, શિખંડ, બાસુંદી, શીરો, બિરંજ વગેરે બનાવ્યાં, સુવાસિની ભાભીએ ઢોકળાં, પાતરાં, વડાં, ભજિયાં, કચોરી વગેરે બનાવ્યાં. કોઈએ જાતજાતનાં શાક બનાવ્યાં તો કોઈએ જુદાં જુદાં કઠોળ બનાવ્યાં. કોઈએ પૂરી, રોટલી, પકોડી, ખાજાં વગેરે બનાવ્યાં, તો કોઈએ ભાત, દાળ, કઢી, ખીચડી વગેરે બનાવ્યાં. મોટાભાઈ રામપ્રતાપ વાડીમાંથી ચીકુ, દાડમ, ફણસ, દ્રાક્ષ, શેરડી, કેળાં, નારંગી, કાજુ વગેરે ફળો તોડી લાવવા ગયા.

આ બાજુ ઠાકોરજીની ઓરડીમાં ધર્મપિતા પાસે ઘનશ્યામ શણગાર કરવા લાગ્યા. ઠાકોરજીને સુંદર પોશાક પહેરાવ્યા. ચારેકોર તોરણ બાંધ્યાં. દીવા ગોઠવ્યા. એમ કરતાં અગિયાર વાગ્યા એટલે ઠાકોરજી આગળ બધા થાળ ગોઠવવા શરૂ કર્યા. બાર વાગતાં સુધીમાં તો ઠાકોરજી આગળ મીઠાઈ, ફરસાણ, શાક, કઠોળ, વિવિધ રસોઈ અને ફળો પણ ગોઠવાઈ ગયાં, પાન-બીડાં પણ ધરાવ્યાં, ચાંદીના લોટામાં પાણી ધરાવી સૌ ઠાકોરજી આગળ બેસી ગયાં. પછી સૌએ થાળ ગાયો.

ત્યારપછી ધર્મપિતાએ આરતી પ્રગટાવી આરતી કરવાની શરૂ કરી.

આખા ગામનાં લોકો ધર્મપિતાને ઘેર અન્નકૂટનાં દર્શન કરવા આરતી વખતે ભેગાં થયેલાં. ત્યાં તો ચમત્કાર ! બધાં ઘડીકમાં ધર્મપિતા આગળ જુએ, તો ઘડીકમાં ઠાકોરજી આગળ જુએ. સૌને ઠાકોરજીની બાજુમાં ઘનશ્યામ ઊભેલા દેખાય અને સાથે સાથે ધર્મપિતાની બાજુમાં જ તેમની સાથે આરતી ઉતારતા પણ ઘનશ્યામ દેખાય. બધાંને આરતી પૂરી થઈ ત્યાં સુધી ઘનશ્યામનાં બે



સ્વરૂપે દર્શન થયાં. સૌનાં આશ્ચર્યનો પાર ન રહ્યો. સૌ ઠાકોરજી અને ઘનશ્યામને પગે લાગવા લાગ્યાં.

ધર્મપિતા તો આ આશ્ચર્ય જોઈ સમજી ગયા કે ઘનશ્યામ જ સૌથી મહાન ભગવાન છે. તેમણે તરત જ એક મોટો થાળ મંગાવ્યો. તેમાં અન્નકૂટની બધી જ વાનગીઓ મૂકી ઘનશ્યામને જમવા આપી. ઘનશ્યામે નાનાભાઈ ઈચ્છારામજીને બોલાવ્યા અને બંને, ત્યાં ઠાકોરજી સામે જ જમવા લાગ્યા. બપોરે બે વાગ્યા સુધી સૌએ અન્નકૂટનાં દર્શન કર્યાં. પછી બધાં ગ્રામજનોને ઘનશ્યામે પોતાના હાથે જ અન્નકૂટની પ્રસાદી આપી.

ભગવાને જ પ્રસાદી આપી છે – એમ માની સૌ આનંદમાં હરખાતાં હરખાતાં પ્રસાદ લઈ ઘેર ગયાં.

૪૧. આંધળાને દેખતો કર્યો

અયોધ્યામાં ધર્મદેવના ઘરની પાછળ મહાદેવનું મંદિર. ત્યાં ઘનશ્યામ એક દિવસ દર્શન કરવા ગયા. દર્શન કરતા હતા ત્યારે દેવીબક્ષ નામના એક કાયસ્થને, શંકર ભગવાન પાસે પ્રાર્થના કરીને ન માગવાની વસ્તુ માગતાં સાંભળ્યો. તે સાંભળી ઘનશ્યામ ઉદાસ થઈ ગયા. તેમને ઘર છોડી તપ કરવા જવાનું મન થઈ ગયું. તેમને થયું : 'જગતમાં કેટલાય આવા અજ્ઞાની જીવો હશે. બધાને ઉપદેશ આપી, મારે તેમનું કલ્યાણ કરવું છે.' એમ વિચાર કરતાં કરતાં ઉદાસ મને ઘનશ્યામ ઘરે આવ્યા.

ધર્મપિતાએ તેમને ઉદાસ જોયા. એટલે ધર્મપિતાએ પૂછ્યું : 'ઘનશ્યામ ! તમે આજ ઉદાસ કેમ જણાઓ છો ?' ઘનશ્યામે તરત જ હસીને જવાબ આપ્યો : 'ના રે, હું કાંઈ ઉદાસ નથી.' એમ કહી વાત ઉડાવી દીધી.

બીજે દિવસે ઘનશ્યામ વિદ્યાકુંડના મંદિરે દર્શન કરવા ગયા. ત્યાં વ્રજવિહારી નામનો એક આંધળો બ્રાહ્મણ પૂજારી હતો. તેને આખું રામાયણ અને મહાભારત મોઢે. તેથી તે મંદિરમાં બેઠો બેઠો રામાયણની કથા કરતો હતો. કેટલાક ભક્તો કથા સાંભળતા હતા. કથામાં 'રામચંદ્ર ભગવાન ચૌદ વર્ષનો વનવાસ ભોગવવા ઘર છોડી જાય છે,' તે વાત આવી.

તે વાત સાંભળી ઘનશ્યામને ઘર છોડીને વનમાં તપ કરવા જવાનો વિચાર આવ્યો. તેમણે કથા બંધ રખાવીને વૈરાગ્ય સંબંધી પ્રશ્નો વ્રજવિહારી

બ્રાહ્મણને પૂછ્યા. બ્રાહ્મણે કહ્યું : 'કથામાં પ્રશ્ન પૂછો તો કથામાં ખલેલ પડે. માટે કથામાં પ્રશ્ન પૂછશો નહીં. મારે ઘેર આવીને પૂછજો. હું બધા જવાબ આપીશ.'

બ્રાહ્મણનો આવો ઉત્તર સાંભળી ઘનશ્યામ ઉદાસ થઈ મંદિરની બહાર નીકળી ગયા. ઘનશ્યામ મંદિર બહાર ઓટલા પર જઈને બેઠા.

આ જોઈ બધા ભક્તોએ બ્રાહ્મણને કહ્યું : 'તમે ઘનશ્યામ પાસે જાઓ. તેમના આશીર્વાદ લો. ઘનશ્યામ બહુ ચમત્કારિક છે. એ તો ભગવાન છે. ઘનશ્યામને ઉદાસ ન કરશો.'

વ્રજવિહારી બ્રાહ્મણને પોતાની ભૂલ સમજાઈ. પોતાના શિષ્યનો હાથ પકડીને મંદિર બહાર ઓટલા પાસે આવી ઘનશ્યામની માફી માગી. બ્રાહ્મણે ઘનશ્યામને કહ્યું : 'હે ઘનશ્યામ ! તમે તો ભગવાન છો, તમે ચમત્કારી છો. મને આંધળાને દેખતો કરો. હું ભગવાનનું ભજન કરીશ. પૂજા કરીશ. કથા વાંચ્યા કરીશ. મારો ગરીબનો ઉદ્ધાર કરો. માટે કૃપા કરીને મને આશીર્વાદ આપો અને મને દેખતો કરો.'

ઘનશ્યામને વ્રજવિહારી બ્રાહ્મણની દયા આવી. તેને માથે હાથ મૂકીને ઘનશ્યામે તેની સામે જોયું. ત્યાં તો ? ત્યાં તો તે દેખતો થઈ ગયો. તે વખતે



બ્રાહ્મણને અને ઊભેલા બીજા ભક્તોને ઘનશ્યામમાં રામચંદ્ર ભગવાનનાં દર્શન થયાં. થોડી વારે બ્રાહ્મણ ઘનશ્યામના આશીર્વાદ લઈ, પગે લાગી, રાજી થઈ, ઘનશ્યામ સામું જોતો જોતો ઘેર ગયો.

૪૨. નિત્યક્રમ

ઘનશ્યામ રોજ સવારે ચાર વાગે ઊઠી જાય. ઊઠીને પથારીમાં થોડો વખત ભગવાનનું સ્મરણ કરે. મિત્રો સાથે સરયૂ નદીમાં સ્નાન કરવા પધારે. ત્યાં શૌચક્રિયા પતાવી, દાંત સાફ કરીને, નાહી લે. નાહીને સ્વચ્છ કપડાં પહેરીને પૂજા કરે, ધ્યાન કરે.

પછી ગાયનું દૂધ પીને, ધર્મપિતા આગળ અભ્યાસ કરવા બેસી જાય. ધર્મપિતા તેમને વ્યાકરણ, ન્યાય, ધર્મશાસ્ત્ર, વેદો, ઉપનિષદો, ગીતા, સાંખ્ય, યોગ, વેદાંત વગેરે શાસ્ત્રના ગ્રંથો ભણાવે. ઘનશ્યામ ધ્યાનપૂર્વક ભણે. ધર્મપિતા ભણાવી રહે, પછી બધા ગ્રંથોનો પોતે અભ્યાસ કરે.

નવ વાગે એટલે અયોધ્યામાં દરેક મંદિરે દર્શન કરી આવે. જ્યાં રામાયણની સારી કથા થતી હોય, ત્યાં જઈને બેસે. ધ્યાનપૂર્વક કથા સાંભળે.



બાર વાગે એટલે ઘરે આવે, હાથ-પગ ધોઈને ધર્મપિતાની સાથે જમવા બેસે. પછી સ્વાધ્યાય કરે.

બપોરે ત્રણ વાગે નદીએ નાહવા જાય. મિત્રો સાથે દેવમંદિરમાં દર્શન કરતાં, સંધ્યા આરતીમાં હનુમાન ગઢીએ અચૂક પહોંચી જાય. ત્યાં મંદિરમાં સંધ્યા આરતી કરીને પછી જ ઘરે આવે.

ઘરે આવી હાથ-પગ ધોઈને ધર્મપિતા સાથે વાળુ કરવા બેસે. વાળુ કરીને ધર્મપિતા પાસે જઈને બેસે. ધર્મપિતા તેમને રામાયણ, મહાભારત, પુરાણો વગેરેમાંથી કથાપ્રસંગો કહે તે ધ્યાનપૂર્વક સાંભળે. પછી સૂઈ જાય.

આ હતો તેમનો નિત્યક્રમ.

૪૩. કાશીમાં વિશિષ્ટાદ્વૈત મતનું સ્થાપન

ઘનશ્યામને અગિયારમું વર્ષ બેઠું. એ અરસામાં ચંદ્રગ્રહણ આવ્યું. તેથી ધર્મદેવે કાશીમાં ગંગાસ્નાન કરવા જવા વિચાર્યું. અન્ય સંબંધીઓને તેડાવીને ધર્મપિતા કાશી પહોંચ્યા. ધર્મદેવની એક વિદ્વાન તરીકેની પ્રતિષ્ઠા ખૂબ પ્રસરી હતી. કાશીના વિદ્વાનોએ જ્યારે જાણ્યું કે ધર્મદેવ પધાર્યા છે તેથી સૌ તેમને મળવા ગંગાકાંઠે આવેલા ગોમઠમાં આવવા લાગ્યા. ધર્મપિતાની સાથે હંમેશાં ઘનશ્યામ હોય. તેમને જોતાં જ વિદ્વાનો વિચારમાં પડી ગયા કે ધર્મદેવને ઘરે સાક્ષાત્ બૃહસ્પતિ પધાર્યા છે કે શું !

ગોમઠમાં આવતા વિદ્વાનોએ ધર્મદેવની મધ્યસ્થીએ એક ધર્મસભા ને ચર્ચા યોજવાનું નક્કી કર્યું. ધર્મદેવે સંમતિ આપી. આ સભામાં જુદા જુદા અનેક સંપ્રદાય ને મતના પંડિતો આવ્યા હતા.

અદ્વૈતવાદી પંડિતોએ ચર્ચાની શરૂઆત કરતાં કહ્યું : ‘બધું જ બ્રહ્મ છે. બ્રહ્મ જ સત્ય છે. તે સિવાય બધું જ મિથ્યા છે.’

દ્વૈતવાદી પંડિતો કહે : ‘ના, બ્રહ્મ, જીવ અને જગત એમ બધું સાચું છે.’

આ વિવાદનો કોઈ અંત આવે તેમ નહોતો. બધાને લાગ્યું કે ઘનશ્યામ જેવા ચમત્કારિક બાળક કયા મતનું પ્રતિપાદન કરે છે તે જાણીએ. તેમનાં વચનો પ્રમાણભૂત ગણાય. બધાની વિનંતીથી અને ધર્મપિતાની આજ્ઞાથી ઘનશ્યામે ચર્ચાનો દોર હાથમાં લીધો. અને વેદની શ્રુતિઓના ગહન અર્થોને એવી સુંદર છટાથી સમજાવ્યા કે વિદ્વાનો દંગ થઈ ગયા. ગંગાના અસ્ખલિત



પ્રવાહની જેમ બાળપ્રભુએ શાસ્ત્રોનાં પ્રમાણોથી વિશિષ્ટાદ્વૈત મતનું એટલું સુંદર પ્રતિપાદન કર્યું કે સૌ આશ્ચર્યમુગ્ધ થઈ ગયા.

ઘનશ્યામ તો હજુય આગળ બોલતા જ હતા, પરંતુ તેમના સ્વરૂપમાંથી પ્રકટ થતા પ્રકાશને લઈને ત્યાં બેઠેલા સર્વને સમાધિ થઈ ગઈ. દરેકને ઘનશ્યામના સ્વરૂપમાં પોતપોતાના ઇષ્ટદેવનાં દર્શન થયાં. કોઈને શંકરાચાર્ય રૂપે, કોઈને સદાશિવ રૂપે, કોઈને રામચંદ્રજી રૂપે દર્શન થયાં તો વળી કોઈને શ્રીકૃષ્ણની મધુરી મોરલીનો નાદ ઘનશ્યામની વાણીમાં સંભળાયો. એ જ સમાધિની આ અવસ્થામાં જ સૌ ઘનશ્યામનું પૂજા-અર્ચન કરવા લાગ્યા.

આ જોઈ ધર્મદેવને ખૂબ જ આશ્ચર્ય થયું.

અંતે ઘનશ્યામે બધાને સમાધિમાંથી જાગ્રત કર્યા ત્યારે સૌ વિદ્વાનોએ તેમની ગદ્‌ગદ કંઠે સ્તુતિ કરી. ઘનશ્યામને સૌએ દંડવત્ પ્રણામ કર્યા.

ધર્મદેવનું આજે ગૌરવ વધ્યું. વિદ્વાનોએ એમના ભાગ્યની ખૂબ પ્રશંસા કરી. ઘનશ્યામનો દિગ્વિજય થયો. ધર્મદેવના આનંદનો પણ પાર ન રહ્યો.

૪૪. ભક્તિમાતા અને ધર્મપિતાનો દેહોત્સર્ગ

હવે ઘનશ્યામ અગિયાર વર્ષના થયા. ભક્તિમાતા અને ધર્મપિતા ઘણાં વૃદ્ધ થયાં છે. થોડા દિવસ પછી ભક્તિમાતાને તાવ આવવો શરૂ થયો. દિવસે દિવસે શરીર નબળું થતું ગયું. ભક્તિમાતા તાવ અને નબળાઈને લીધે પથારીમાં સૂએ છે.

તેમણે એક દિવસ સાંજે ત્રણે પુત્રોને પાસે બોલાવ્યા અને કહ્યું : ‘મને રોગ વધતો જાય છે. આખા શરીરમાં પીડા થાય છે. હવે હું વધારે વખત જીવીશ નહીં. રામપ્રતાપ તથા સુવાસિની, તમે ઘનશ્યામ અને ઇચ્છારામને સાચવજો. ઘનશ્યામ અને ઇચ્છારામ, તમે મોટાભાઈ અને સુવાસિની ભાભીની આજ્ઞામાં રહેજો, સંપથી રહેજો.’

ધર્મપિતા તથા રામપ્રતાપભાઈએ પત્ર લખી બધાં સગાંવહાલાંને બોલાવ્યાં. ભક્તિમાતાનો અંતકાળ નજીક આવ્યો હતો. તે વખતે ઘનશ્યામે ભક્તિમાતાને સુંદર ઉપદેશ કર્યો અને ચતુર્ભુજ નારાયણરૂપે દર્શન આપ્યાં. ભક્તિમાતા ઘનશ્યામની મૂર્તિના ધ્યાનમાં લીન થઈ ગયાં. થોડી વાર પછી ભક્તિમાતા અક્ષરધામમાં પધાર્યાં.

ત્રણે ભાઈઓ તથા ધર્મપિતા, સૌ સગાંવહાલાં અને ગ્રામજનોએ ભક્તિમાતાની અંતિમ ક્રિયા કરી. સૌએ તેમનાં જેવાં ભક્તિવાન થવાનો નિશ્ચય કર્યો.

ત્યારબાદ છ માસ પછી ધર્મપિતા માંદા પડ્યા. વૃદ્ધાવસ્થા એટલે થાક બહુ લાગે. નબળાઈને લીધે પથારીમાંથી ઉઠાય પણ નહીં. તેમણે ગરીબો અને બ્રાહ્મણોને દાન-દક્ષિણા આપવાનું શરૂ કર્યું. પુત્રને પોતાની પાસે બેસાડીને ભાગવતની કથા વંચાવે.

એક દિવસ કથા પૂરી થઈ એટલે તેમણે ત્રણેય દીકરાઓને પાસે બોલાવ્યા. ધર્મપિતાએ રામપ્રતાપભાઈને કહ્યું : 'જુઓ રામપ્રતાપ ! ઘનશ્યામ તો ભગવાન છે. વળી, ઉદાસી મનવાળા છે. માટે તેમને હંમેશાં લાડથી રાખજો. ક્યારેય કડવું વેણ કહેતા નહીં. મારી માફક જ ઘનશ્યામ અને ઈચ્છારામની સંભાળ લેજો અને તમે બંને નાના ભાઈઓ, મોટા રામપ્રતાપની આજ્ઞામાં રહેજો. આટલું મારું વચન હંમેશાં પાળજો.'

ધર્મપિતા શિખામણ આપી રહ્યા પછી ઘનશ્યામે પોતાના શરીરમાંથી તેજ કાઢ્યું. તે તેજમાં ધર્મપિતાને બ્રહ્મા, વિષ્ણુ, શંકર, રામ તથા કૃષ્ણ વગેરે ભગવાનના ચોવીસ અવતારનાં દર્શન થયાં. ધર્મપિતાનું મન ઘનશ્યામમાં ચોંટી ગયું. ધર્મપિતાએ પથારીમાં પડ્યાં પડ્યાં ઘનશ્યામને હાથ જોડી પ્રાર્થના કરી. થોડી વારમાં ધર્મપિતા પણ ધામમાં પધાર્યા.

સૌના શોકનો પાર ન રહ્યો. સૌએ ધર્મપિતાને ગંગાજળથી સ્નાન કરાવી વિધિપૂર્વક અંતિમ ક્રિયા કરી. ગરીબોને તથા બ્રાહ્મણોને દાન દીધાં. બધાએ ધર્મપિતા જેવા ધર્મવાન અને સદ્‌ગુણી થવાય તેવી પ્રભુને પ્રાર્થના કરી.

૪૫. ઘનશ્યામનો ગૃહત્યાગ

ભક્તિમાતા અને ધર્મપિતાના ધામમાં ગયા પછી ઘનશ્યામે ઘરનો ત્યાગ કરી તપ કરવા વનમાં જવાનો વિચાર કર્યો. તેઓ ઘરેથી નીકળવાનો લાગ જોતા હતા.

તેવામાં એક દિવસ સવારે ઘનશ્યામ સંસારથી ખૂબ ઉદાસ થઈ ગયા. નાહી-ધોઈને અયોધ્યાનાં બધાં મંદિરોમાં દર્શન કરી આવ્યા. દર્શન કરીને પાછા આવતા હતા, ત્યારે વચ્ચે ઉપવનમાં કેટલાય મલ્લો કુસ્તીદાવ રમતા હતા.



મલ્લોએ ઘનશ્યામને આવતા જોઈ ચારેબાજુથી ઘેરી લીધા અને આગળ જવા દીધા નહીં.

આથી, ઘનશ્યામે પોતાનું શરીર મલ્લ જેવું મોટું અને બળવાન બનાવી દીધું. તેઓ મલ્લો સાથે કુસ્તીમાં ઊતરી પડ્યા. એક એક મલ્લને હવામાં અધ્ધર ગોળ ગોળ ફેરવીને પછાડ્યા. સૌનાં હાડકાં ખોખરાં કરી નાખ્યાં. કોઈ ઊભા થઈ શક્યા નહીં. સત્તાવીશે સત્તાવીશ મલ્લ રોવા લાગ્યા.


આથી, મલ્લોનાં માતા-પિતા અને સંબંધીઓ ઘનશ્યામના મોટાભાઈને ફરિયાદ કરવા ગયાં. તેમણે રામપ્રતાપભાઈને કહ્યું : ‘અમારા પુત્રોને વગર વાંકે તમારા ઘનશ્યામે માર્યા છે.’

આ સાંભળી રામપ્રતાપભાઈને થયું કે ઘનશ્યામને ઠપકો આપવો જોઈએ. આવી ફરિયાદો તેમને માટે રોજ આવશે તો ગામમાં આપણું ખોટું દેખાશે. વળી, માતા-પિતા નથી એટલે ઘનશ્યામ તોફાન કરે એ ન ચાલે. એમ વિચારી રામપ્રતાપભાઈએ ઘનશ્યામને ઠપકો આપ્યો. ઘનશ્યામે બધું મૂંગે મોઢે સાંભળી લીધું અને છેલ્લે કહ્યું : ‘મોટાભાઈ ! આજ પછી મારી કોઈ ફરિયાદ નહીં આવે.’

બસ, આ જ સમયે ઘનશ્યામે ગૃહત્યાગ કરવાનો દૃઢ સંકલ્પ કરી લીધો. સાંજે મોટાભાઈ અને ભાભી સાથે શાંતિથી વાળુ કરી સૂઈ ગયા.

બીજે દિવસે વહેલી સવારે સાડા ત્રણ વાગે ઘનશ્યામ ઊઠી ગયા. હળવેકથી સાથે લેવાનો સામાન લઈને જ્યારે સૌ ઘરમાં સૂતાં હતાં ત્યારે ઘર છોડીને ચાલી નીકળ્યા. સ્નાન કરવાને બહાને સરયૂ નદી તરફ ચાલવા લાગ્યા.

તે વખતે ઘનશ્યામે કેડ ઉપર મુંજની મેખલા બાંધી હતી. શરીર પર ફક્ત એક નાનું વસ્ત્ર, કૌપીન પહેરી હતી. પીઠ ઉપર મૃગચર્મ ઓઢ્યું હતું. એક હાથમાં માળા હતી. બીજા હાથમાં પલાશનો દંડ હતો. તેને છેડે બધાં શાસ્ત્રોના સારરૂપી ગુટકો કપડામાં બાંધી લટકાવેલો તથા કમંડળ, ભિક્ષાપાત્ર અને પાણી ગાળવાનું વસ્ત્ર સાથે હતાં. ગળામાં તુલસીની બેવડી કંઠી હતી. ખભે જનોઈ હતી, શાલિગ્રામ અને બાલમુકુંદનો બટવો પણ સાથે લીધેલો અને કપાળમાં તિલકચાંદલો, માથે જટા બાંધી હતી અને ઉઘાડે પગે ચાલતા હતા. ઘનશ્યામ તો સરયૂને પેલે પાર હિમાલયમાં તપ કરવા ચાલી નીકળ્યા.



૪૬. સરયૂને તીરે

ઘનશ્યામ છાનામાના વર્ણીનો વેશ લઈને, ઘરનો ત્યાગ કરીને, સરયૂ નદી તરફ નીકળી પડ્યા. વારંવાર પાછું વળીને જુએ; રખે મોટાભાઈ પાછળથી આવીને ઘરે લઈ જશે તો ? હવે તો ઘરે પાછા જવું જ નથી. ખૂબ તપ કરવું છે, અનેક લોકોનો ઉદ્ધાર કરવો છે – એવું વિચારતાં ઉતાવળે પગલે સરયૂને કાંઠે આવી ઊભા રહ્યા.

તે દિવસ સંવત ૧૮૪૯ના અષાઢ સુદ દશમનો હતો. વહેલી સવારનો સમય હતો. ઝરમર ઝરમર વરસાદ પડતો હતો. સરયૂ નદીમાં પૂર આવ્યું હતું. નદી બેય પટે ઊભરાતી હતી. ઘનશ્યામ સરયૂના પૂર પાર ઊતરવા તેમાં ઝંપલાવવા નિરધાર કરીને સરયૂને તીરે ઊભા હતા.

તેવામાં કાલિય નામના એક અસુરના સરદારે, કૌશિક નામના રાક્ષસને ઘનશ્યામને મારી નાખવા મોકલ્યો. કૌશિક રાક્ષસ બિલ્લી પગલે પાછળથી આવ્યો... અને... એક જ ધક્કે નાનકડા ઘનશ્યામને સરયૂ નદીના પૂરમાં ફગાવી દીધા. નદીના પૂરમાં ઘનશ્યામ જાય તણાયા. ઘડી વારમાં તો ઘનશ્યામ દેખાતા બંધ થઈ ગયા.

કૌશિક રાક્ષસ ખુશ થયો. પોતાના સરદાર કાલિયને ખબર આપવા ગયો.

૪૭. ભાભીનો વિલાપ

અહીં ઘરે, મોટાભાઈ રામપ્રતાપ અને સુવાસિની ભાભી ઊઠ્યાં ત્યારે જોયું તો ઘનશ્યામ પથારીમાં મળે નહીં. તેમને થયું કે રોજના કરતાં કદાચ આજે ઘનશ્યામ વહેલા નાહવા ગયા લાગે છે. હમણાં નદીએથી નાહીને આવશે. મોટાભાઈ નાહીને ખેતરે ગયા. ભાભીએ ઘનશ્યામ માટે નાસ્તો બનાવી રસોઈનું કામકાજ શરૂ કર્યું. સવારના કામમાં કોઈને ઘનશ્યામ યાદ આવ્યા નહીં.

‘બપોર થઈ પણ હજી ઘનશ્યામ પાછા કેમ નહીં આવ્યા હોય ?’ ભાભી ક્યારનાં રાહ જુએ છે કે ઘનશ્યામ આવે એટલે સાથે જમીએ. પણ ઘનશ્યામ ઘરે પાછા નથી આવ્યા.

ભાભીને ચિંતા થવા લાગી. તેમણે ઘનશ્યામના બાળમિત્રોને બોલાવીને

પૂછવા માંડ્યું : 'ઘનશ્યામ ક્યાં છે ? તમે એમને જોયા છે ? કેમ હજી ઘેર નથી આવ્યા ? તમને ખબર છે, ક્યાં ગયા છે ?'

પણ બધા બાળમિત્રો કહે : 'અમને ખબર નથી. અમે આજે સવારે નાહવા ગયા ત્યારે નદી કિનારે નહોતા. અમારી સાથે નાહવા નથી આવ્યા.'

આથી, ભાભીને વધારે ચિંતા પેઠી. ભાભી પોતે બધાં સગાંવહાલાંને ઘરે તપાસ કરવા ગયાં. લક્ષ્મીબાઈ, ચંદનમાસી બધાંના ઘરે તપાસ કરી, પણ ઘનશ્યામનો પત્તો જ નહીં.

એવામાં સાંજ થવા આવી. તેમણે ખેતરે માણસ મોકલી રામપ્રતાપભાઈને ઘેર બોલાવી બધી વાત કરી. રામપ્રતાપભાઈ પણ દિલગીર થઈ ગયા. તેમને પણ ચિંતા થવા લાગી. અયોધ્યામાં જે જે મંદિરમાં ઘનશ્યામ દર્શને જતા હતા તે બધાં જ મંદિરમાં તપાસ કરી આવ્યા, પણ ઘનશ્યામ મળે જ નહીં. સરયૂને કાંઠે તપાસ કરી. જાંબુના વનમાં તપાસ કરી. છપૈયાને પાદર તપાસ કરી. વેણી, માધવ અને પ્રાગનાં ખેતરોમાં તપાસ કરી. ઘનશ્યામ જ્યાં જ્યાં રમતા એ બધે સ્થળે તપાસ કરી પણ ઘનશ્યામ ક્યાંય મળ્યા નહીં.

નાનાભાઈ ઇચ્છારામ ઘડીએ ઘડીએ ભાભીને પૂછે છે : 'ભાભી ! ઘનશ્યામ ભૈયા ક્યાં ? મને ઘરમાં ગમતું નથી. ઘનશ્યામને બોલાવો ને.'

ભાભી ચોધાર આંસુએ રડે છે. તેમને કાંઈ કરવું ગમતું નથી. ઘનશ્યામ જ યાદ આવે છે. ઘનશ્યામના બાળમિત્રોને પણ ઘનશ્યામ વગર ગમતું નથી. બધા જ 'ઘનશ્યામ ક્યાં ? ઘનશ્યામ ક્યાં ?' કરે છે. કોઈને ચેન પડતું નથી. બધા બાળમિત્રો થોડી થોડી વારે આવીને પૂછે છે : 'ઘનશ્યામ મળ્યા ? અમનેય નથી મળ્યા. અમે બધે જઈ આવ્યા, બધી શેરીઓમાં ઘૂમી વળ્યા, બધે ચૌટે જઈ આવ્યા, ચોરે તપાસ કરી આવ્યા પણ ક્યાંય ઘનશ્યામ મળતા જ નથી. ક્યાં ગયા હશે ? શું થયું હશે ? કેમ નથી આવ્યા ?'

હવે તો મોટાભાઈ રામપ્રતાપની પણ ધીરજ રહેતી નથી. તેમને પણ આંખમાં પાણી આવતાં જાય છે. બધાં સગાંવહાલાં ઘનશ્યામને શોધવા લાગ્યાં છે. બધી શેરીઓ અને બજાર ઘૂમી વળ્યાં. બધે ઘરે તપાસ કરી પણ ઘનશ્યામ ન મળે. અંધારું થવા લાગ્યું હતું. સૌ સગાંવહાલાં ફાનસ હાથમાં લઈને ગામબહાર, સીમમાં, ખેતરોમાં નદીકિનારે, જંગલમાં, એમ બધે સ્થળે શોધવા નીકળી પડ્યાં.

અહીં ભાભીના રુદનનો પાર નથી. ઇચ્છારામજી પણ ઘનશ્યામને યાદ કરીને રડે છે. બધા બાળમિત્રો રડે છે. ઘનશ્યામ સૌના લાડકા. તેથી ગામની બધી સ્ત્રીઓ, બધા પુરુષો રડે છે. ભાભીને થયું : 'કદાચ જંગલમાં વાઘ, વરુએ ફાડી ખાધા હશે તો ! કદાચ સર્પ કરડી ગયો હશે તો ! કદાચ નદીમાં મગર ઘનશ્યામને ગળી ગયો હશે તો !' આવા આવા વિચારો કરે અને ભાભી છાતીફાટ રડે.

વળી, વિચાર કરે : 'મોટાભાઈ ગઈ કાલે વઢ્યા એટલે કદાચ ઘર છોડીને, સાધુ બનીને તપ કરવા ચાલી ગયા હશે. પણ મોજડી અને કપડાં તો અહીં પડ્યાં છે. ઉઘાડે પગે કેવી રીતે ચાલશે ? વરસાદમાં કેવી રીતે સાજા રહેશે ? ઉઘાડે શરીરે ટાઢ, તડકો કેમ સહન કરશે ? જંગલમાં કોણ રસોઈ કરીને જમાડશે ? રોજ દૂધ, દહીં, મીઠાઈ ખાનારા ઘનશ્યામને જંગલનાં જંગલી ફળફૂલ કેવી રીતે ભાવશે ? જંગલી પ્રાણીઓ તેમને ફાડી જ ખાશે !' આવા વિચાર કરે અને ફરીથી ભાભીને વધુ રડવું આવે.

હવે તો બધે તપાસ કરી. થાકીને રાત્રે બાર વાગે રામપ્રતાપ ઘરે આવ્યા. ઘનશ્યામ મળ્યા નહીં. તેમનાથી ન રહેવાયું. તેઓ પણ છાતીફાટ રોઈ પડ્યા. રામપ્રતાપભાઈ અને સુવાસિની ભાભી બંનેને કાંઈ ચેન પડતું નથી. રોતાં જાય



અને બોલતાં જાય : 'હે ભગવાન ! અમારા ઘનશ્યામને શોધી આપો. હવે અમારું હૈયું હાથમાં નથી રહેતું. હે ભગવાન ! જોઈએ તો અમારા પ્રાણ લઈ લો, પણ અમારા પ્રાણથી પણ પ્યારા ઘનશ્યામને શોધી, પાછા આપો. હે ભગવાન ! અમને ઘનશ્યામ પાછા મેળવી આપો. લોકો કહેશે : ભાઈ-ભાભીએ ઘનશ્યામને કાઢી મૂક્યા. કોઈ કહેશે : ભાઈ-ભાભી ઘનશ્યામને હેરાન કરતાં હશે તેથી ઘનશ્યામ ચાલ્યા ગયા. અમે સૌ ઘનશ્યામ કહેશે તેમ કરીશું પણ અમારા... ઘનશ્યામ...' એમ બોલતાં જાય અને રોતાં જાય.

એમ કરતાં કરતાં સવાર થયું. રામપ્રતાપભાઈએ ઘોડાઓ ઉપર ચારે દિશામાં તપાસ કરવા માણસો મોકલ્યા. મોટાભાઈ ખેતરે જતા નથી. કોઈ જમતું નથી, કોઈને ખાવાનું ભાવતું નથી, નાનાભાઈ ઇચ્છારામ આખો દિવસ ઘનશ્યામને યાદ કરીને રડે છે.

એમ કરતાં બે, પાંચ, દસ દિવસ થયા. ઘનશ્યામનો પત્તો નથી લાગતો. સૌ હતાશ થઈ ગયાં છે. નાનાભાઈ ઇચ્છારામ અને ભાભી તો ઘણી વાર ઊંઘમાંથી પણ 'ઘનશ્યામ, ઘનશ્યામ' કરતાં જાગી જાય છે.

આખું અયોધ્યાનગર સૂનું સૂનું થઈ ગયું છે.

❧ ❧ ❧